અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

14 JANUARY-2026 WEDNESDAY | Vol. : 17 | Issue : 194 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  બાંગ્લાદેશમાં વધુ એક હિંદુની હત્યા: 28 વર્ષના ઓટો-ડ્રાઈવરને ઘરે પરત ફરતી વખતે ચાકુ માર્યું, 23 દિવસમાં ....

4  કલરથી તો ખાલી કપડાં જ બગડે છે પણ જો કોઈ વ્યક્તિ કલર બદલે ને તો ભરોસો અને લાગણી બંને બગડે છે.

6  આયુષમાન-શવરીની રોમાન્ટિક ફિલ્મમાં સૌમ્યા ટંડનની એન્ટ્રી

7  સેન્સેક્સ 250 પોઈન્ટ ઘટીને 83,628 પર બંધ થયો: નિફ્ટીમાં પણ 58 પોઈન્ટનો ઘટાડો રહ્યો, ફાર્મા અને ....


## રખડતા શ્વાનોના આતંક હવે નહીં ચાલે

# સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારો અને શ્વાન પ્રેમીઓને લીધા આડેહાથ

### જો શ્વાન કરડવાથી કોઈનું મોત થશે અથવા કોઈ ઈજાગ્રસ્ત થશે, તો તેની સંપૂર્ણ જવાબદારી રાજ્ય સરકારની રહેશે અને સરકારે ભારે વળતર ચૂકવવું પડશે

**નવી દિલ્હી, તા.13**

રખડતાં કૂતરાની સમસ્યા માટે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. આજે સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે ડોગ લવર્સ તથા તંત્રની ઝાટકણી કાઢી હતી. કોર્ટે કહ્યું કે, કૂતરાઓમાં ખાસ પ્રકારનો વાઈરસ હોય છે જેનું કોઈ નિદાન નથી. કૂતરા 9 વર્ષના બાળક પર હુમલો કરે તો જવાબદાર કોણ? સરકાર કશું નથી કરી રહી. કૂતરા જેટલી વખત કરડશે અથવા તેનાથી કોઈનું મોત થશે તો અમે સરકારને વળતર આપવાનો આદેશ આપીશું.

આ અંગે સુપ્રીમ કોર્ટે કહ્યું કે, રણથંભૌર નેશનલ પાર્કમાં કૂતરાઓ દ્વારા બચકા ભરી લેવાતા વાઘ પણ ગંભીર બીમારીથી પીડાતા હતા. જ્યારે કૂતરા 9 વર્ષના બાળક પર હુમલો કરે છે તો તેના માટે કોણ જવાબદાર? તે સંગઠન જે તેમને ખાવાનું આપે છે કે પછી અમે આ મામલે આંખો બંધ કરી લઈએ. રખડતાં કૂતરાને ખોરાક આપનારા ડોગ લવર્સ કૂતરા પોતાના ઘરે લઈ જાય.

જસ્ટિસ વિક્રમ નાથ, જસ્ટિસ સંદીપ મેહતા અને જસ્ટિસ એન વી અંજારિયાની બેન્ચે આગળ કહ્યું કે, તે લોકો પર જવાબદારી નિશ્ચિત થવી જોઈએ જે કહે છે કે અમે કૂતરાઓને ભોજન કરાવીએ છીએ. સરકાર કંઈ પણ નથી કરી રહી. અમે હવે રાજ્ય સરકારો પર ન માત્ર જવાબદારી પરંતુ પીડિતને ચોક્કસ વળતર મળે તેવો આદેશ આપીશું. એવો આદેશ આપીશું કે દરેક ડોગ બાઈટ પર સરકારે ભારે વળતર આપવું પડે.

સીનિયર ઍડવોકેટ અરવિંદ દાતાર (એક સંગઠન વતી): સુપ્રીમ કોર્ટનો 7 નવેમ્બરનો આદેશ સંપૂર્ણપણે યોગ્ય છે. શૈક્ષણિક સંસ્થાઓ, હૉસ્પિટલો, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, બસ ડેપો અથવા રેલવે સ્ટેશનના પરિસરમાં એક પણ



રખડતો કૂતરો હોવો જોઈએ નહીં.

ઍડ્વૉકેટ દાતાર: કોર્ટે વન્યજીવ વિસ્તારોમાં રખડતાં કૂતરાઓના મુદ્દા પર પણ વિચાર કરવો જોઈએ. લદ્દાખમાં 55,000 રખડતાં કૂતરાઓ ખુલ્લેઆમ ફરી રહ્યા છે. ત્યાં વન્યજીવોની 9 પ્રજાતિઓ લુપ્ત થવાને આરે છે, જેમને આ કૂતરાઓથી ખતરો છે. વન્યજીવ સંરક્ષણ જૂથો વતી અમે આ અંગે રિટ પિટિશન દાખલ કરી છે. ઍડ્વૉકેટ દાતાર: મુખ્ય વિવાદ એ છે કે શું પકડાયેલા રખડતાં કૂતરાઓને ફરીથી તે જ વિસ્તારમાં છોડી દેવા જોઈએ? મદ્રાસ હાઈકોર્ટે ઠેરવ્યું છે કે જનતાને રસ્તા પર અવરજવર કરવાનો મૌલિક અધિકાર છે. તે સિવાય રસ્તા પર કંઈ પણ હોય તેને અતિક્રમણ (Encroachment) કહેવાશે. જ્યાં સુધી જાહેર સંસ્થાઓની વાત છે, ત્યાં માણસો માત્ર કામકાજ માટે આવે-જાય છે, રહી શકતા નથી. જ્યારે માણસો ત્યાં રહી શકતા નથી, તો પ્રાણીઓ પણ રહી શકે નહીં.

જસ્ટિસ મહેતા: ધારો કે એક RWA (રેસિડેન્ટ વેલ્ફેર ઍસોસિએશન) છે. ત્યાં 95% લોકો કૂતરાઓની હાજરી ઈચ્છતા નથી, તો શું માત્ર 5% લોકોની ઈચ્છાને પ્રાધાન્ય આપવું જોઈએ? કોનું પલ્લું ભારે રહેશે? ઍડ્વૉકેટ દાતાર: આ બહુમતીનો સવાલ નથી. ભલે 99 લોકો કહે કે કૂતરા હોવા જોઈએ, તો પણ જો 1 વ્યક્તિને તેનાથી અડચણ હોય તો તે વાંધો ઉઠાવી શકે છે. કૂતરાઓના ત્રાસને કારણે રસ્તાઓ પર આપણે સૂર્યોદય પહેલા નીકળી શકતા નથી! હૉસ્પિટલ કે રેલવે સ્ટેશનના કેમ્પસને ખુલ્લી જગ્યા માનીને ત્યાં કૂતરાઓની હાજરીને મંજૂરી આપી શકાય નહીં. લોકો તે સંસ્થાઓમાં કોઈ ખાસ હેતુ કે મુલાકાત માટે જાય છે.

ઍડ્વૉકેટ દાતાર: કૃપા કરીને 7 નવેમ્બર, 2025ના આદેશને ઍરપોર્ટ પર પણ લાગુ કરો. ઍરપોર્ટ ઑથોરિટી જણાવે છે કે અમારી ફરિયાદ છતાં તેઓ લાચાર છે, કારણ કે એવી ધારણા છે કે કૂતરાઓને પકડ્યા બાદ ફરી ત્યાં જ છોડવા પડશે.

જસ્ટિસ મહેતા: ગુજરાત હાઈકોર્ટની ઘટના પછી હવે અમારી પાસે અદાલતોમાં પણ કૂતરાઓના હુમલાના કિસ્સાઓ આવી રહ્યા છે. સૌથી દુર્ભાગ્યપૂર્ણ બાબત એ છે કે જ્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ કૂતરાઓને પકડવા ગયા, ત્યારે વકીલોએ જ તેમના પર હુમલો કરી દીધો!

## ચીને જમ્મુ-કાશ્મીરની શક્સગામ ઘાટીને પોતાની ગણાવી:કહ્યું- પાકિસ્તાન સુધી રસ્તો પોતાના વિસ્તારમાં બનાવી રહ્યા છે, ભારતે તેને ગેરકાયદેસર કબજો ગણાવ્યો હતો

**બીજિંગ, તા.13**

ચીને જમ્મુ-કાશ્મીરના શક્સગામ ઘાટી વિસ્તારને પોતાનો ગણાવ્યો છે. ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોર (CPEC) દ્વારા પાકિસ્તાન સુધી રસ્તો બનાવી રહ્યું છે, જે આ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યો છે. ભારતને આ અંગે સખત વાંધો છે. ભારત આ વિસ્તારમાં કોઈપણ વિદેશી ગેરકાયદેસર નિર્માણની વિરુદ્ધ રહ્યું છે. ભારતે 9 જાન્યુઆરીએ પણ આ વિસ્તારમાં ચીનના નિયંત્રણને ગેરકાયદેસર કબજો ગણાવ્યો હતો.

ગ્લોબલ ટાઈમ્સ અનુસાર, ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે સોમવારે જણાવ્યું હતું કે જે વિસ્તારને લઈને સવાલો ઉઠી રહ્યા છે, તે ચીનનો જ ભાગ છે. પોતાના વિસ્તારમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવું એ ચીનનો અધિકાર છે અને તેના પર કોઈ સવાલ ઉઠાવી શકાય નહીં. પાકિસ્તાને 1948માં શક્સગામ ઘાટી પર ગેરકાયદેસર કબજો કરી લીધો હતો અને 1963માં આ વિસ્તાર ચીનને સોંપી દીધો હતો. માઓ નિંગે જણાવ્યું કે ચીન અને પાકિસ્તાને 1960ના દાયકામાં સીમા કરાર કર્યો હતો અને બંને દેશો વચ્ચે સીમા નક્કી કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે આ નિર્ણય બે સાર્વભૌમ દેશોએ પોતાના અધિકારો હેઠળ કર્યો હતો.

CPEC અંગે માઓ નિંગે કહ્યું કે આ એક આર્થિક સહયોગ પરિયોજના છે, જેનો ઉદ્દેશ્ય સ્થાનિક આર્થિક અને સામાજિક વિકાસને પ્રોત્સાહન આપવું અને



લોકોના જીવનને બહેતર બનાવવાનો છે. તેમણે સ્પષ્ટ કહ્યું કે ચીન-પાક સીમા કરાર અને CPECનો કાશ્મીર મુદ્દે ચીનના વલણ સાથે કોઈ સંબંધ નથી અને આ મામલે ચીનની સ્થિતિ પહેલા જેવી જ છે. કાશ્મીર મુદ્દે ચીનનું સત્તાવાર વલણ એ છે કે કાશ્મીર ઈતિહાસ સાથે જોડાયેલો એક જટિલ મુદ્દો છે, જેને ભારત અને પાકિસ્તાને સીધા પરસ્પર વાતચીત અને શાંતિપૂર્ણ રીતે ઉકેલવો જોઈએ. ચીન એ પણ કહેતું રહ્યું છે કે તે સંયુક્ત રાષ્ટ્રના પ્રસ્તાવો અને આંતરરાષ્ટ્રીય કરારોનું સન્માન કરે છે. વિદેશ મંત્રાલયની 9 જાન્યુઆરીએ યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલને પૂછવામાં આવ્યું હતું કે CPEC હેઠળ ચીન PoKની શક્સગામ ઘાટીમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરી રહ્યું છે. આ અંગે તમારું શું કહેવું છે? આ અંગે રણધીર જયસ્વાલે કહ્યું કે શક્સગામ ઘાટી ભારતનો વિસ્તાર છે. અમે 1963માં થયેલા કહેવાતા ચીન-પાકિસ્તાન સીમા કરારને ક્યારેય માન્યતા આપી નથી. અમે તે કરારને ગેરકાયદેસર માનીએ છીએ. તેમણે આગળ કહ્યું- ચાઈના-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની મહત્વાકાંક્ષી યોજના છે. તેની શરૂઆત 2013 માં કરવામાં આવી હતી. તેમાં ચીનના શિનજિયાંગ પ્રાંતથી પાકિસ્તાનના ગ્વાદર પોર્ટ સુધી 60 બિલિયન ડોલર (લગભગ 5 લાખ કરોડ રૂપિયા)ના ખર્ચે આર્થિક કોરિડોર બનાવવામાં આવી રહ્યો છે.

આનાથી ચીનને અરબી સમુદ્ર સુધી પહોંચ મળશે. CPEC હેઠળ ચીન રોડ, બંદર, રેલવે અને ઊર્જા પ્રોજેક્ટ્સ પર કામ કરી રહ્યું છે.

60 બિલિયન ડોલરના ખર્ચે બનતો CPEC પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં આવેલા ગ્વાદર પોર્ટ અને ચીનના શિનજિયાંગને જોડશે. CPEC પાકિસ્તાન અધિકૃત કાશ્મીરના ગિલગિટ-બાલ્ટિસ્તાન વિસ્તારમાંથી પણ પસાર થાય છે, જેના પર ભારતનો દાવો છે. ભારતનું માનવું છે કે CPEC દ્વારા ચીન વિસ્તરણવાદીનીતિ પર ચાલી રહ્યું છે અને ભારતને ઘેરવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ કોરિડોરથી ચીન સુધી ક્રૂડ ઓઈલની પહોંચ સરળ બનશે. ચીન દ્વારા આયાત થતું 80% ક્રૂડ ઓઈલ મલક્કાની ખાડીમાંથી શાંઘાઈ પહોંચે છે. હાલમાં લગભગ 16 હજાર કિમીનો રસ્તો છે, પરંતુ CPECથી આ અંતર 5 હજાર કિમી ઘટી જશે. ઈકોનોમિક કોરિડોર દ્વારા ચીન અરબી સમુદ્ર અને હિંદ મહાસાગરમાં પોતાની પકડ મજબૂત કરવા માગે છે.

## ભાજપ-ચીન વચ્ચે કયો ગુપ્ત કરાર થયો?: BJP મુખ્યાલયમાં ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી અને ભાજપ નેતાઓની મુલાકાત પર કોંગ્રેસે સવાલ ઉઠાવ્યા

**નવી દિલ્હી, તા.13**

કોંગ્રેસે મંગળવારે ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી (CPC) ના પ્રતિનિધિમંડળની ભાજપના નેતાઓ સાથેની મુલાકાત અને ચીન દ્વારા જમ્મુ-કાશ્મીરના શક્સગામ ઘાટી વિસ્તારને પોતાનો ગણાવવા પર સવાલો ઉઠાવ્યા.

કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનેતે CPC-BJP બેઠકની તસવીર પોસ્ટ કરતા લખ્યું- ભાજપ કાર્યાલયમાં ભાજપના નેતાઓ અને CPC નેતાઓ વચ્ચે બેઠક થઈ રહી છે. ભાજપ-ચીન વચ્ચે કયો ગુપ્ત કરાર થયો? આ સંબંધ શું કહેવાય? ભાજપે દેશદ્રોહ કેમ કર્યો?

આ ઉપરાંત, કોંગ્રેસના X એકાઉન્ટ પર ચીનના વિદેશ મંત્રાલયનો વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો. જેમાં મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગ કહે છે- શક્સગામ ઘાટી ચીનનો વિસ્તાર છે, અહીં માળખાકીય સુવિધાઓ બનાવવી ખોટું નથી.



કોંગ્રેસે પૂછ્યું છે કે મોદી સરકારની વિદેશ નીતિ વેન્ટિલેટર પર પડી છે. હવે ચીને જમ્મુ-કાશ્મીરની શક્સગામ ઘાટીને પોતાનો વિસ્તાર ગણાવ્યો છે. મોદીજી 'લાલ આંખ'નું શું થયું?

સોમવારે દિલ્હીમાં ભાજપના મુખ્યાલયમાં ભાજપ અને ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી (CPC) ના ડેલિગેશનની બેઠક યોજાઈ હતી. CPC ડેલિગેશનનું નેતૃત્વ સુન હેયાને કર્યું હતું. સુન કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈનાના ઈન્ટરનેશનલ ડિપાર્ટમેન્ટ (IDCPC) માં વાઈસ મિનિસ્ટર છે.

ભાજપના ડેલિગેશનનું નેતૃત્વ પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહે કર્યું હતું. ભાજપના વિદેશી બાબતોના વિભાગના પ્રભારી વિજય ચૌથાઈવાલાએ પણ X પોસ્ટમાં લખ્યું હતું કે બંને પક્ષો વચ્ચે ઈન્ટર-પાર્ટી કોમ્યુનિકેશન વધારવા પર ચર્ચા કરવામાં આવી હતી.

## PAKના આઠ કેમ્પ પર ભારતીય સેનાની નજર: આર્મી ચીફ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું- ઓપરેશન સિંદૂર ચાલુ, કોઈપણ કૃત્યનો જવાબ આપવામાં આવશે

**નવી દિલ્હી, તા.13**

આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ મંગળવારે જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂર હજુ પણ ચાલુ છે. ભવિષ્યમાં કોઈપણ પ્રકારના આતંકવાદી કે સૈન્ય દુસ્સાહસ માટે અમે સંપૂર્ણપણે તૈયાર છીએ. ભારત પૂરી તાકાતથી જવાબ આપશે. જનરલ દ્વિવેદીએ જણાવ્યું કે સરહદ પાસે 8 આતંકવાદી કેમ્પ હજુ પણ એક્ટિવ છે. જો કોઈ હરકત થશે તો કાર્યવાહી કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે ઓપરેશન સિંદૂર, થલસેના, વાયુસેના અને નૌસેનાના તાલમેલનું ઉત્તમ ઉદાહરણ છે. ઓપરેશન સિંદૂરમાં 100 પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા.

રવિવારે સરહદ પાસે ડ્રોન જોવા મળ્યા હોવાના સવાલ પર આર્મી ચીફે કહ્યું- તે ખૂબ નાના ડ્રોન છે. આ લાઈટ ચાલુ કરીને ઉડે છે. તે વધુ ઊંચાઈ પર ઉડતા નથી અને બહુ ઓછા જોવા મળ્યા છે. 10 જાન્યુઆરીએ લગભગ 6 ડ્રોન જોવા મળ્યા હતા, જ્યારે 11 અને 12 જાન્યુઆરીએ 2 થી 3 ડ્રોન દેખાયા હતા.

આર્મી ચીફે કહ્યું કે ભારત, પાકિસ્તાન અને ચીન વચ્ચે 1963ના કરારને ગેરકાયદેસર માને છે. જે અંતર્ગત પાકિસ્તાને શક્સગામ ઘાટીમાં પોતાનો વિસ્તાર ચીનને સોંપી દીધો હતો.

તેમણે કહ્યું કે અમે ત્યાં કોઈપણ હલચલ સ્વીકારતા નથી. જ્યાં સુધી ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોરનો સવાલ છે. અમે તેને સ્વીકારતા નથી. અમે તેને બંને દેશોની ગેરકાયદેસર કાર્યવાહી માનીએ છીએ. હાલમાં જોવા મળેલા ડ્રોન રક્ષણાત્મક ડ્રોન હતા, જે એ જોવાનો પ્રયાસ કરી રહ્યા હતા કે કોઈ કાર્યવાહી તો નથી થઈ રહી. તેઓ તપાસવા માંગે છે કે ભારતીય સેના ક્યાંક કોઈ કમી કે ઢીલાશ તો નથી કરી રહી, જેથી તેઓ આતંકવાદીઓને મોકલી



શકે. IB અને LOC સામે 8 આતંકવાદી કેમ્પ છે. જેમાં તાલીમ જેવી એક્ટિવિટી ચાલી રહી છે. સેના નજર રાખી રહી છે, એક પણ ભૂલ પર તરત કાર્યવાહી કરવામાં આવશે. 7 મેના રોજ 22 મિનિટની પ્રારંભિક કાર્યવાહી અને 10 મે સુધી 88 કલાક સુધી ચાલેલા સંકલિત અભિયાને વ્યૂહાત્મક સમીકરણો બદલી નાખ્યા. આ દરમિયાન આતંકવાદી કેમ્પો પર હુમલા કરવામાં આવ્યા. 9 માંથી 7 લક્ષ્યોનો નાશ કરવામાં આવ્યો. પાકિસ્તાનની જૂની પરમાણુ ધમકીની રણનીતિને નબળી પાડવામાં આવી.

2025માં 31 આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા, જેમાં મોટાભાગના પાકિસ્તાની હતા. આમાં પહેલગામ હુમલાના આતંકવાદીઓ પણ હતા, જેમને ઓપરેશન મહાદેવમાં ઠાર કરવામાં આવ્યા. જમ્મુ-કાશ્મીરમાં સકારાત્મક બદલાવ જોવા મળી રહ્યા છે. વિકાસના કામો ઝડપી બન્યા છે. પર્યટન પાછું ફરી રહ્યું છે અને અમરનાથ યાત્રા શાંતિપૂર્ણ રહી. 2025માં 4 લાખથી વધુ શ્રદ્ધાળુઓ આવ્યા, જે છેલ્લા પાંચ વર્ષની સરેરાશ કરતાં વધુ છે. આતંકથી પર્યટન તરફ આગળ વધવાની પ્રક્રિયા હવે ધીમે ધીમે આકાર લઈ રહી છે. 22 નવેમ્બર: ઓપરેશન સિંદૂર એક ભરોસાપાત્ર ઓર્કેસ્ટ્રા જેવું હતું, દરેક મ્યુઝિશિયને સંગીતકારે ભૂમિકા ભજવી. આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ 22 નવેમ્બર 2025 ના રોજ કહ્યું હતું કે ઓપરેશન સિંદૂર એક ભરોસાપાત્ર ઓર્કેસ્ટ્રા જેવું હતું, જ્યાં દરેક મ્યુઝિશિયને સાથે મળીને કામ કરવાની ભૂમિકા ભજવી હતી. ભારતીય સેનાએ 22 મિનિટમાં 9 આતંકવાદી સ્થળોને ઉડાવી દીધા. જનરલ દ્વિવેદીએ કહ્યું કે પાકિસ્તાને પણ ભારત વિરુદ્ધ હુમલા કર્યા અને ત્યારબાદ ભારતના તમામ વળતા હુમલા પણ ઓપરેશન સિંદૂર હેઠળ કરવામાં આવ્યા. પરમાણુ હથિયારોથી સજ્જ બે પડોશીઓ વચ્ચે લગભગ 88 કલાક સુધી ચાલેલી સૈન્ય લડાઈ 10 મેની સાંજે એક સમજૂતી પર પહોંચ્યા પછી અટકી હતી.

આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ 17 નવેમ્બર 2025ના રોજ કહ્યું હતું કે, ગયા ઓક્ટોબરથી ભારત અને ચીનના સંબંધોમાં સુધારો થયો છે. તેમણે જણાવ્યું કે, પીએમ નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચેની હાલની બેઠકોમાં સામાન્ય સ્થિતિ પુન:સ્થાપિત કરવા અને વિવાદોના નિરાકરણ પર સકારાત્મક ચર્ચા થઈ છે.




# ઊંધિયાના સેમ્પલ લીધા, રિપોર્ટ ઉત્તરાયણ પછી આવશે: સવારથી ફરસાણ-મીઠાઈની દુકાનોમાં ચેકિંગ

**અમદાવાદ, તા.13**

ઉત્તરાયણ પર્વ દરમિયાન ગરમાગરમ ચટાકેદાર ઊંધિયું અને જલેબી લોકો ખાતા હોય છે. ઊંધિયું અને જલેબી ખાવા માટે સવારથી લોકોની લાઈનો લાગતી હોય છે ત્યારે નાગરિકોને શુદ્ધ અને સાત્વિક ખાવા-પીવાની ચીજવસ્તુઓ મળે તેના માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગે શહેરના વિવિધ વિસ્તારોમાં આજ(13 જાન્યુઆરી) સવારથી ફરસાણ-નમકીન અને મીઠાઈની વિવિધ દુકાનોમાં ચેકિંગ શરૂ કર્યું છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગની ટીમ દ્વારા શહેરના નવરંગપુરા વિસ્તારમાં આવેલા સ્ટેડિયમ પાંચ રસ્તા પાસે દાસ ખમણ હાઉસમાં ચેકિંગ કરવામાં આવ્યું છે. ઊંધિયું અને જલેબીના સેમ્પલ લેવાની પ્રક્રિયા કરવામાં આવી હતી. જ્યારે કાંકરિયા આબાદ ડેરીખાતે આવેલી લખનઉ જલેબી નામની દુકાનમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું.

રેપિડ ટેસ્ટ કીટથી જલેબીનું ચેકિંગ કરાયું હતું. જલેબીમાં કલર મિક્સ કરવામાં આવ્યો છે કે કેમ જલેબીમાં જે પદાર્થનો ઉપયોગ થયો છે તેનું પ્રમાણ વધારે છે કે ઓછું, તે તમામ બાબતો તાત્કાલિક ખબર પડે એ પ્રમાણે ચેકિંગ કરવામાં આવ્યું હતું. જલેબીમાં ચેકિંગ કરવામાં આવતા કલર વધારે મળી આવ્યો નહોતો અને યોગ્ય પ્રમાણ મળી આવ્યું હતું.

શહેરના સ્ટેડિયમ પાંચ રસ્તા પાસે આવેલા ગ્વાલિયા સ્વીટ એન્ડ રેસ્ટોરન્ટમાં પણ વિભાગની ટીમ દ્વારા જલેબીના નમુના લેવામાં આવ્યા હતા. ગ્વાલિયા રેસ્ટોરન્ટ ખાતે જલેબી બનાવવામાં આવી હતી જેનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. સ્થળ પર જ ટેસ્ટ કીટ વડે અધિકારી દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું હતું.

જલેબીમાં પાણીનો ઉમેરો કરી અને ત્યારબાદ ટેસ્ટ કીટ મારફતે તેમાં કેમિકલ નાખવામાં આવ્યું હતું જેનાથી તેમાં કોઈ કલર ભેળવવામાં આવ્યો છે કે કેમ તેની તરત ખબર પડે. જોકે ગ્વાલિયર રેસ્ટોરન્ટમાંથી



જે ખરીદવામાં આવ્યું હતું તેમાં કોઈપણ પ્રકારની ભેળસેળ જોવા મળી નહોતી. જો જલેબીમાં કલર મિક્સ કરવામાં આવ્યો હોત તો કલર લાલ થઈ ગયો હોત, પરંતુ તેમાં કોઈપણ ભેળસેળ નહોતી. શહેરમાં આ રીતે સેમ્પલ લેવાની અને ટેસ્ટિંગની પ્રક્રિયા કરવામાં આવી રહી છે.

શ્યામલ વિસ્તારમાં પણ સૌરાષ્ટ્ર ફરસાણ નામની દુકાનમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ઊંધિયું, જલેબી, ફાફડા વગેરેના સેમ્પલ લેવામાં આવ્યા હતા. સૌરાષ્ટ્ર ફરસાણમાં જે તેલમાં ફાફડા તળવામાં આવે છે તે તેલની પણ ચકાસણી કરવામાં આવી હતી. જો તેલનું પ્રમાણ વધારે આવે તો સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. જેથી આ સમગ્ર બાબતે તેલનું પણ ચેકિંગ કર્યું હતું.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા ખાસ કરીને બોડી વોર્ન કેમેરાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, કારણ કે ફૂડ વિભાગના અધિકારીઓ જ્યારે ચેકિંગમાં જતા હોય છે ત્યારે કેટલાક દુકાન માલિકો દ્વારા આક્ષેપો કરવામાં આવતા હોય છે. જેથી હવે ફૂડ વિભાગની ટીમ દ્વારા બોડી વોર્ન કેમેરાનો ઉપયોગ કરવામાં આવે છે અને તેના મારફતે જ કાર્યવાહી કરવામાં આવે છે.

AMC ફૂડ વિભાગના ફૂડ સેફ્ટી ઓફિસર રાકેશ પવારે જણાવ્યું હતું કે ઉત્તરાયણના તહેવાર દરમિયાન લોકો ઊંધિયું અને જલેબી ખાતા હોય છે ત્યારે લોકોએ ઊંધિયું એકવાર ટેસ્ટ કર્યા બાદ જ ખરીદવું જોઈએ. કારણકે ઊંધિયું બનાવનાર વિક્રેતાઓ આજે 13 જાન્યુઆરીની રાતથી જ ઊંધિયું બનાવવાની તૈયારી શરૂ કરી દેતા હોય છે અને બીજા દિવસે આ ઊંધિયું લોકો ખાતા હોય છે ત્યારે ઊંધિયું લેવા આવો ત્યારે ટેસ્ટ કર્યા બાદ જ ખરીદવું જોઈએ.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા આજે શહેરના અલગ અલગ વિસ્તારોમાં કુલ પાંચ જેટલી ટીમો દ્વારા ખાણીપીણીની દુકાનોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. સિઝનમાં લોકો ઊંધિયું અને જલેબી વધુ ખાતાં હોય છે ત્યારે તેના સેમ્પલ લેવાની પ્રક્રિયા કરવામાં આવી છે. લોકોને ખરાબ જમવાનું ન મળે અને શુદ્ધ સાત્વિક મળે તેના માટે અને કોઈ દુકાનદાર પોતાના ફાયદા માટે ખરાબ ગુણવત્તાવાળો માલ વહેંચે નહીં તે માટે સેમ્પલ લેવાની પ્રક્રિયા કરવામાં આવી છે.

જે સેમ્પલ લેવાની પ્રક્રિયા કરવામાં આવે છે તેનું સામાન્ય રીતે 14 દિવસમાં પરિણામ આવતું હોય છે, પરંતુ જે સેમ્પલ લેવામાં આવ્યું છે તે કયા પ્રકારનું સેમ્પલ છે અને કયા કયા ટેસ્ટ કરવાના છે તેના ઉપર આધાર હોય છે. જેથી વધુમાં વધુ 14 દિવસમાં પરિણામ આવી જતું હોય છે. જોકે આ સેમ્પલમાં આટલો લાંબો સમય લાગશે નહીં જેથી ઝડપીથી ઝડપી આ સેમ્પલના પરિણામ મળશે.

## ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ પર ઠંડીનો ડબલ ડોઝ: આગામી 24 કલાક બાદ તાપમાનમાં 3 ડિગ્રી સુધીના ઘટાડાની શક્યતા

**અમદાવાદ, તા.13**

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે રાજ્યમાં ઠંડીનું જોર ઘટતું જોવા મળશે. જોકે આગામી 24 કલાક બાદ ફરી એકવાર તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા છે. જેના કારણે ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણના દિવસે રાજ્યમાં ફરી ઠંડીનો ચમકારો અનુભવાઈ શકે છે. હવામાન વિભાગ મુજબ હાલમાં નીચલા સ્તરે ઉત્તર-પૂર્વથી પૂર્વ દિશાના પવનો પ્રવર્તી રહ્યા છે. છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના કેટલાક ભાગોમાં લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે, જેના કારણે ઠંડીમાં સામાન્ય રાહત મળી છે.

સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં વધારો નોંધાયો છે, જ્યારે રાજ્યના અન્ય વિસ્તારોમાં તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા મળ્યો નથી. સામાન્ય તાપમાનની તુલનામાં કચ્છના કેટલાક ભાગોમાં લઘુત્તમ તાપમાન નોંધપાત્ર રીતે નીચું રહ્યું છે, જ્યારે સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં તે



સામાન્ય કરતાં ઓછું નોંધાયું છે. બીજી તરફ દરિયાકાંઠાના સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં વધુ નોંધાયું છે.

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી 24 કલાક દરમિયાન લઘુત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો ઘટાડો થશે. ત્યારબાદના બે દિવસ દરમિયાન ફરી 2થી 3 ડિગ્રી સુધી તાપમાન ઘટી શકે છે, જેના કારણે રાજ્યમાં ફરી ઠંડીનું પ્રમાણ વધશે. ત્યારબાદ લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. અમદાવાદમાં લઘુત્તમ તાપમાન આશરે 16 ડિગ્રી સેલ્સિયસ રહેવાની શક્યતા છે. ગઈકાલે શહેરમાં મહત્તમ તાપમાન 28.7 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં એક ડિગ્રી વધુ હતું.

## વાંઠવાડીમાં સુરત ગયેલા પરિવારના ઘરના તાળા તોડી 11.18 લાખની ચોરી

**નડિયાદ, તા.13**

ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના વાંઠવાડી ખાતે રહેતા પરિવારના પુત્રને સારવાર માટે સુરતની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હોવાથી પરિવાર તેની સારવારમાં રોકાયો હતો. દરમિયાન વાંઠવાળી સ્થિત ઘરમાંથી તસ્કરો રૂપિયા 11.18 લાખની મત્તા ચોરી જતાં આ મામલે મહેમદાવાદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મેમદાવાદ તાલુકાના વાંઠવાડી ખાતે રહેતા સુનીતાબેન રાજબહાદુર શર્માના પુત્ર અભિષેકને મગજની બિમારી થતાં તેને સારવાર અર્થે સુરતની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. પુત્ર સુરત ખાતે દાખલ હોવાથી સુનીતાબેન તેમજ તેમના પતિ અને પુત્રવધુ તેની સારવાર માટે સુરત અવરજવર કરે છે.



ગત તારીખ 8 જાન્યુઆરીના રોજ સવારના 07:00 વાગ્યાના અરસામાં સુનિતાબેન ઘર બંધ કરીને સુરત જવા માટે નીકળ્યા હતા. ગતરોજ 8 વાગ્યાની આસપાસ સુનીતાબેનના ભત્રીજા અનિલભાઈએ તમારા ઘરનું તાળું તૂટેલું છે અને ઘરમાં સામાન વેરવિખેર પડ્યો છે તેવી જાણ કરતા સુનિતાબેન સુરતથી વાંઠવાળી દોડી આવ્યા હતા. જ્યાં તપાસ કરતા ઘરના મુખ્ય દરવાજાનું તાળું તૂટેલું હતું અને કબાટમાંથી સોના ચાંદીના દાગીના ઉપરાંત 18 હજારની કિંમતના 200 અમેરિકન ડોલર, તથા 4.65 લાખ રૂપિયાની ચલણી નોટોની ચોરી થઈ હતી. પોલીસે અજાણ્યા તસ્કર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સમગ્ર ઘટનામાં પોલીસે એફએસએલ અને ફીંગર પ્રિન્ટ નિષ્ણાંતની મદદ લઈ તપાસ હાથ ધરી છે. ચોરો સીસીટીવીમાં કેદ થયા હોવાથી તેના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે. ઘર બંધ હોવાથી રેકી બાદ ચોરીને અંજામ આપનારાઓને પકડી પાડવા પોલીસની અલગ અલગ ટીમ કામ કરી રહી છે.

## અમદાવાદ એરપોર્ટ પર હાઈ વોલ્ટેજ ડ્રામા: અકાસા એરની ફ્લાઈટનું 2 વાર લેન્ડિંગ ફેલ, મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા

**અમદાવાદ, તા.13**

મુંબઈથી અમદાવાદ આવી રહેલી અકાસા એરની ફ્લાઈટમાં આજે મુસાફરોએ મોતનો સાક્ષાત્કાર કર્યો હોય તેવી દહેશતભરી સ્થિતિ સર્જાઈ હતી. અમદાવાદ રનવે પર બે વાર લેન્ડિંગના નિષ્ફળ પ્રયાસ બાદ વિમાનને આખરે જયપુર ડાયવર્ટ કરવામાં આવ્યું હતું.

13 જાન્યુઆરી, 2026ના રોજ મુંબઈથી અમદાવાદની સફરે નીકળેલા મુસાફરો માટે આ પ્રવાસનો અનુભવ ભયાનક રહ્યો હતો. અકાસા એરની ફ્લાઈટ નંબર QP 1781(Boeing 737 Max 8), જે સવારે 8:40 વાગ્યે મુંબઈથી રવાના થઈ હતી, તેમાં અધવચ્ચે જ એક ગંભીર ટેકનિકલ ખામી સર્જાતા વિમાનમાં સવાર મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા



હતા. નિર્ધારિત સમય મુજબ સવારે 10:00 વાગ્યે અમદાવાદ ખાતે લેન્ડિંગ કરવાનું હતું, પરંતુ ટેકનિકલ ખામીના કારણે મોટી દુર્ઘટનાની દહેશત ઊભી થઈ હતી.

અમદાવાદ એરપોર્ટ પર લેન્ડિંગ સમયે સર્જાયેલી આ કટોકટીએ મુસાફરોના જીવ અધ્ધર કરી દીધા હતા. જ્યારે ફ્લાઈટ નિર્ધારિત સમયે લેન્ડિંગની તૈયારીમાં હતી, ત્યારે અચાનક સર્જાયેલી ગંભીર ટેકનિકલ ખામી અથવા પ્રતિકૂળ સંજોગોને કારણે પાયલોટ વિમાનને રનવે પર સ્થિર કરવામાં નિષ્ફળ રહ્યા હતા. પ્રથમ પ્રયાસ દરમિયાન વિમાન રનવેની અત્યંત નજીક પહોંચી ગયું હતું, પરંતુ ટચ-ડાઉન થાય તે પહેલા જ જોખમ પારખી ગયેલા પાયલોટે તેને ફરી હવામાં ખેંચી લેવું પડ્યું હતું.

જ્યારે પાયલોટે લેન્ડિંગ માટે બીજો પ્રયાસ કર્યો, ત્યારે ફરી એ જ ગંભીર સ્થિતિનું પુનરાવર્તન થયું હતું. સતત બે વાર રનવેની સાવ નજીક જઈને ફરી એ જ સ્થિતિ સર્જાતા ફ્લાઈટની અંદર ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. આ ભયાનક અનુભવ વિશે જણાવતા એક મુસાફરે ધ્રૂજતા અવાજે કહ્યું હતું કે, 'તે ક્ષણે અમને લાગ્યું કે વિમાન ગમે ત્યારે પછડાશે અને અમારો બચવાનો કોઈ રસ્તો નથી. બે વાર એરપોર્ટની નજીક જઈને વિમાન પાછું હવામાં જતું રહેતા દરેકના શ્વાસ થંભી ગયા હતા.' આ ઘટનાના કારણે એરપોર્ટ ઓથોરિટી પણ હરકતમાં આવી ગઈ હતી.

અમદાવાદમાં સતત બે નિષ્ફળ લેન્ડિંગ બાદ એર ટ્રાફિક કંટ્રોલ(ATC) અને પાયલોટે જોખમ ન લેવાનું નક્કી કર્યું હતું. સુરક્ષાના કારણોસર ફ્લાઈટને તાત્કાલિક જયપુર એરપોર્ટ તરફ વાળવામાં આવી હતી. જયપુરમાં વિમાનનું સુરક્ષિત લેન્ડિંગ થતા મુસાફરોએ રાહતનો શ્વાસ લીધો હતો.

હાલમાં આ ટેકનિકલ ખામી પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે એરલાઈન્સ દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા હોવાનું મનાય છે.

## હાટકેશ્વર બ્રિજ બનતો હતો ત્યારથી રહીશો ત્રાહિમામ્, હવે તોડતી વખતે બેવાર પાણીની લાઇન તૂટી.....

**અમદાવાદ, તા.13**

અમદાવાદ શહેરના હાટકેશ્વર ઓવરબ્રિજ તોડવાની કામગીરી ચાલી રહી છે. બ્રિજ તોડવાની કામગીરી દરમિયાન કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારી સામે આવી છે. ઓવરબ્રિજ તોડવાની કામગીરી દરમિયાન મુખ્ય પીવાના પાણીની પાઈપલાઈન તોડી નાખવામાં આવી છે જેના કારણે સવારના સમયે લોકોને પીવાનું લાખો લિટર ચોખ્ખું પાણીનો ફુવારો 10 ફૂટ ઉડ્યો હતો. ત્રણ દિવસમાં બીજી વખત આ રીતે પાણીનો ફુવારો થયો છે અને પાણીની લાઈનમાં ભંગાણ સર્જાયું છે છતાં પણ બ્રિજ તોડનાર કોન્ટ્રાક્ટર અને મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ ઝોનના અધિકારીઓએ આ બાબતે ધ્યાન આપ્યું નથી. લાખો લીટર પીવાનું પાણી CTM રોડ સુધી વહી ગયું હતું. આસપાસના વિસ્તારમાં જાણે કે કેનાલમાં વરસાદી પાણી



છોડવામાં આવ્યું હોય અને ચોમાસા જેવા દ્રશ્યો સર્જાયા હતા.

ગત 10 જાન્યુઆરીના રોજ હાટકેશ્વર ઓવરબ્રિજ તોડવાની કામગીરી દરમિયાન પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાયું હતું, જેના કારણે થઈને લાખો લીટર પાણી વહી ગયું હતું. આજે ફરી એકવાર 13 જાન્યુઆરીના રોજ સવારના સમયે પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાયું અને લાખો લીટર પાણી રોડ ઉપર વહી ગયું હતું. એક તરફ પીવાના પાણીની સમસ્યા સર્જાય છે ત્યારે બીજી તરફ તંત્રની બેદરકારીના કારણે પાણી રોડ પર વહી જાય છે.


હાટકેશ્વર બ્રિજની નીચેથી પાણીની પાઈપલાઈનનો પસાર થાય છે તેની જાણ પૂર્વ ઝોન ઈજનેર વિભાગના અધિકારીઓને હોય ત્યારે અધિકારીઓએ બ્રિજ તોડવાની કામગીરી દરમિયાન કોન્ટ્રાક્ટરને આ જગ્યા ઉપરથી લાઈન પસાર થાય છે જેથી ત્યાં સાવચેતીથી કામ કરવાની સૂચના આપવાની હોય છે, પરંતુ આવી કોઈ સૂચના આપ્યા વિના અણઘડ રીતે કોન્ટ્રાક્ટર પણ પોતાની કામગીરી કરતા પાણીની પાઈપલાઈન તૂટી ગઈ છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે AMC તંત્રની ગંભીર બેદરકારીના કારણે આ ઘટના બની છે. ઓવરબ્રિજ તોડવાની કામગીરી દરમિયાન પાણી ખાતાના જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર વચ્ચે યોગ્ય સંકલન ન હોવાના કારણે, બ્રિજ તોડતા કોન્ટ્રાક્ટર દ્વારા સીધી જ પીવાના પાણીની લાઈનને નુકસાન પહોંચાડવામાં આવ્યું, જેના પરિણામે પીવાનું પાણી જાહેર માર્ગ પર વેડફાયું છે. એક તરફ શહેરમાં પાણીની તંગી અને બચતની અપીલો થઈ રહી છે, ત્યારે બીજી તરફ આવી બેદરકારીને કારણે લાખો લિટર પીવાનું પાણી વેડફાતું હોવાથી સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો છે. લોકો દ્વારા જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરવાની માગ ઉઠી રહી છે. પૂર્વ ઝોનના ઈજનેર વિભાગના એડિશનલ સિટી એન્જિનિયર રાજેશ રાઠવાએ જણાવ્યું હતું કે હાટકેશ્વર બ્રિજ પૂર્વ અને દક્ષિણ ઝોનમાં આવે છે. કોન્ટ્રાકટર દ્વારા પાણીની પાઈપલાઈન તોડી નાખવાના આવી છે જે મામલે બ્રિજ પ્રોજેક્ટ વિભાગને પત્ર લખી જાણ કરવામાં આવી છે કે બ્રિજની કામગીરી દરમિયાન પાણીની પાઈપલાઈન તોડી નાખી નુકસાન કર્યું છે જે બદલ કોન્ટ્રાકટર સામે કાર્યવાહી કરવામાં આવે.

## આણંદમાં દોરી ઘસાતા મોપેડ ચાલક કિશોરીનું ગળું કપાયું,20 ટાંકા આવ્યા

**આણંદ, તા.13**

આણંદમાં પતંગની દોરીથી યુવતીનું ગળું કપાતા 108 એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક કરમસદની ખાનગી હોસ્પિટલ લઈ જતાં સગીરાનો જીવ બચ્યો હતો. આ અંગેની સત્તાવાર સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ઉતરાયણ નજીક આવતાની સાથે પતંગની દોરીથી ગળું કપાવાના તેમજ ઊંચાઈ પરથી પડી જવાના કિસ્સાઓ બનતા હોય છે. ત્યારે આણંદ શહેરમાં પણ પતંગની દોરીથી ગળું કપાવવાનો પ્રથમ બનાવ નોંધાયો છે. જેમાં સાંગોડપુરા વિસ્તારમાં 15 વર્ષીય હેતાક્ષીબેન રાકેશભાઈ ગોહેલ પોતાના નાના ભાઈને મોપેડ પર બેસાડીને તેમના નવા બની રહેલા મકાનેથી જૂના મકાન સાંગોડપુરા જઈ રહ્યા હતા. દરમિયાન, બોરસદ ચોકડી બ્રિજ પાસે તે મોપેડ ચલાવી રહી હતી ત્યારે અચાનક પતંગની દોરી પડતા ગળાના ભાગે



ઈજા થઈ હતી.

લોહીલુહાણ હાલતમાં તે ત્યાં જ ફસડાઈ પડી હતી. તાત્કાલિક તેને સારવાર અર્થે આણંદ નગરપાલિકા હોસ્પિટલમાં અને ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે 108 મારફતે કરમસદ ખાતે શિફ્ટ કરાઈ હતી. આ બનાવમાં તેણીને ગળાનો ભાગ સંપૂર્ણ ચિરાઈ ગયો હતો, જેને પગલે તેને 20 ટાંકા આવ્યા હતા. દરમિયાન, સોમવારે સાંજે તેને રજા આપવામાં આવી હતી.

હાલમાં ઉત્તરાયણનો તહેવાર હોય મોટાભાગના બ્રિજ પર કેટલીક કપાયેલી પતંગની દોરીઓ પડેલી હોય છે. આ સિવાય પણ કેટલાંક શ્રમજીવી બાળકો પતંગ લુંટવા માટે રસ્તાઓ પર ગમે તેમ દોડાદોડી કરતા હોય છે. ત્યારે હાલમાં આગામી એક અઠવાડિયા સુધી વાહન ધીમે હંકારવું જોઈએ એવી તાકીદ કરાઈ છે. ટુ વ્હીલર પર સેફગાર્ડ લગાવો ઉપરાંત ટુ વ્હીલર અને ફોર વ્હીલર ધીમ હંકારવા જોઈએ જેથી અકસ્માત બને નહીં.

## કન્ટેનરમાં એર પ્યુરિફાયરની આડમાં લઇ જવાતો 23.60 લાખનો દારૂ કબજે

**નડિયાદ, તા.13**

સેવાલિયાના મહારાજના મુવાડા ચેકપોસ્ટ ઉપરથી સેવાલીયા પોલીસની ટીમે બાતમીના આધારે રૂપિયા 23.60 લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો કન્ટેનરમાંથી ઝડપી પાડ્યો હતો. એર પ્યુરિફાયરની આડમાં અમદાવાદ લઈ જવાઈ રહેલો આ દારૂ સેવાલીયા ખાતે ઝડપી પાડ્યા બાદ હાલમાં આ દારૂ કોને આપવાનો હતો તેની તપાસ પોલીસ કરી રહી છે. ઝડપાયેલા બે ઈસમોએ તેમને અમદાવાદ જઈને ફોન કરવાની સૂચના આપીને કન્ટેનર રવાના કર્યું હોવાની કેફિયત રજૂ કરી હતી.

અમદાવાદ ઈન્દોર હાઈવે ઉપર આવેલ મહારાજના મુવાડા નવી ચેકપોસ્ટ ઉપર પોલીસ વાહન ચેકિંગ કરી રહી હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, કન્ટેનરમાં બે ઈસમો એર ફિલ્ટરના બોક્સની આડમાં વિદેશી દારૂ ભરી ઈન્દોર અમદાવાદ હાઈવેથી અમદાવાદ તરફ જવાના છે. જેથી પોલીસની ટીમ વોચમાં ગોઠવાઈ ગઈ હતી. દરમિયાન ગોધરા તરફથી આવતા વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું હતું તે સમયે કન્ટેનર ટ્રક નંબર એન.એલ 01 એસી 0842 આવતા તેને રોકી તપાસ કરતા કન્ટેનરમાં ખાખી કલરના પુઠ્ઠાના બોક્સમાં એર ફિલ્ટર ભરેલા હતા અને તે એર ફિલ્ટરના બોક્સની આડમાંથી વિદેશી દારૂની પેટીઓ મળી આવી હતી. જે દારૂની પેટીઓની ગણતરી કરતા 23.60 લાખથી વધુની કિંમતનો દારૂનો જથ્થો મળી આવતા તેને કબજે લઈને પોલીસે જગમોહન રતનલાલ તથા રાજુ રામફળ (બંને રહે હરિયાણા) ની ધરપકડ કરી હતી. દારૂ મોકલનાર અને મંગાનાર ઈસમો સહિત કુલ 5 સામે પોલીસે ગુનો નોંધી હાલમાં તપાસ શરૂ કરી છે.

## બોરસદ તાલુકાના ડેપોમાં આધાર કાર્ડ દીઠ માત્ર બે થેલી ખાતર અપાતાં ખેડૂતોમાં આક્રોશ

**આણંદ, તા.13**

શિયાળુ પાક હાલમાં પરિપક્વ અવસ્થામાં તેમજ તમાકુનો પાક તૈયાર થવા આવ્યો છે. ત્યારે ખેડૂતોને છેલ્લુ ખાતર આપવાનો સમય પાકી ગયો છે. જેમાં 5 વીઘા કે તેથી વધુ જમીન ધરાવતાં ખેડૂતોને સરેરાશ 5 થી 7 થેલી ખાતર ની જરૂરીયાત હોય છે. તેની સામે આણંદ જિલ્લામાં એક માત્ર બોરસદ તાલુકામાં ખાતરના ડેપોમાં આધારકાર્ડ પર બે થેલી આપવાનો નિર્ણય સંચાલકો દ્વારા કરવામાં આવતાં 40 હજારથી વધુ ખેડૂતોને ખાતર માટે વલખા મારવાનો વખત આવ્યો છે. મોટાભાગ



ડેપોમાં ખાતરનો જથ્થો જરૂરીયાત મુજબ મળ્યો હોવા છતાં ખેડૂતોને આપવામાં આવતો નહીં હોવાનો આક્ષેપ ખેડૂતો દ્વારા કરવામાં આવ્યો છે. બોરસદ તાલુકાના ખેડૂતોએ ભારે આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું છે કે હાલ વાવણીનો સમય ચાલી રહ્યો છે. અને ખાતર વગર પાકની યોગ્ય વૃદ્ધિ શક્ય નથી. પૂરતા પ્રમાણમાં ખાતર ન મળવાથી પાક નબળો રહેવાની અને આખો પાક ખલાસ થઈ જવાની ગંભીર ભીતિ પ્રવર્તી રહી છે. ખાતર વિતરણ કેન્દ્રો ખાતે અનેક ખેડૂતો કલાકો સુધી લાઈનમાં ઉભા રહ્યા છતાં જરૂરિયાત મુજબ ખાતર મળતું નથી.

ખાતર અછતને કારણે ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો છે. સમયસર અને પૂરતા પ્રમાણમાં ખાતર પુરવઠો ન થાય તો આવનારા દિવસોમાં ઉત્પાદન પર સીધી અસર પડશે. અને ખેડૂતોને ભારે આર્થિક નુકસાન સહન કરવું પડશે. ખેડૂતો દ્વારા તાત્કાલિક ખાતર પુરવઠો વધારવાની અને પ્રતિબંધો હટાવવાની માંગ ઉઠી રહી છે. અને જો ખડૂતોને ખાતર પૂરતા પ્રમાણમાં નહિ માળે તો આંદોલનની ચેતવણી પણ ખેડૂતો દ્વારા આપવામાં આવી રહી છે. જંત્રાલ ગામના ખેડૂત જયંતિભાઈ પરમારને ખાતરની અછત બાબતે જણાવ્યું છે કે અમારે પાંચ પાંચ વીઘા જમીન માટે માત્ર બે થેલી યુરિયા આપ્યું છે. હવે સમસ્યા એ છે કે માત્ર બે કોથળી ખાતર દસ વીઘામાં ક્યાં નાખીએ? 10 વીઘામાં ઓછીમાં ઓછી8 થેલી ખાતર જોઇએ તેની સામે બે થેલી ખાતર મળ્યું છે. જેથી ખાતરના અભાવે રવિ પાકના ઉતારો ઘટવાની સંભાવના છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# કેનેડામાં 180 કરોડની ગોલ્ડ ચોરીમાં એકની ધરપકડ

## એક આરોપી ભારતમાં હોવાનો દાવો, 2023માં ટોરોન્ટો એરપોર્ટ પરથી ચોરી થઈ હતી

**ટોરોન્ટો, તા.13**

કેનેડામાં સૌથી મોટી સોનાની ચોરીના કેસમાં પોલીસે વધુ એક આરોપીની ધરપકડ કરી છે. પીલ રિજનલ પોલીસે જણાવ્યું કે 2023માં ટોરોન્ટો એરપોર્ટ પરથી 180 કરોડ રૂપિયાથી વધુ કિંમતનું સોનું ચોરાયું હતું. આ કેસમાં અન્ય એક આરોપી ભારતમાં હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે.



પોલીસના જણાવ્યા અનુસાર 'પ્રોજેક્ટ 24K' નામથી ચાલી રહેલી તપાસ હેઠળ 43 વર્ષીય અરસલાન ચૌધરીની ટોરોન્ટો પીયર્સન ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી હતી. તે દુબઈથી કેનેડા પરત ફરી રહ્યો હતો. પોલીસનું કહેવું છે કે ચૌધરીનું કોઈ કાયમી સરનામું નથી.

પીલ રિજનલ પોલીસના જણાવ્યા અનુસાર, અરસલાન ચૌધરી પર 5 હજાર ડોલરથી વધુની ચોરી, ગુનામાંથી મેળવેલી સંપત્તિ રાખવા અને ગુનાહિત ષડયંત્રના આરોપો લગાવવામાં આવ્યા છે. તપાસ એજન્સીઓનું કહેવું છે કે આ ધરપકડ આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલી તપાસનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે.

17 એપ્રિલ 2023 ના રોજ કેનેડામાં બપોરે 3 વાગીને 56 મિનિટે સ્વિટ્ઝર્લેન્ડના ઝુરિચ શહેરથી આવી રહેલી એક ફ્લાઈટ કેનેડાના ટોરોન્ટો શહેરના પિયર્સન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડ થઈ.

આ ફ્લાઈટથી શુદ્ધ સોનાની 6,600 ઈંટો અને લગભગ 2.5 મિલિયન ડોલર (21 કરોડ રૂપિયાથી વધુ) ની વિદેશી કરન્સી લાવવામાં આવી. સોનાનું કુલ વજન આશરે 400 કિલો હતું, જેની કિંમત 173 કરોડ રૂપિયા હતી.

રોકડને વેનકુવરના 'બુલિયન એન્ડ કરન્સી એક્સચેન્જ' અને સોનાને ટોરોન્ટોની TD બેંકમાં જમા કરાવવાનું હતું. સોના અને રોકડને એરપોર્ટના કાર્ગો કમ્પાઉન્ડમાં રાખવામાં આવ્યા. કેનેડા પોલીસના જણાવ્યા અનુસાર, ઘટનાના દિવસે સાંજે 5 વાગીને 50 મિનિટ સુધી સોનાવાળું કન્ટેનર કાર્ગો ફેસિલિટીમાં જ હતું.

સાંજે 6 વાગીને 23 મિનિટે એક 5 ટનનો મોટો ટ્રક ફેસિલિટીની બહાર પાર્ક કરવામાં આવ્યો. આ ટ્રકમાંથી એક નકલી એરવે બિલ સાથે એક વ્યક્તિ વેરહાઉસમાં દાખલ થયો. સીસીટીવીમાં કેદ થયેલા આ વ્યક્તિના હાથમાં આ બિલ જોઈ શકાય છે.

આ બિલ ખરેખરમાં સીફૂડ એટલે કે દરિયાઈ માછલીઓની ડિલિવરી માટે હતું. જેમને એક દિવસ પહેલા જ કાર્ગો વેરહાઉસમાંથી લઈ જવામાં આવ્યું હતું. કેનેડા પોલીસના જણાવ્યા અનુસાર, ખરેખરમાં એરપોર્ટની અંદરના એક માણસે પ્રિન્ટરમાંથી જૂનું બિલ કાઢીને તેને બીજા બિલથી બદલી નાખ્યું હતું.

સીસીટીવી ફૂટેજ મુજબ, સાંજે 7 વાગીને 4 મિનિટે ટ્રકનો ડ્રાઈવર વેરહાઉસમાં તે સોનાવાળા કાર્ગો પાસે પહોંચ્યો. 7 વાગીને 27 મિનિટે કાર્ગોને ઉઠાવીને ટ્રકમાં લોડ કરવામાં આવ્યું અને આગામી 3 મિનિટમાં ટ્રક વેરહાઉસમાંથી નીકળી ગયો.

લગભગ 9:30 વાગ્યે જ્યારે એક સિક્યોરિટી કંપનીનો અસલી ટ્રક સોનાનો કાર્ગો લેવા એરપોર્ટ પહોંચ્યો ત્યારે ખબર પડી કે સોનું તો પહેલાથી જ ગાયબ થઈ ગયું છે. સવારે 2 વાગ્યે ને 23 મિનિટે એર કેનેડાએ કેનેડા પોલીસને ફોન કરીને ઘટનાની જાણ કરી.

ક્લેટન કાસ્ટલિનહો ટોરોન્ટોમાં કસ્ટમ્સ ક્લિયરન્સ બિઝનેસના પ્રેસિડેન્ટ છે. તેમણે સીબીસી ન્યૂઝ સાથેની વાતચીતમાં જણાવ્યું કે કાર્ગો ફેસિલિટીમાંથી કોઈ કાર્ગો લઈ જવા માટે ફક્ત 2 વસ્તુઓની જરૂર પડે છે- કાર્ગો મોકલનાર તરફથી એક પત્ર અને એક એરવે બિલ. આ બિલ પર સાચો બિલ નંબર હોવો જોઈએ. ચોરો પાસે બંને દસ્તાવેજો હતા. ક્લેટન મુજબ તેમની યોગ્ય રીતે તપાસ કરવામાં આવી ન હતી.

તપાસમાં સામે આવ્યું કે બ્રેમ્પટન નિવાસી 33 વર્ષીય સિમરનપ્રીત પનેસર આ ચોરીમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. પનેસર એર કેનેડાનો પૂર્વ કર્મચારી છે અને તેના પર એરલાઈન સિસ્ટમ સાથે ચેડાં કરીને કાર્ગોને ડાયવર્ટ કરવાનો આરોપ છે.

પોલીસનું કહેવું છે કે તે હાલમાં ભારતમાં હોઈ શકે છે અને તેની વિરુદ્ધ કેનેડામાં ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું છે.

પોલીસે જણાવ્યું કે આ મામલામાં અત્યાર સુધીમાં 10 લોકોને આરોપી બનાવવામાં આવ્યા છે. તેમાં બ્રેમ્પટન નિવાસી આર્ચિત ગ્રોવર, પરમપાલ સિદ્ધુ, અમિત જલોટા, પ્રસાથ પરમલિંગમ, અલી રઝા, અમ્મદ ચૌધરી અને ડુરાન્ટે કિંગ-મેકલીનનો સમાવેશ થાય છે. કિંગ-મેકલીન હાલમાં અમેરિકામાં હથિયારોની તસ્કરીના અન્ય એક કેસમાં કસ્ટડીમાં છે.

પીલ રિજનલ પોલીસ પ્રમુખ નિશાન દુરાઈઅપ્પાહે જણાવ્યું કે આ તપાસ દર્શાવે છે કે પોલીસ જટિલ અને આંતરરાષ્ટ્રીય ગુનાઓનો સામનો કરવામાં સક્ષમ છે. તેમણે કહ્યું, "આરોપી ગમે ત્યાં છુપાયેલા હોય, અમે તેમને શોધી કાઢીશું અને કાયદા સમક્ષ લાવીશું."

# તેહરાનની હોસ્પિટલ સામે લાશોના ઢગલા: વિરોધપ્રદર્શન વચ્ચે ટ્રમ્પે કહ્યું, ઈરાન સાથે વેપાર કર્યો તો તાત્કાલિક 25% ટેરિફ લગાવીશું....

**વોશિંગ્ટન, તા.13**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે વેપાર કરતા દેશો પર 25% ટેરિફ લગાવવાની જાહેરાત કરી છે. ટ્રમ્પે સોમવારે રાત્રે ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કરીને જણાવ્યું કે જે પણ દેશ ઈરાન સાથે વેપાર કરશે, તેના પર અમેરિકા સાથેના વેપારમાં 25% ટેરિફ લગાવવામાં આવશે.

તેમણે જણાવ્યું કે આ નિર્ણય તાત્કાલિક અસરથી લાગુ પડશે. જોકે, વ્હાઈટ હાઉસ તરફથી આ ટેરિફ અંગે સત્તાવાર દસ્તાવેજ જાહેર કરવામાં આવ્યો નથી.

આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે ઈરાનમાં સરકાર વિરોધી પ્રદર્શનો ચાલુ છે. આ પ્રદર્શનોમાં લગભગ 600 લોકો માર્યા ગયા છે.

ઈરાન પર અમેરિકા પહેલાથી જ કડક આર્થિક પ્રતિબંધો લગાવી ચૂક્યું છે. રોઈટર્સના અહેવાલ મુજબ, ઈરાન સાથે વેપાર કરનારા મુખ્ય દેશોમાં ચીન, સંયુક્ત અરબ અમીરાત અને ભારતનો સમાવેશ થાય છે. ટેરિફ લાગુ થવા પર આ દેશોના અમેરિકા સાથેના વેપાર પર અસર પડી શકે છે.

ઈરાનમાં છેલ્લા 17 દિવસથી સરકાર અને સુપ્રીમ લીડર અયાતુલ્લા ખામેનેઈ વિરુદ્ધ પ્રદર્શનો થઈ રહ્યા છે. આ પ્રદર્શનો આર્થિક સંકટથી શરૂ થઈને હવે સત્તા વિરુદ્ધ પહોંચી



ગયા છે.

અમેરિકાના માનવાધિકાર સંગઠન HRANA અનુસાર, પ્રદર્શનોમાં અત્યાર સુધીમાં 599 લોકોના મોતની પુષ્ટિ થઈ છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ઈરાન સરકાર પ્રદર્શનોને રોકવા માટે રેડ લાઈન પાર કરી રહી છે. તેમણે કહ્યું કે અમેરિકા 'કડક વિકલ્પો' પર વિચાર કરી રહ્યું છે.

પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું કે ઈરાનમાં પ્રદર્શનકારીઓ સાથે જે થઈ રહ્યું છે, તેના પર અમેરિકાની નજર છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ઈરાન રેડ લાઈન પાર કરી ચૂક્યું છે, તો તેમણે કહ્યું, "એવું લાગી રહ્યું છે કે તેઓ આવું કરવા લાગ્યા છે."

પ્રદર્શનો વચ્ચે ઈરાને અમેરિકાને ચેતવણી આપી છે કે જો તેના પર હુમલો કરવામાં આવશે તો તે અમેરિકી સૈનિકો અને ઈઝરાયેલને નિશાન બનાવશે.

ઈરાની સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાગર ગાલીબાફે રવિવારે કહ્યું કે જો અમેરિકાએ હુમલો કર્યો તો વિસ્તારમાં હાજર તમામ અમેરિકી મિલિટરી બેઝ, શિપ્સ અને ઈઝરાયેલ અમારા નિશાન પર હશે. આ નિવેદન સંસદના લાઈવ સત્ર દરમિયાન આપવામાં આવ્યું હતું, જ્યાં સાંસદો 'ડેથ ટુ અમેરિકા'ના નારા લગાવી રહ્યા હતા.

ગાલીબાફે ઈરાનની સુરક્ષા એજન્સીઓની પ્રશંસા કરતા કહ્યું કે તેમણે પરિસ્થિતિમાં મજબૂતીથી કામ કર્યું છે. પ્રદર્શનકારીઓને ચેતવણી આપી કે પકડાયેલા લોકો સાથે સૌથી કડક રીતે કાર્યવાહી કરવામાં આવશે અને તેમને સખત સજા કરવામાં આવશે.

દેશભરમાં GenZ આક્રોશમાં છે. તેનું કારણ આર્થિક બદહાલી રહી છે. ડિસેમ્બર 2025માં ઈરાની મુદ્રા રિયાલ ઘટીને લગભગ 1.45 મિલિયન પ્રતિ અમેરિકી ડોલર સુધી પહોંચી ગઈ, જે અત્યાર સુધીનું સૌથી નીચું સ્તર છે.

વર્ષની શરૂઆતથી રિયાલની કિંમત લગભગ અડધી થઈ ચૂકી છે. અહીં મોંઘવારી ચરમસીમા પર પહોંચી ગઈ છે. ખાદ્ય વસ્તુઓની કિંમતોમાં 72% અને દવાઓની કિંમતોમાં 50% સુધીનો વધારો નોંધાયો છે.

આ ઉપરાંત, સરકાર દ્વારા 2026ના બજેટમાં 62% ટેક્સ વધારવાના પ્રસ્તાવથી સામાન્ય લોકોમાં ભારે નારાજગી ઊભી થઈ છે.

# બાંગ્લાદેશમાં વધુ એક હિંદુની હત્યા: 28 વર્ષના ઓટો-ડ્રાઈવરને ઘરે પરત ફરતી વખતે ચાકુ માર્યું, 23 દિવસમાં 7 હિંદુની હત્યા

**ફેની, તા.13**

બાંગ્લાદેશના દક્ષિણ ભાગમાં આવેલા ચટગાંવ ડિવિઝનના ફેની જિલ્લાના દાગનભુઈયાંમાં રવિવારે રાત્રે અજાણ્યા બદમાશોએ 28 વર્ષીય હિંદુ યુવક સમીર કુમાર દાસને માર માર્યા બાદ ચાકુ મારીને હત્યા કરી દીધી. તેની ઓટોરિક્ષા પણ લૂંટી લીધી. પરિવારના જણાવ્યા અનુસાર, સમીર રવિવારે સાંજે લગભગ 7 વાગ્યે ઓટોરિક્ષા લઈને ઘરેથી નીકળ્યો હતો. મોડીરાત સુધી જ્યારે તે પાછો ન ફર્યો ત્યારે પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી. રાત્રે લગભગ 2 વાગ્યે જગતપુર ગામના એક ખેતરમાં સ્થાનિક લોકોને તેનો મૃતદેહ મળ્યો. દાગનભુઈયાં પોલીસ સ્ટેશનના એક પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, સમીરની હત્યામાં દેશી હથિયારોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં લાગી રહ્યું છે કે હત્યા અગાઉથી આયોજન હેઠળ કરવામાં આવી હતી. તપાસ ચાલુ છે અને હજુ સુધી કોઈની ધરપકડ થઈ નથી. બાંગ્લાદેશમાં 23 દિવસ દરમિયાન હિંદુની હત્યાની આ 7મી ઘટના છે. આ પહેલાં 5 જાન્યુઆરીએ બાંગ્લાદેશના નરસિંદી જિલ્લામાં એક હિંદુ દુકાનદારની તીક્ષ્ણ હથિયારો વડે



હત્યા કરી દેવામાં આવી હતી. મૃતક 40 વર્ષીય શરત ચક્રવર્તી મણિ હતો. બીજી તરફ બાંગ્લાદેશની એક જેલમાં બંધ હિંદુ ગાયક અને સાંસ્કૃતિક કાર્યકર પ્રલય ચાકીનું સારવારના અભાવે મૃત્યુ થયું. તેમને 11 જાન્યુઆરીની રાત્રે લગભગ 9 વાગ્યે હૃદયરોગનો હુમલો આવ્યો હતો. તેમને રાજશાહી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પ્રલય પ્રખ્યાત સાંસ્કૃતિક આયોજક અને અભિનેતા, સ્વર્ગસ્થ લક્ષ્મી દાસ ચાકીના પુત્ર હતા. પ્રલય પ્રતિબંધિત આવામી લીગના જિલ્લા સાંસ્કૃતિક સચિવ હતા.

બાંગ્લાદેશના નાઓગાંવ જિલ્લામાં 6 જાન્યુઆરીના રોજ નહેરમાં કૂદવાથી 25 વર્ષના હિંદુ યુવકનું મોત થયું હતું. મૃતકની ઓળખ ભંડારપુર ગામના રહેવાસી મિથુન સરકાર તરીકે થઈ. કેટલાક લોકોએ મિથુન પર ચોરીનો આરોપ લગાવીને તેનો પીછો કર્યો હતો.

બચવાના પ્રયાસમાં તે નજીકની નહેરમાં કૂદી પડ્યો અને ગુમ થઈ ગયો. બાદમાં સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરી. પોલીસ અને ફાયર સર્વિસની ટીમે બચાવ કામગીરી શરૂ કરી. લગભગ ચાર કલાક પછી સાંજે 4 વાગ્યે ગોતાખોરોની મદદથી મિથુનનો મૃતદેહ નહેરમાંથી બહાર કાઢવામાં આવ્યો. લગભગ 17 કરોડની વસતિ ધરાવતા મુસ્લિમ બહુમતીવાળા બાંગ્લાદેશમાં 2024ના સત્તાપલટા પછીથી સ્થિતિ અસ્થિર બની રહી છે. ઈસ્લામિક સંગઠનોની સક્રિયતા વધવાથી લઘુમતીઓ પર હુમલા વધી ગયા છે. બાંગ્લાદેશમાં હિંદુ અને સૂફી મુસ્લિમ સહિત લઘુમતીઓની વસ્તી 10% થી પણ ઓછી છે.

બાંગ્લાદેશ હિંદુ-બૌદ્ધ-ખ્રિસ્તી એકતા પરિષદે દેશભરમાં લઘુમતી સમુદાયો પર વધતા હુમલાઓ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. સંગઠનનું કહેવું છે કે ફેબ્રુઆરીમાં યોજાનારી રાષ્ટ્રીય ચૂંટણી પહેલા સાંપ્રદાયિક હિંસાની ઘટનાઓ વધી છે. ભારતે પણ બાંગ્લાદેશમાં લઘુમતીઓ, ખાસ કરીને હિંદુઓ સાથેના વ્યવહાર પર ચિંતા વ્યક્ત કરી છે. ગયા અઠવાડિયે ભારતના વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે તે બાંગ્લાદેશની સ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે.

# લંડનમાં 14 વર્ષની શીખ છોકરીને પ્રેમજાળમાં ફસાવીને ગેંગરેપ

## 5-6 યુવકોએ બળાત્કાર કર્યો, પાકિસ્તાની ગ્રૂમિંગ ગેંગે ફ્લેટમાં પુરી દીધી, 200 શીખોએ છોડાવી

**લુધિયાણા, તા.13**

ઈંગ્લેન્ડના વેસ્ટ લંડનમાં પાકિસ્તાની ગ્રૂમિંગ ગેંગ દ્વારા શીખ છોકરીને પ્રેમજાળમાં ફસાવીને જાતીય શોષણનો મામલો સામે આવ્યો છે. છોકરીની ઉંમર માત્ર 14 વર્ષ છે, જેને પાકિસ્તાની ગ્રૂમિંગ ગેંગે પહેલા અપહરણ કર્યું અને પછી ફ્લેટમાં બંધ કરીને 5-6 લોકો દ્વારા તેના પર ગેંગરેપ કરાવ્યો. છોકરીએ ભાગવાનો પ્રયાસ પણ કર્યો, પરંતુ તેને ડરાવીને ચૂપ કરાવી દેવામાં આવી.

મીડિયા રિપોર્ટ અનુસાર, જેવી આ ઘટના વિશે વેસ્ટ લંડનમાં રહેતા શીખોને જાણ થઈ, તેઓ આરોપીના ફ્લેટ બહાર પહોંચી ગયા અને ભારે હોબાળો કર્યો. જેમ જેમ આ મામલાની જાણ અન્ય શીખોને થતી રહી, આરોપીના ફ્લેટ પર ભીડ વધતી ગઈ. થોડી જ વારમાં ત્યાં 200થી વધુ શીખો પહોંચી ગયા અને કલાકો સુધી હોબાળો કર્યો.

ત્યારબાદ બધાએ મળીને છોકરીને મુક્ત કરાવી. શીખોનો આરોપ છે કે વેસ્ટ લંડનમાં આ રીતે નાની છોકરીઓનું અપહરણ કરીને તેમનું જાતીય શોષણ કરવાની ઘટનાઓ સામાન્ય બની રહી છે.

ગ્રૂમિંગ (Grooming) એટલે કોઈ વ્યક્તિ, ખાસ કરીને બાળક કે યુવાનનો વિશ્વાસ જીતીને તેને ધીમે ધીમે યૌન શોષણ, કટ્ટરપંથ કે અન્ય કોઈ પ્રકારના દુર્વ્યવહાર માટે તૈયાર કરવું. હાલમાં ઈંગ્લેન્ડમાં આવા કિસ્સાઓ વધ્યા છે. અમેરિકાના ઉદ્યોગપતિ ઈલોન મસ્કે પણ આ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કડક કાર્યવાહી ન કરવા બદલ બ્રિટિશ વડાપ્રધાનની સખત ટીકા કરી હતી.

પોલીસે કાર્યવાહી ન કરી તો શીખોએ જાતે ઘેરાવો કર્યો : પાકિસ્તાની ગ્રૂમરના ઘરેથી છોકરીને મુક્ત કરાવવા આવેલા શીખોનું કહેવું છે કે પોલીસે આ સંબંધમાં ફરિયાદ કરી હતી પરંતુ કોઈ કાર્યવાહી થઈ ન હતી. ત્યારબાદ તેમણે પોતાના સમુદાયના લોકોને એકત્રિત કર્યા અને પાકિસ્તાની ગ્રૂમરના ફ્લેટનો ઘેરાવો કર્યો.

ઘણા કલાકો સુધી હોબાળો ચાલ્યો, પછી છોકરીની મુક્તિ થઈ શકી : શીખોનું કહેવું છે કે ઘણા કલાકો સુધી ફ્લેટને ઘેર્યા પછી આખરે તેમને છોકરીને મુક્ત કરાવવામાં સફળતા મળી. તેમને જાણ થઈ હતી કે ઘણા સમયથી છોકરીનું અપહરણ કરવામાં આવ્યું છે. આ એકલો કિસ્સો નથી.



છોકરીઓનું અપહરણ કરીને તેમનું શોષણ કરવામાં આવી રહ્યું છે.

5-6 લોકો પાસે શારીરિક શોષણ કરાવાતો હતો : ઘેરાવો કરનારા શીખોએ જણાવ્યું કે છોકરીએ પૂછપરછમાં તેમને જણાવ્યું કે પાકિસ્તાની વ્યક્તિએ તેનું અપહરણ કર્યું અને તેને પોતાના ફ્લેટ પર લઈ ગયો. આરોપી પોતે પણ અને 5-6 અન્ય લોકો પાસે તેનું શારીરિક શોષણ કરાવતો હતો. જ્યારે તેણે પોતાને આરોપીઓના પંજામાંથી છોડાવવાનો પ્રયાસ કર્યો તો તેને રૂમમાં પુરી દેવામાં આવી.

લંડનમાં પાકિસ્તાની ગ્રૂમરની ઘણી ગેંગ સક્રિય : પ્રદર્શનમાં સામેલ શીખોનું કહેવું છે કે યુકેમાં પાકિસ્તાની ગ્રૂમર ગેંગ સક્રિય છે જે છોકરીઓને અપહરણ કરીને લઈ જાય છે અને પછી આખી ગેંગ મળીને તેના પર બળાત્કાર કરે છે. આવી ઘણી ઘટનાઓ સામે આવી છે. લંડન પોલીસ તેમની સામે કોઈ નક્કર કાર્યવાહી કરી રહી નથી.

ગરીબ છોકરીઓને નિશાન બનાવે છે: વેસ્ટ લંડનમાં છોકરીને મુક્ત કરાવનારા લોકોનું કહેવું છે કે યુકેમાં પાકિસ્તાની ગ્રૂમર ગેંગના નિશાન પર 11 થી 16 વર્ષની છોકરીઓ રહે છે. ગેંગના સભ્યો ગરીબ છોકરીઓને શોધે છે. આ ઉપરાંત જે છોકરીઓ સોશિયલ મીડિયા પર એકલી દેખાય છે અથવા જેઓ સ્કૂલોમાં સતત ગેરહાજર રહે છે, તેમને શોધીને ફસાવે છે.

ભેટ આપીને પ્રેમ અને લગ્નની લાલચ: ગ્રૂમર ગેંગ આ છોકરીઓને પ્રેમ, મિત્રતા, લગ્નની લાલચ, મોંઘી ભેટો અને સામાન આપીને ફસાવે છે. આ પછી તેમનું શોષણ કરવાનું શરૂ કરી દે છે. પહેલા તેઓ એક પછી એક છોકરીઓને ફસાવે છે અને પછી તેમને પોતાની સાથે લઈ જાય છે.

બ્લેકમેલ કરીને અને ડરાવીને પોતાની પાસે રાખે છે: ગ્રૂમર ગેંગ છોકરીઓને પહેલા તેમના પરિવાર અને મિત્રોથી દૂર કરે છે. પછી તેમનું શોષણ કરવાનું શરૂ કરે છે. છોકરીને જ્યારે તેમની હકીકત ખબર પડે છે ત્યારે તે ભાગવાની કોશિશ કરે છે, ત્યારે ગ્રૂમર ગેંગ તેમને બ્લેકમેલ કરીને અને જાનથી મારી નાખવાની ધમકી આપીને ડરાવીને પોતાની પાસે રાખે છે.

છોકરીઓને અલગ-અલગ જગ્યાએ મોકલે છે: જ્યારે ગ્રૂમર ગેંગ છોકરીઓને સંપૂર્ણપણે પોતાના કબજામાં લઈ લે છે, ત્યારે તેઓ તેમને અલગ-અલગ જગ્યાએ મોકલે છે. છોકરીઓને ફ્લેટ, હોટલોમાં મોકલીને તેના બદલામાં મોટા પૈસા લે છે.

# ટ્રમ્પ પછી કોણ સંભાળશે અમેરિકા: પહેલાં ઉપરાષ્ટ્રપતિ વેન્સ આગળ હતા, વેનેઝુએલા પર હુમલા પછી વિદેશમંત્રી રુબિયોનો દરજ્જો વધ્યો

**વોશિંગ્ટન, તા.13**

અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયોના આગામી અમેરિકી રાષ્ટ્રપતિ બનવાની શક્યતા અચાનક ઘણી વધી ગઈ છે. બ્રિટિશ અખબાર ધ ઈન્ડિપેન્ડન્ટના અહેવાલ મુજબ, એનું કારણ વેનેઝુએલા પર કરવામાં આવેલી અમેરિકી કાર્યવાહી છે.

અમેરિકી સેનાએ 3 જાન્યુઆરીની રાત્રે વેનેઝુએલા પર હુમલો કર્યો અને રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમનાં પત્નીનું અપહરણ કરીને અમેરિકા લઈ આવ્યાં. આ મિલિટરી એક્શન અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મંજૂરીથી થઈ હતી.

અમેરિકી મીડિયા હાઉસ પોલિટિકો અનુસાર, ટ્રમ્પે વેનેઝુએલાની જવાબદારી સંપૂર્ણપણે માર્કો રુબિયોને સોંપી દીધી છે. આ સમગ્ર ઓપરેશનમાં રુબિયોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પછી તેમના આગામી અમેરિકી રાષ્ટ્રપતિ બનવાની શક્યતા ઝડપથી વધી છે.

ડોનાલ્ડ ટ્રમ્પ 2 વખત અમેરિકી રાષ્ટ્રપતિ બની ચૂક્યા છે. અમેરિકી બંધારણ મુજબ, કોઈપણ વ્યક્તિ 2 વખતથી વધુ રાષ્ટ્રપતિ બની શકતો નથી. આવી સ્થિતિમાં એવું માનવામાં આવે છે કે 2028માં યોજાનારી રાષ્ટ્રપતિ ચૂંટણી માટે માર્કો રુબિયો સૌથી મજબૂત વિકલ્પ છે.

વેનેઝુએલા ઓપરેશનના તરત જ બાદ ટ્રમ્પે રુબિયોને કાર્યકારી રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) ની જવાબદારી સોંપી. 1973માં હેનરી કિસિંજરને વિદેશમંત્રી અને NSA બનાવવામાં આવ્યા બાદ આ પહેલીવાર બન્યું જ્યારે કોઈને આ બેવડી જવાબદારી આપવામાં આવી હોય.

પોલિટિકો લખે છે કે વિદેશમંત્રી રુબિયો ટ્રમ્પ પ્રશાસનમાં વેનેઝુએલા સાથે સંકળાયેલા સૌથી મહત્ત્વપૂર્ણ વ્યક્તિ તરીકે ઊભરી આવ્યા છે. જ્યારે ટ્રમ્પે કહ્યું હતું કે અમે આ દેશને ચલાવવા જઈ રહ્યા છીએ, ત્યારે તેઓ તેમની બરાબર પાછળ ઊભા હતા.

આ પછી રુબિયો રવિવારના તમામ ન્યૂઝ શોમાં આવ્યા અને એ ઓપરેશન સમજાવ્યું, જેમાં વેનેઝુએલાના નેતા નિકોલસ માદુરોને પકડવામાં આવ્યા હતા. પછીના દિવસોમાં તેમણે કોંગ્રેસને આપેલી બ્રીફિંગમાં પણ આ કાર્યવાહીનો બચાવ કર્યો.



હવે સોશિયલ મીડિયા પર રુબિયોના ફોટોશોપ કરેલાં મીમ્સ ફરી રહ્યાં છે, જેમાં તેમને વેનેઝુએલાના રાષ્ટ્રપતિ જેવા પોશાકમાં બતાવવામાં આવ્યા છે.

પોલિટિકોએ ગયા વર્ષે નવેમ્બરમાં અહેવાલ આપ્યો હતો કે રુબિયોએ ખાનગીમાં કહ્યું હતું કે જો 2028માં જેડી વેન્સ ચૂંટણી લડશે તો તેઓ તેમને સમર્થન આપશે. તેમણે એક અન્ય ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે જો જેડી વેન્સ રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી લડશે તો તેઓ જ અમારા ઉમેદવાર હશે અને હું સૌથી પહેલા તેમને સમર્થન આપીશ.

જોકે ઘણા રાજકીય વ્યૂહરચનાકારો આ વાત પર વિશ્વાસ નથી કરતા. રુબિયોના 2016ના રાષ્ટ્રપતિ અભિયાનમાં સલાહકાર રહેલા બઝ જેકબ્સે કહ્યું- મને પાર્ટીનાં આંતરિક સૂત્રો પાસેથી જે સાંભળવા મળી રહ્યું છે એ મુજબ રુબિયો ચૂપચાપ રિપબ્લિકન પાર્ટીની અંદર પોતાની તાકાત વધારી રહ્યા છે.

રાષ્ટ્રપતિ જ્યોર્જ ડબ્લ્યુ બુશના પૂર્વ સલાહકાર અને જૂના રાજકીય વ્યૂહરચનાકાર માર્ક મેકકિનોન પોલિટિકો સાથેની વાતચીતમાં કહે છે કે 'વેનેઝુએલાનો દાવ સફળ રહ્યો તો તેઓ (રુબિયો) ભવિષ્યમાં અમેરિકાના રાષ્ટ્રપતિ બની શકે છે, પરંતુ જો એ નિષ્ફળ રહ્યો તો નક્કી છે કે તેઓ ક્યારેય એ પદ પર પહોંચી શકશે નહીં.'

રુબિયોએ 2016માં ટ્રમ્પ વિરુદ્ધ રાષ્ટ્રપતિની ચૂંટણી લડી હતી અને ત્યારે તેમણે ટ્રમ્પને 'ઠગ' પણ કહ્યા હતા, પરંતુ ટ્રમ્પના જીત્યા પછી અને રિપબ્લિકન પાર્ટી પર તેમનું સંપૂર્ણ પ્રભુત્વ સ્થાપિત થયા પછી રુબિયોએ પોતાની ઘણી નીતિઓ અને ભાષા બદલી નાખી. તેમણે પોતાની આસપાસ 'અમેરિકા ફર્સ્ટ' વિચારધારા ધરાવતા સ્ટાફ અને સલાહકારો રાખ્યા, જે ટ્રમ્પની કડક વિદેશનીતિને આગળ વધારવામાં મદદ કરે છે.

2024માં ટ્રમ્પે તેમને ઉપરાષ્ટ્રપતિ પદ માટે શોર્ટલિસ્ટ કર્યા હતા, પરંતુ આખરે રુબિયોને વિદેશમંત્રી બનાવવામાં આવ્યા. હવે રુબિયો વેનેઝુએલા ઓપરેશનનો ચહેરો બની ચૂક્યા છે, પરંતુ ચોંકાવનારી વાત એ છે કે ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ આ ઓપરેશનથી ઘણા દૂર રહ્યા.

વેનેઝુએલા પર સફળ ઓપરેશન પછી ટ્રમ્પે 4 જાન્યુઆરીની રાત્રે ફ્લોરિડામાં પોતાના ખાનગી નિવાસસ્થાન માર-એ-લાગોથી જનતાને સંબોધિત કર્યા હતા. ત્યારે ટ્રમ્પની સાથે વિદેશમંત્રી માર્કો રુબિયો અને રક્ષામંત્રી પીટ હેગસેથ જોવા મળ્યા હતા, જ્યારે ઉપરાષ્ટ્રપતિ તેમાંથી ગેરહાજર રહ્યા.

નિષ્ણાતો કહી રહ્યા છે કે આ વેન્સને સુરક્ષિત રાખવાનો એક માર્ગ પણ છે. ખરેખર, ટ્રમ્પના કટ્ટર સમર્થકોનો મોટો હિસ્સો ઈચ્છે છે કે તેમનો દેશ વિદેશી દખલગીરીથી દૂર રહે. ભવિષ્યમાં જો વેનેઝુએલાનો દાવ નિષ્ફળ જાય તો વેન્સ આ જવાબદારીમાંથી બચી શકે છે. તેઓ ખુલ્લેઆમ કહી શકે છે કે હું આમાં ક્યાંય નહોતો.

પોલિટિકો અનુસાર, જો રુબિયો રાષ્ટ્રપતિ પદ માટે આગામી ચૂંટણી લડે છે તો તેમનું કરિયર બની પણ શકે છે અને બગડી પણ શકે છે. સટ્ટાબાજી કંપની પોલિમર્કેટ અનુસાર, ગયા મહિને જ્યાં તેમની જીતવાની સંભાવના માત્ર 4% હતી ત્યાં સોમવારે સવારે એ વધીને 9% થઈ ગઈ.

જોકે રુબિયો હજુ પણ આ રેસમાં અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સથી પાછળ છે. વેન્સની સંભાવના હાલમાં 30% જણાવવામાં આવી રહી છે. જ્યારે વિપક્ષી ડેમોક્રેટિક પાર્ટી તરફથી 2028ની રાષ્ટ્રપતિ ચૂંટણીમાં સૌથી આગળ કેલિફોર્નિયાના ગવર્નર ગેવિન ન્યૂસમ છે, જેમની સંભાવના 18% છે. તેમના પછી ન્યૂયોર્કની સાંસદ એલેક્ઝાન્ડ્રિયા ઓકાસિયો-કોર્ટેઝ છે, જેમની સંભાવના 8% જણાવવામાં આવી છે.

વોલ સ્ટ્રીટ જર્નલ (WSJ)એ ઓગસ્ટ 2025માં આ સંબંધિત એક રિપોર્ટ પ્રકાશિત કર્યો હતો. એમાં જણાવવામાં આવ્યું હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ તેમના સંભવિત ઉત્તરાધિકારીને લઈને જાણીજોઈને સ્થિતિ સ્પષ્ટ કરતા નથી. તેઓ તેમના નજીકના સહયોગીઓ સાથે અથવા મિટિંગમાં જેડી વેન્સ અને માર્કો રુબિયોની તુલના કરતા રહે છે.

તેઓ તે બંનેને એવું અનુભવ કરાવતા રહે છે કે તે બંને રાષ્ટ્રપતિ પદની રેસમાં છે, જોકે તેમણે કોઈ એકનો પણ ખુલ્લેઆમ સમર્થન કર્યું નથી.

તંત્રી લેખ

## ટ્રમ્પનો તગડો ઓઈલ પ્લાન : પેટ્રોલ-ડીઝલ સસ્તાં થઈ શકે

માની લો કે તમે અમદાવાદના એસજી હાઈવે પર બેસીને નિફ્ટીના ઓપ્શન ટ્રેડ કરી રહ્યા છો કે સુરતના વરાછામાં બેસીને હીરાના સોદા કરી રહ્યા છો. એવામાં અચાનક તમને ખબર પડે કે તમે જે રૂપિયાને ડોલરમાં બદલવાની ગણતરી કરી રહ્યા છો એની કિંમતો હવે અમેરિકા નહીં, પણ ખાડી વિસ્તાર રિયાધ કે ચીનના બીજિંગથી નક્કી થશે. જાણીને નવાઈ લાગશે, પણ 2024 પછી આ નવી શરૂ થયેલી નરેન્દ્ર મોદીની સર્જિકલ સ્ટ્રાઈક જેવી ડોલર સામેની ઈકોનોમિક સર્જિકલ સ્ટ્રાઈક છે. એમાં ભારત અને દુનિયાના અન્ય દેશો હવે ડોલરની દાદાગીરી સામે પોતાનું ચલણ ઊભું કરી રહ્યા છે. અત્યારસુધી અમેરિકાએ પેટ્રો ડોલરના જોરે આખી દુનિયાના ધંધા પર દાદાગીરી કરી, પણ અમેરિકાના પેટ્રો ડોલરનો પાયો હવે હચમચી ગયો છે. સાઉદી અરેબિયા હવે આ ઔપચારિક સમજૂતીથી આગળ વધવાની વાત કરી રહ્યું છે. એના કારણે અમેરિકાને પોતાના ડોલર એકાધિકાર મામલે ફાળ પડી છે. આપણને થાય કે તો એનાથી મારે શું? તો સાંભળો! આ પેટ્રો ડોલરની સીધી અસર આપણાં ખિસ્સાં, ઘરનાં રેશન અને ધંધા પર પડવાની છે. આ તેલનું રાજકારણ નથી, આ કરન્સી વોર છે, માટે જ અમેરિકાએ વેનેઝુએલાના તેલના કૂવાઓ પર ખેલ પાડી દીધો છે, માટે આજે વિસ્તારે વાત કરીએ પેટ્રો ડોલર અને નવી ઊભી થતી કરન્સીઓ વિશે. અમેરિકા આજે 38.4 ટ્રિલિયન ડોલરનાં દેવાં નીચે દબાયેલું છે. આ આંકડો અમેરિકાની કુલ જીડીપીના 124%થી પણ વધુ છે. એનો અર્થ એ કે અમેરિકા જેટલું કમાય છે એના કરતાં સવા ગણું તો તેના પર દેવું છે. આ દેવાંનું વ્યાજ ચૂકવવા માટે જ તેણે દર વર્ષે અબજો ડોલરનાં નવાં બોન્ડ્સ બહાર પાડવાં પડે છે, જે દુનિયાના દેશો ત્યારે જ ખરીદશે જો ડોલરનું ડોમિનન્સ ટકી રહે. આપણે બધા જ જાણીએ છીએ કે તેલનો વેપાર ખાલી ડોલરમાં જ થાય છે, પણ હવે એ અમેરિકા-સાઉદીવાળી પેટ્રો ડોલરની ઔપચારિક સમજૂતી નથી રહી. સાઉદીએ હવે આ પરંપરાગત સમજૂતીથી આગળ વધીને નવા વિકલ્પો શોધવાનું નક્કી કર્યું છે. સાઉદી અને અમેરિકા વચ્ચે પેટ્રો ડોલર વેપાર જ નહીં થાય એવું પણ નથી. સાઉદી માત્ર વિકલ્પો શોધી રહ્યું છે. જો દુનિયા તેલ ખરીદવા માટે ડોલરનો ઉપયોગ જ બંધ કરી દે તો અમેરિકા પાસે પોતાનાં દેવાં ચૂકવવાનો કોઈ રસ્તો જ નહીં રહે. માટે જ હમણાં નવા વર્ષે અમેરિકાએ વેનેઝુએલાને પોતાનું નવું મોહરું બનાવ્યું છે, કારણ કે વેનેઝુએલા પાસે સાઉદી અરેબિયા કરતાં પણ વધુ તેલ છે. હવે આ આખી વાતને આપણે 100 ટકા સમજવા માટે 1974ના ફ્લેશબેકમાં જવું પડશે. થયું કંઈક એવું હતું કે 1971માં અમેરિકાના રાષ્ટ્રપતિ રિચાર્ડ નિક્સને ડોલરને ગોલ્ડ સ્ટાન્ડર્ડથી અલગ કરી દીધો, જેના કારણે ડોલર માત્ર કાગળનો ટુકડો બની ગયો, પણ ત્યારના અમેરિકાના ચાણક્ય હેનરી કિસિંજરે સાઉદી અરેબિયાના શાહ સાથે એક ગુપ્ત સોદો પાડી દીધો, જોકે એ કોઈ ઓફિશિયલ સોદો ન હતો અને ચોક્કસ સમયસીમા પણ ન હતી. અમેરિકાએ સાઉદી અરેબિયાને કહ્યું કે "તમે તમારું ઓઈલ 50 વર્ષ સુધી માત્ર ડોલરમાં જ વેચો. બદલામાં અમે તમને હથિયાર અને સૈન્ય સુરક્ષા આપીશું." આ કંઈ ખોટનો ધંધો તો હતો નહીં! માટે સાઉદી માની ગયું. એના કારણે દુનિયાના દરેક દેશને ફરજિયાત ડોલર ખરીદવા પડ્યાં. કારણ તો આપણે બધા જાણીએ જ છીએ કે પેટ્રોલ-ડીઝલ વગર તો કોઈ દેશ ચાલે એમ જ નથી. આ સોદાનું નામ જ હતું પેટ્રો ડોલર. એના કારણે અમેરિકા દુનિયાનો સૌથી મોટો પૈસાવાળો વેપારી દેશ બની ગયો.

# મકરસંક્રાંતિ ની મજા આપણી માટે કે અન્ય કોઈ માટે સજા ન બની જાય! એનું ધ્યાન રાખીએ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હિન્દુ સંસ્કૃતિની ઘણી આગવી પહેચાન છે, જેમકે તેના વિવિધ સ્વરૂપો ધરાવતા દેવી-દેવતાઓ, અને દરેક સ્વરૂપનું કોઈને કોઈ મહાત્મય! પંચાંગ એ પણ હિન્દુ સંસ્કૃતિની એક અનેરી પહેચાન ધરાવતું અંગ છે. આજકાલ અન્ય ગ્રહ પર પહોંચવા માટે જે શોધ થઈ રહી છે, અને ગ્રહના સ્થાન વિશે જે ગણતરીઓ મંડાઈ રહી છે, એ ભારતીય ઋષિઓએ સદીઓ પહેલા માંડી અને પંચાંગ તૈયાર કર્યું હતું. વાર, તિથી, ગ્રહ, નક્ષત્ર, આ બધું જ આકાશ ગંગાના એ ગ્રહના સ્થાનને હલનચલન પર નિર્ભર છે, એ આપણે સૌ જાણીએ છીએ. પૃથ્વી નામના ગ્રહ પર વસનારા આપણે પ્રાણીઓ છીએ, અને સૌથી વધુ પૃથ્વીને સૂર્ય ચંદ્ર નામના ગ્રહની ગતિ અને પૃથ્વીથી તેનું અંતર એ બંને પ્રભાવિત કરે છે. આવો જ એક સુંદર તહેવાર કે જેમાં સૂર્ય મકર નામની રાશિમાં પ્રવેશ કરે છે કે ઉતરાયણ કરે છે, જેને આપણે મકરસંક્રાંતિ કે ઉત્તરાયણ તરીકે ઓળખીએ છીએ એ તહેવાર નજીક આવી રહ્યો છે. આ તહેવાર આપણે ઘણી શ્રદ્ધાથી ઉજવતા હોઈએ છીએ, એમાં દાનનું પણ એક અનેરૂ મહત્વ છે. પરંતુ ખાસ કરીને જુવાનીયાઓને આ દિવસે પતંગ ઉડાડવાની સૌથી વધુ મજા આવે છે, અને એટલે એમને આ તહેવાર સૌથી વધુ ગમતો હોય છે. તો આ તહેવારમાં પતંગ ઉડાડવામાં ઘણા જોખમો છે, અને ક્યાંક કોઈનાં જીવન નામની પતંગ કપાઈ ન જાય, એનો ખાસ ખ્યાલ રાખવો જોઈએ, એટલે એવો જ કિસ્સો હું બુધવારે બોધકથામાં લઈને આવી છું.

ચિરાગ ઓફિસેથી આવ્યો તો એણે જોયું કે ઘરનું બારણું ખુલ્લું છે, પણ ચિત્રા ઘરમાં જણાતી નથી. કારણ કે અંધારું થઈ ગયું હોવા છતાં, ક્યાંય લાઈટ હતી નહીં. ચિત્રા.. ચિત્રા.. એમ સાદ કરતો ચિરાગ ઘરમાં પ્રવેશ્યો, ઘરમાં પ્રવેશતાજ તેની નજર હનુમાનજીના ફોટા નીચે રહેલા તારીખિયામાં ગઈ, અને એને થયું કે ઓહ આજે 10 જાન્યુઆરી છે! અને એટલે ચિત્રા...! આ જાન્યુઆરી મહિનો એની માટે ઘણી કડવી યાદોથી ભરેલો હતો, અને ચિત્રાતો 2018 ના જાન્યુઆરી પછી સાવ મૌન બની ગઈ હતી. એનો મતલબ એ હતો કે ચિત્રા ઘરમાં જ છે, પણ પોતાના રૂમમાં અંધારામાં બેઠી હશે. એની ગણતરી સાચી પડી, ચિરાગે રૂમમાં પ્રવેશતા કહ્યું ચિત્રા સંધ્યા થઈ ગઈ, કેમ લાઈટ નથી કરી? અને એણે બેડરૂમની લાઈટ ચાલુ કરી! સામે બેડ પર ચિન્ટુનો ફોટો હાથમાં લઈને ચિત્રા રડી રહી હતી. ચિરાગ તેની નજીક ગયો અને તેના વાંસામાં હાથ ફેરવીને આશ્વાસન આપતાં બોલ્યો, ચિત્ર આ આપણા જીવનની કડવી વાસ્તવિકતા છે, એને સ્વીકાર્યા વગર નહીં ચાલે! અને ચિત્રા ચિરાગને ભેટીને જોરદાર આંસુએ રડી પડી.

ચિન્ટુ બરાબર નવ વર્ષનો હતો અને ચિરાગ આ મેટ્રો સીટીમાં પોસ્ટિંગ લઈને આવ્યો હતો. ચિન્ટુ એમનું પ્રથમ અને છેલ્લું સંતાન હતું. અત્યંત અદ્યતન સુવિધા ધરાવતા તેમજ ઉંચી ઉંચી બિલ્ડીંગો, અને મલ્ટિપ્લેક્સ સિનેમા, શોપિંગ સેન્ટર, શોપિંગ મોલ, આ બધું જોઈ બંને જણા કોઈ સ્વપ્ન નગરીમાં આવ્યા હોય, એમ તેમને લાગતું હતું. મેટ્રો સીટીમા બધી જ વસ્તુઓ આસાનીથી મળી જાય, પણ ઘર મહા મુશ્કેલીયે મળે! એવા આ શહેરમાં એમને પોતાનો આશિયાનો માંડ માંડ મળ્યો. 12 માળ અને એક માળ પર 10 ફ્લેટ એવા તોતિંગ ટાવરના દસમા માળે ચિરાગ એ થ્રી બીએચકે વાળો ફ્લેટ ભાડે રાખ્યો હતો. લિફ્ટમાં ઉપર નીચે જવું, અને આવું બધું નવું નવું જોઈ, પહેલા તો ચિત્રાને ખૂબ જ ડર લાગતો હતો,પણ પછી ટેવાઈ ગઈ હતી.




2018 ના જાન્યુઆરીની મકરસંક્રાંતિએ ચિરાગે પોતાના ફ્લેટમાં પતંગ ઉડાડવા માટે એના ઘણા ફ્રેન્ડ ને ઈન્વાઈટ કર્યા હતા, અને બધા ફેમિલી બપોરનું ભોજન અહીં જ કરવાના હતાં. ચિત્રાને પણ અગાસી પર આ તહેવારમાં આનંદ લઈ શકાય, એટલે બધું જ પહેલેથી આયોજન કરી લીધું હતું, તેમજ અમુક વસ્તુ ઓર્ડરથી મંગાવી લેવાની પણ તૈયારી થઈ ગઈ હતી. આ ઉપરાંત કડક માંજો પાયેલા ત્રણ ચાર રીલ, 9/ 10 પંજા પતંગ, શીંગ, દાળિયા, તલ, મમરા વગેરેની ચીકી, લાડુ, શેરડી, બોર, ખજૂર, વગેરે પણ આવી ગયું હતું.

14 જાન્યુઆરીનો દિવસ પણ આવી ગયો, અને ચિરાગના બધા જ ફ્રેન્ડ્સ આઠ વાગ્યા સુધીમાં આવી ગયા, અને ફ્લેટ લોક કરીને બધા જ કપલ અગાસીમાં પતંગ ચગાવવા પહોંચી ગયા. ચિન્ટુને પણ વહેલો ઉઠાડી ગરમ કપડા વગેરે પહેરાવી તૈયાર કરી દીધો હતો. ચિન્ટુ પોતે પણ પતંગ ચગાવવાનો અને એને ઉડતી જોવાનો શોખીન હતો, એટલે એ પોતે પણ મકરસંક્રાંતિના તહેવાર માટે કેટલાય દિવસથી ઉત્સાહિત હતો. લગભગ બધી જ ટેરેસમાં યુવાનોની ભીડ હતી, અને કાપ્યો છે...! પકડ્યો છે....! જો જાય..! એવી બૂમો સંભળાતી હતી તો એક બાજુથી લાઉડ સ્પીકર પર મોટે મોટે થી ગોતી લ્યો..!! ગોતી લ્યો..! એ અને બીજા કેટલાય ગીતોના અવાજ સંભળાતા હતા. ચિન્ટુ માટે પણ માંઝા વગરની લોટ પાયલી દોરી, અને નાનકડા નાનકડા પતંગ ખરીદાયા હતાં, અને એ પણ પોતાની રીતે નાનકડા પતંગને ચગાવવામાં મસગુલ હતો. એવામાં ચિરાગના એક મિત્રની કપાયેલા પતંગની દોરીમાં એક કબૂતરનો પગ સલવાઈ ગયો, અને બધાં જ મિત્રો એને બચાવવામાં વ્યસ્ત હતા! એમની પત્નીઓના મન પણ કબૂતર મરી જશે! કે પછી લંગડું થઈ જશે! એ ચિંતામાં ત્યાં જ ચોંટેલા હતાં, અને બરોબર એ જ સમયે ચિન્ટુની વધારાની પતંગો ટેરેસમાં પવન આવતા ઉડવા લાગી, અને એ તેને પકડવા દોડ્યો! એને ખ્યાલ જ ન રહ્યો કે પાણીનાં ટાંકા માટેની નાની અગાશીમાં એકલો જ પતંગ ચગાવતો હતો, અને એની પેરેફિટ સાવ સાંકડી અને છીછરી હતી, એટલે પતંગ પકડવામાં મમ્મી... એમ ચીસ પાડી સીધો નીચે પડ્યો. મમ્મી શબ્દ સાંભળતા જ ચિત્રાનુ ધ્યાન ત્યાં ગયું, અને એનાં મોઢામાંથી માત્ર ચિન્ટુ.... એમ નીકળ્યું! બસ ત્યારથી એની વાંચા હરાઈ ગઈ..., તે આજ સુધી. ન કબૂતર બચ્યું કે ન ચિન્ટુ...! અને ચિરાગ ચિત્રાના ઘરનો ચિરાગ બુઝાઈ ગયો! બસ ત્યારથી ચિત્રા સુનમુન થઈ ગઈ. કેટલાય ડોક્ટરને બતાવ્યું પણ ચિત્રાની વાંચા ને કોઈ પાછું લાવી શક્યું નહીં!! અને આમ એમને મજા ની સજા મળી. કોઈ એ કહ્યું કે આ શહેર આ ઘર સાથે આ ઘટના જોડાયેલી છે, તો એણે એ શહેર અને ઘર પણ છોડી દીધું, પણ ચિત્રાનું મૌન કોઈ ભેદી શક્યું નથી.

તો મિત્રો સદીઓથી આ તહેવાર આપણે ઉજવીએ છીએ, પણ નાની વાતમાં સાવધાની રાખવાનું આપણને યાદ નથી રહેતું. કેટલાય પડશે, હાથપગ તૂટશે,અંગુઠા કપાશે, કેટલાય ચિત્રાની જેમ મુંગા થઈ જશે, કેટલાંય ચિન્ટુ ની જેમ ઉપરથી પડીને મરશે, અને કેટલાય પક્ષીઓના પગ કપાશે! કૂતરાં બિલાડી અને ગાય ભેંસ કે અન્ય પશુઓની ડોક કપાશે! કાપા પડશે, સ્કૂટર ચાલકોના વ્હીલમાં ભરાઈ ને એક્સિડન્ટ પણ થાય! અને એવું બીજું કેટલુંય નુકશાન થાય છે, પણ છતાં આપણે જોઈએ એટલી હજી સાવધાની રાખી શકતા નથી! અને એને કારણે આવાં નાનાં મોટાં એક્સીડન્ટ થાય છે. આ કિસ્સામાં વર્ણવેલી દુર્ઘટના પણ ઘણે અંશે સત્ય છે! તો આ તહેવાર ને બધાં સાવધાની પૂર્વક ઉજવીએ એવી એક નમ્ર અપીલ સાથે હું મારી વાત પુરી કરું છું.

## સ્પીપા (SPIPA) ખાતે 'સ્પેશિયલ ફાઉન્ડેશન કોર્સ-2025' અંતર્ગત 'ઈન્ડિયા ડે'ની ભવ્ય ઉજવણી



અમદાવાદ, તા. 13

સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા) ખાતે 'સ્પેશિયલ ફાઉન્ડેશન કોર્સ-૨૦૨૫' તાલીમ કાર્યક્રમ અંતર્ગત ભારતની ભવ્ય સાંસ્કૃતિક વિરાસતને પ્રદર્શિત કરતા 'ઈન્ડિયા ડે' ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

'ઈન્ડિયા ડે' કાર્યક્રમ અંતર્ગત અધિકારી-તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક વિવિધ ક્ષેત્રવાર પ્રદર્શનો અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં ભારતની વૈવિધ્યસભર સાંસ્કૃતિક પરંપરાઓને મનોહર રીતે પ્રસ્તુત કરવામાં આવી હતી, જેમાં નૃત્ય, શાસ્ત્રીય ગાયન, તબલા વાદન, કાવ્ય પઠન અને નાટ્ય રજૂઆતોનો સમાવેશ થતો હતો. વિશેષ કરીને તાલીમાર્થીઓ દ્વારા સામાજિક મુદ્દાઓને સ્પર્શતી પ્રભાવશાળી નાટ્ય પ્રસ્તુતિઓએ ઉપસ્થિત પ્રેક્ષકોને ભાવવિભોર કરી દીધા હતા. શાસ્ત્રીય અને સમકાલીન નૃત્યના સુમેળ તેમજ સંગીત અને અભિનયના અનોખા મિશ્રણે આ સંધ્યાને યાદગાર બનાવી દીધી હતી.

આ આયોજનના માધ્યમથી તાલીમાર્થીઓમાં રહેલી આંતરિક પ્રતિભા ખીલી ઉઠી હતી અને તેમનામાં સહકારભાવ, સર્જનાત્મકતા તેમજ સાંસ્કૃતિક સંવેદનશીલતાના ગુણોનું ઉત્કૃષ્ટ પ્રદર્શન જોવા મળ્યું હતું. કાર્યક્રમના અંતે તમામ તાલીમાર્થીઓએ સ્પીપા દ્વારા પીરસવામાં આવેલી દેશના વિવિધ પ્રાંતોની વિશિષ્ટ વાનગીઓનો રસાસ્વાદ માણ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકાર દ્વારા આ સ્પેશિયલ ફાઉન્ડેશન કોર્સનું આયોજન તા. ૧૦/૧૧/૨૦૨૫ થી તા. ૧૬/૦૧/૨૦૨૬ દરમિયાન કરવામાં આવેલ છે, જેનો મુખ્ય હેતુ ભાવિ અધિકારીઓના સર્વાંગી વ્યક્તિત્વ વિકાસનો છે.

૦૯ જાન્યુઆરીના રોજ કરવામાં આવેલી 'ઈન્ડિયા ડે'ની ઉજવણીમાં સ્પીપાના માનનીય મહાનિર્દેશક શ્રી હારીત શુક્લા (IAS) અને નાયબ મહાનિર્દેશક શ્રી ચંદ્રેશ કોટક (IAS) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સાંસ્કૃતિક ક્ષેત્રના નિષ્ણાતો સહિત સ્પીપાના વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# કલરથી તો ખાલી કપડાં જ બગડે છે પણ જો કોઈ વ્યક્તિ કલર બદલે ને તો ભરોસો અને લાગણી બંને બગડે છે.



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

સૌને પતંગોત્સવ ઉત્તરાયણ મકર સંક્રાંતિ પર્વની શુભકામના સાથે આજના લેખની શરૂઆતમાં જોઈએ તો દક્ષિણમાં ખૂબ દૂર એક શક્તિશાળી રાજા શાસન કરતો હતો. તેના ત્રણ પુત્રો હતા. એક દિવસ, રાજાએ પોતાના પુત્રોને શિક્ષિત કરવાનું વિચાર્યું જેથી સમય આવે ત્યારે તેઓ રાજ્યનો હવાલો સંભાળી શકે.

આ વિચારને ધ્યાનમાં રાખીને, રાજાએ પોતાના બધા પુત્રોને દરબારમાં બોલાવ્યા અને કહ્યું, 'પુત્રો, અમારા રાજ્યમાં એક પણ નાશપતીનું ઝાડ નથી.હું ઈચ્છું છું કે તમે બધા દર ચાર મહિને આ ઝાડની શોધમાં જાઓ અને તે કેવું છે તે શોધો.'રાજાની પરવાનગી આપીને, ત્રણેય પુત્રો વારાફરતી ગયા અને પાછા ફર્યા. જ્યારે બધા પુત્રો પાછા ફર્યા, ત્યારે રાજાએ તેમને ફરીથી દરબારમાં બોલાવ્યા અને ઝાડનું વર્ણન કરવા કહ્યું.પહેલા દીકરાએ કહ્યું,'પિતાજી,તે ઝાડ સંપૂર્ણપણે વાંકો અને સુકાઈ ગયું હતું.' ના,ના, તે લીલુંછમ હતું, પરંતુ કદાચ કંઈક ખૂટતું હતું કારણ કે તેમાં એક પણ ફળ નહોતું. બીજા દીકરાએ પહેલાદીકરાનેઅટકાવ્યો છી ત્રીજા દીકરાએ કહ્યું, 'ભાઈ, એવું લાગે છે કે તમે ખોટું ઝાડ જોયું, કારણ કે મેં ખરેખર એક નાસપતીનું ઝાડ જોયું હતું. તે ભવ્ય અને ફળોથી ભરેલું હતું. 'પછી ત્રણેય દીકરાઓ એક બીજા સાથે દલીલ કરવા લાગ્યા બસ એટલામાં રાજા પોતાના સિંહાસન પરથી ઊઠ્યો અને કહ્યું, 'બેટાઓ, તમારી વચ્ચે દલીલ કરવાની કોઈ જરૂર નથી. હકીકતમાં, તમે ત્રણેય ઝાડનું સાચું વર્ણન કરી રહ્યા છો. મેં તમને જાણી જોઈને અલગ અલગ ઋતુઓમાં ઝાડ શોધવા મોકલ્યા હતા, અને તમે જે જોયું તે ઋતુને અનુરૂપ હતું.'હું ઈચ્છું છું કે તમે આ અનુભવમાંથી ત્રણ બાબતો યાદ રાખો. પ્રથમ, જો તમને કોઈ વસ્તુ વિશે સચોટ અને સંપૂર્ણ માહિતી જોઈતી હોય, તો તમારે તેનું લાંબા સમય સુધી અવલોકન કરવું જોઈએ. પછી તે વ્યવસાય હોય, વિષય હોય, વસ્તુ હોય કે વ્યક્તિ હોય.બીજું, દરેક ઋતુ એકસરખી હોતી નથી. જેમ એક વૃક્ષ સુકાઈ જાય છે, લીલું રહે છે, અથવા ઋતુ પ્રમાણે ફળોથી ભરેલું હોય છે, તેવી જ રીતે, વ્યવસાય અને માનવ જીવનમાં ઉતાર-ચઢાવ આવે છે. તેથી, જો તમે ક્યારેય ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યા હોવ, તો તમારી હિંમત અને ધીરજ રાખો; સમય બદલાય છે.

અને ત્રીજું, તમારા મંતવ્યને એક માત્ર સાચો માનીને તેને વળગી ન રહો.તમારું મન ખોલો અને બીજાના મંતવ્યો પણ સમજો.

રાજા પરીક્ષિતને સાત દિવસમાં મુક્તિ અપાવી છે.યજ્ઞ કરાવે તો વધારે દિવસો થાય અને તેમાંયે યજ્ઞનું ફળ મુક્તિ નથી. શુકદેવજી મહાજ્ઞાની છે.તેમણે જ્ઞાનનેભક્તિ માં એક કરી નાખ્યું છે,તેથી શ્રી કૃષ્ણ કથામાં તેઓ પૂર્ણ સ્વરૂપે પ્રગટ થાય છે. ભાગવતનું ફળ મનની શાંતિ છે.મનની શાંતિ એટલે મનની સમાપ્તિ-મુક્તિ મન ને આપવાની છે.આત્મા તો સદા મુક્ત જ છે,પણ મન સંકલ્પ -વિકલ્પના ચાળા કરે છે. સંસારના વિષયોનું તેને આકર્ષણ રહે છે. તેને તે વિષયોમાંથી ખેંચી પ્રભુમાં એક



કરવું છે.જરા સરખી પણ વાસનાનો ધાગો રહી જાય તો જીવને ફરી જન્મવું પડે એટલે મનને મારવાનું છે એટલે કે તેને પરમાત્મા સાથે જોડવાનું છે. ભાગવતની કથા જ્ઞાનવૈરાગ્યને વધારનારી છે.શ્રીકૃષ્ણપ્રેમમાં લીન કરનારીછે.પાગલ કરનારી છે. મન મરે ત્યારે જીવ પાગલ બને છે. મનનું જરાસરખું પણ અસ્તિત્વ જીવને ફસાવનારું છે. પરીક્ષિત રાજાને શુકદેવજી એક પછી એક દૃષ્ટાંતો કહીને વાસનાના પાસમાં થી મુક્ત કરે છે.વાસનાનો સૂક્ષ્મ અંશ પણ રહી જાય તો મુક્તિ દૂર રહી જાય અને પરીક્ષિતનેસપ્તાહ માં મુક્તિ આપવી જ છે, એટલે શુકદેવજી ધીરે ધીરે તેની વાસના ઓનો નાશ કરી તેને શુદ્ધ અને સમર્થ બનાવે છે.અનેક જન્મે પણ યોગીઓ જે સિદ્ધ નથી કરતા તે સાત દિવસમાં કરવું છે. એવું કરવું છે કે,પરીક્ષિતના મનમાં કોઈ વિકાર કે વિચાર બાધક ન બને.શ્રીકૃષ્ણકથામાં તન્મય થવાય તો જ એ બને. સંસાર છોડવાનો નથી.સંસારને મનમાંથી કાઢવાનો છે. ઘરમાં રહીને ઘરથી અલગ રહેવાનું છે.શ્રીકૃષ્ણમાં મન તન્મય થાય તો જ મનનો નિરોધ થાય એટલે જગતનું વિસ્મરણ અને ભગવાન પર આસક્તિ સંસારનો સંબંધ છૂટે તો બ્રહ્મસંબંધ થાય, અને ખરો આનંદ,અનંત આનંદ,અખંડ આનંદ પ્રગટ થાય.દસમ સ્કંધએ ભાગવતનું ફળ છે.તત્ત્વ દૃષ્ટિથી આત્મા અને પરમાત્મા,જીવ અને ઈશ્વર એક છે પણ ઉપાધિથી ભેદ ભાસે છે.ઘડો ફૂટી જાય એટલે ઘટાકાશ-મહાકાશ એક થઈ જાય છે તેમાં નવું એક થવાપણું નથી.તેઓ એક હતાં જ ઉપાધિથી ભિન્ન દેખાતાં હતાં,તે હવે મટી ગયાં એટલે થયું.

વેદાંતનો સિદ્ધાંત એવો છે કે, અવિદ્યા આવરણયુક્ત ચૈતન્ય એ જીવ છે અને વ્યાપક ચૈતન્ય એ પરમાત્મા છે. અવિદ્યા દૂર થઈ, આવરણ દૂર થયું કે જીવ અને શિવ એક બને છે. જીવ-શિવનો ભેદ કેવળ ઉપાધિથી ભાસે છે.

શિવ અંશી અને જીવ એનો અંશ એટલે કે ભાગ એવું નથી. કારણ કે જીવ અંશ થઈ શકતો નથી. જો અંશ અંશીને ભાગ કહી અંશીમાંથી અંશ જુદો પડયો એમ કહીએ તો અંશીના સ્વરૂપ માં ભંગ થશે. ઈશ્વર એવા નથી કે જેના બે ટુકડા થાય. ઈશ્વર તો વ્યાપક ચૈતન્ય છે, સર્વત્ર છે. જેમ આકાશ સર્વમાં સર્વત્ર છે.

બીજી બાજુ વૈષ્ણવાચાર્યો માને છે કે,જીવ અને ઈશ્વર એક નથી. જીવ ઈશ્વરનો અંશ છે. અંશીથી અંશ જુદો પડે તો પણ અંશીનો નાશ થતો નથી. સમુદ્રમાંથી એક બિંદુ પાણી કાઢો તો તેથી સમુદ્રનો નાશ થતો નથી. આપણે બધા રાજાના દીકરા છીએ અને માયા દાસી છે.દાસીને બચ્ચાને રમાડવાને રાખી છે, પજવવાને નહીં.જો પજવે તો શેઠ દાસીને રજા આપે.જેની બુદ્ધિ અતિ સૂક્ષ્મ છે તેને વેદાંતો નો વિવર્તવાદ ગમશે. જેની બુદ્ધિ લાગણીપ્રધાન છે તેને વૈષ્ણવાચાર્યોનો સિદ્ધાંત ગમશે. ખરેખર તો આ બંને સિદ્ધાંતો દિવ્ય છે. ગમે તે માનો, પણ આત્મા નિત્ય મુક્ત છે.એને મુક્ત થવાપણું નથી. જીવને ઈશ્વરરૂપ માનો કે તેનો અંશ માનો તો પણ આત્મા મુક્ત છે. મુક્ત થવાનું મનને છે.સુખ-દુઃખ મનને થાય છે,પણ તેનો આરોપ આત્મા ઉપર કરવામાં આવે છે.મુક્તિ તેને મળે કે જેનું મન મરે છે.મનને કોઈ પણ રીતે મારવું છે.મનનેસંસારના વિષયોમાંથી પાછું વાળવા તેને શ્રીકૃષ્ણલીલામાં મૂકી દો અને શ્રીકૃષ્ણની લીલાનું ચિંતન કરો. મનને પ્રતિકૂળમાંથી હટાવો અને અનુકૂળમાં જોડો.એથી જ્ઞાન વૈરાગ્ય વધશે મન શ્રીકૃષ્ણ પ્રેમમાં મગ્ન થશે.સંસારના વિષયોનું વિસ્મરણથાય સંસારનો સંબંધ છૂટે ત્યારે જ ખરો આનંદ પ્રગટ થાય ત્યારે જ બ્રહ્મસંબંધ થાય છે.જો સંસારના વિષયોમાં ખરો આનંદ હોય તો મનુષ્યને નિદ્રા માટે ઈચ્છા જ ન થાય.બીજી બાજુ વૈષ્ણવાચાર્યો માને છે કે,જીવ અને ઈશ્વર એક નથી. જીવ ઈશ્વરનો અંશ છે. અંશીથી અંશ જુદો પડે તો પણ અંશીનો નાશ થતો નથી. સમુદ્રમાંથી એક બિંદુ પાણી કાઢો તો તેથી સમુદ્રનો નાશ થતો નથી. આપણે બધા રાજાના દીકરા છીએ અને માયા દાસી છે.દાસીને બચ્ચાને રમાડવાને રાખી છે, પજવવાને નહીં.જો પજવે તો શેઠ દાસીને રજા આપે. જેની બુદ્ધિ અતિ સૂક્ષ્મ છે તેને વેદાંતો નો વિવર્તવાદ ગમશે. જેની બુદ્ધિ લાગણીપ્રધાન છે તેને વૈષ્ણવાચાર્યોનો સિદ્ધાંત ગમશે. ખરેખર તો આ બંને સિદ્ધાંતો દિવ્ય છે. ગમે તે માનો, પણ આત્મા નિત્ય મુક્ત છે.એને મુક્ત થવાપણું નથી. જીવને ઈશ્વરરૂપ માનો કે તેનો અંશ માનો તો પણ આત્મા મુક્ત છે. મુક્ત થવાનું મનને છે.સુખ-દુઃખ મનને થાય છે,પણ તેનો આરોપ આત્મા ઉપર કરવામાં આવે છે.મુક્તિ તેને મળે કે જેનું મન મરે છે.મનને કોઈ પણ રીતે મારવું છે. મનનેસંસારના વિષયોમાંથી પાછું વાળવા તેને શ્રીકૃષ્ણલીલામાં મૂકી દો અને શ્રીકૃષ્ણની લીલાનું ચિંતન કરો. મનને પ્રતિકૂળમાંથી હટાવો અને અનુકૂળમાં જોડો.એથી જ્ઞાન વૈરાગ્ય વધશે મન શ્રીકૃષ્ણ પ્રેમમાં મગ્ન થશે.સંસારના વિષયોનું વિસ્મરણથાય સંસારનો સંબંધ છૂટે ત્યારે જ ખરો આનંદ પ્રગટ થાય ત્યારે જ બ્રહ્મસંબંધ થાય છે.જો સંસારના વિષયોમાં ખરો આનંદ હોય તો મનુષ્યને નિદ્રા માટે ઈચ્છા જ ન થાય.

વાચક ચાહક મિત્રો,આ દુનિયા જ્ઞાનથી ભરેલી છે;જો તમે ઈચ્છો તો પણ, તમે એકલા બધુ જ્ઞાન મેળવી શકતા નથી.તેથી, મૂંઝવણ ની સ્થિતિમાં, કોઈ જ્ઞાની વ્યક્તિ પાસેથી સલાહ લેવામાં અચકાશો નહીં. આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહના હસ્તે ફાર્માસ્યુટિકલ એકેડેમી ફોર ગ્લોબલ એક્સેલન્સ (PAGE)નો શિલાન્યાસ કરાયો






**અમદાવાદ, તા. 13**

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહના હસ્તે અમદાવાદના સનાથલ ખાતે ફાર્માસ્યુટિકલ એકેડેમી ફોર ગ્લોબલ એક્સિલન્સ (PAGE)નો શિલાન્યાસ કરવામાં આવ્યો. PAGEના શિલાન્યાસ સમારંભમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ અલાયન્સ (IPA)નાં 25 વર્ષ પૂર્ણ થયાની ઉજવણી પણ કરવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે 'ધ એલ્કેમી ઑફ ક્યોર' કૉફી ટેબલ બુકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ એલાયન્સનાં 25 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ઈન્ડિયા ફાર્મા આર્કાઈવ્સનું પણ લોકાર્પણ કરાયું હતું. આ સમારંભમાં IPAના પ્રમુખ અને ઝાયડસના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. શાર્વિલ પટેલે પ્રાસંગિક વકતવ્ય આપ્યું હતું, જ્યારે ડૉ. રેડ્ડીના ચેરમેન શ્રી સતીષ રેડ્ડીએ સ્વાગત પ્રવચન અને લુપિનના એમડી શ્રી નીલેશ ગુપ્તાએ આભારવિધિ કરી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી બાબુભાઈ જ. પટેલ, ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ, અગ્રણી ફાર્માસ્યુટિકલ ઉદ્યોગના લીડર્સ અને શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા. અત્રે ઉલ્લેખનીય છે કે PAGE એ ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ એલાયન્સ (IPA)ની સભ્ય કંપનીઓ દ્વારા શરૂ કરાયેલ ઉદ્યોગ આધારિત નેશનલ સ્કિલિંગ ઈનિશિયેટિવ છે. આ પહેલ માટે IPAના સભ્યોએ ફાર્માસ્યુટિકલ ઉત્પાદન અને ગુણવત્તા ઉત્કૃષ્ટતાને ધ્યાનમાં રાખીને કુલ 50 મિલિયન અમેરિકન ડૉલરની રકમ ફાળવી છે. IPAની સભ્ય કંપનીઓના સામૂહિક પ્રયાસ રૂપે શરૂ કરાયેલા PAGEનો હેતુ વૈશ્વિક સ્તરની તાલીમ સંસ્થાઓ સ્થાપવાનો છે, જેમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા ફાર્માસ્યુટિકલ મેન્યુફેક્ચરિંગ, ગુણવત્તા સિસ્ટમ્સ અને ઓપરેશન્સ માટે ઉચ્ચ કુશળ માનવ સંસાધન તૈયાર કરવામાં આવશે.

# અમદાવાદ મંડળ દ્વારા રેલવે પરિસરમાં થૂંકવા અને ગંદકી ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહી

**અમદાવાદ, તા. 13**

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળ દ્વારા રેલવે પરિસરમાં સ્વચ્છતા જાળવવા તથા યાત્રીઓમાં સ્વચ્છતા અંગે જાગૃતિ વધારવાના હેતુથી રેલવે અધિનિયમ, 1989 ની કલમ 198 તથા 167 અંતર્ગત 12 જાન્યુઆરી 2026ના રોજ એક વિશેષ સઘન તપાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ અભિયાન દરમિયાન અમદાવાદ મંડળના વિવિધ સ્ટેશનો અને રેલવે પરિસરોમાં કુલ 158 કેસોમાં કાર્યવાહી કરવામાં આવી, જેમાંથી 23,950નો દંડ વસૂલવામાં આવ્યો.

સ્ટેશનવાર વિગતો આ મુજબ છે–

અમદાવાદ સ્ટેશન: 69 કેસમાં 11,800

* સાબરમતી: 13 કેસમાં 1,400
* મહેસાણા: 5 કેસમાં 1,000
* પાલનપુર: 17 કેસમાં 2,500
* વિરમગામ: 6 કેસમાં 750
* ગાંધીધામ: 18 કેસમાં 3,100

ઉપરાંત, Sr DCMSQD દ્વારા 30 કેસોમાં 3,400 નો દંડ વસૂલવામાં આવ્યો.

આ સમગ્ર અભિયાન દરમિયાન વિવિધ સ્થળોએ કુલ 22 રેલવે કર્મચારીઓની તૈનાતી કરી સઘન દેખરેખ અને અસરકારક કાર્યવાહી સુનિશ્ચિત કરવામાં આવી.

રેલવે પ્રશાસન મુસાફરો તથા સામાન્ય જનતાને અપીલ કરે છે કે રેલવે પરિસર અને ટ્રેનોમાં થૂંકવું તથા ગંદકી ફેલાવવાથી દૂર રહે અને સ્વચ્છતા સંબંધિત નિયમોનું પાલન કરે. સ્વચ્છ રેલવે અને સુરક્ષિત રેલવેના નિર્માણ માટે સૌનો સહયોગ અત્યંત આવશ્યક છે.

# પિતા પુત્ર એકબીજા ના પ્રેરણાસ્ત્રોત



**અમદાવાદ, તા. 13**

આજ થી 6 વર્ષ પહેલા પુત્ર દ્વારકેશ સાથે રિવરફ્રન્ટ પર સવારમાં લટાર મારવા ગયા હતા.દ્વારકેશ સાથે તે સમયે ભાડે થી સાયકલ લઈને અડધો કલાક મજા કરી.પુત્ર દ્વારકેશ દ્વારા પિતા ને કહેવાયું કે તમે અડધો કલાક સાયકલ ચલાવી તેમ રેગ્યુલર સાયકલ ચલાવો તો મને કેવું સારુ લાગે.તે પછી પિતા ડૉ કિન્નરભાઈ પટેલ એ રેગ્યુલર cycling ચાલુ કરી દીધું.છેલ્લા 5 વર્ષમાં તેમને અમદાવાદ ની આજુબાજુ ના 150 થી વધુ મંદિરની મુલાકાત cycling થી કરી, તેમાં સાયકલ દ્વારા અંબાજી, પાવાગઢ, બહુચરાજી, તરભ, ડાકોર, ઊંઝાની પણ મુલાકાત કરી.આ તમામ મન્દિર ની વિગત સોશ્યિલ મીડિયા પ્લેટફોર્મ પર પણ મૂકીને લોકોને મંદિરની માહિતી થી લોકોને અવગત કર્યા.તેમની આ cycling activity થી પુત્ર પોતે પ્રેરાયો ને હવે તે છેલ્લા વર્ષથી પિતા સાથે cycling માં જોડાઈ ગયો.હવે રવિવાર ની સવાર પિતાપુત્ર ની cycling થી જ થાય છે.

# ઈંગોલી પ્રાથમિક શાળામાં બેગલેસ ડે અંતર્ગત વિદ્યાર્થીઓ માટે પતંગ બનાવવાની સર્જનાત્મક પ્રવૃત્તિનું આયોજન કરાયું

**અમદાવાદ, તા. 13**

ધોળકા તાલુકાની ઈંગોલી પ્રાથમિક શાળામાં બેગલેસ ડે અંતર્ગત વિદ્યાર્થીઓ માટે પતંગ બનાવવાની સર્જનાત્મક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના તમામ ધોરણોના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક આ પ્રવૃત્તિમાં ભાગ લીધો. શિક્ષકો દ્વારા પતંગ કેવી રીતે બનાવવી તથા તેના માટે જરૂરી સામગ્રી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ કાગળ, સળી અને ગુંદરનો ઉપયોગ કરીને પોતાની જાતે પતંગ બનાવ્યા હતા. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, સહકાર અને હસ્તકલા કૌશલ્ય વિકસાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઉતરાયણ પર્વની ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓને ઉતરાયણને લગતા બાળગીતો ગવડાવવામાં આવ્યા હતા. અભિનય સાથે ગીતો ગાઈને વિદ્યાર્થીઓએ તહેવારનો આનંદ માણ્યો હતો. શાળાના આચાર્યશ્રી ધર્માંશુ પ્રજાપતિએ પતંગ ચગાવતા સમયે રાખવાની સાવચેતી, સુરક્ષિત દોરીની પસંદગી તથા પક્ષીઓની સંભાળ અંગે વિદ્યાર્થીઓને મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું. અંતે તમામ વિદ્યાર્થીઓએ પતંગ ચગાવીને ઉતરાયણની ઉજવણી કરી અને બેગલેસ ડેની પ્રવૃત્તિ દ્વારા આનંદ અને શૈક્ષણિક અનુભવ મેળવ્યો.

## ગીતા વંદના: ચિન્મય મિશનનાં 75 વર્ષની ભવ્ય ઉજવણી

# અમદાવાદના સેટેલાઇટના રત્નમણિ પાર્ટી પ્લોટ ખાતે યોજાયેલ ભવ્ય કાર્યક્રમ દર્શકો માટે એક અનોખો અને રસસભર અનુભવ બની રહ્યો



**અમદાવાદ, તા. 13**

જ્ઞાનયજ્ઞની અદ્વિતીય પરંપરાના પ્રણેતા, યુગપુરુષ અને ગીતા જ્ઞાનયજ્ઞ પ્રચારક તરીકે વિશ્વવિખ્યાત સ્વામી ચિન્મયાનંદજી દ્વારા સ્થાપિત ચિન્મય મિશન ગૌરવપૂર્ણ 75 વર્ષની ઉજવણી કરી રહ્યું છે. આ ઐતિહાસિક પ્રસંગને વિશ્વભરનાં 350થી વધુ ચિન્મય કેન્દ્રો દ્વારા આખા વર્ષ દરમિયાન વિવિધ આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક કાર્યક્રમો દ્વારા ઉજવવામાં આવશે.

વેદ, ઉપનિષદો અને શ્રીમદ્ ભગવદ્ ગીતાના શાશ્વત જ્ઞાનને સરળ અને સ્પષ્ટ રૂપે જન-જન સુધી પહોંચાડવા માટે સ્વામી ચિન્મયાનંદજીએ પોતાના જીવનકાળ દરમિયાન 500થી વધુ જ્ઞાનયજ્ઞોનું આયોજન કર્યું. આ અમૂલ્ય આધ્યાત્મિક યાત્રાને કૃતજ્ઞતા અર્પણ કરવા ચિન્મય અમૃત મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. આ મહોત્સવ અંતર્ગત ચિન્મય મિશન અમદાવાદ દ્વારા "ગીતા વંદના" નામે એક વિશિષ્ટ અને આત્મસ્પર્શી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં આવેલા રત્નમણિ પાર્ટી પ્લોટ ખાતે યોજાયેલ આ ભવ્ય કાર્યક્રમ દર્શકો માટે એક અનોખો અને રસસભર અનુભવ બની રહ્યો હતો. તેમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાના 700 શ્લોકોમાંથી અમૃત સમાન પાંચ શ્લોકો – 'ગીતા પંચામૃત'ને આધાર બનાવી ભાવસભર સંગીતમય નૃત્યપ્રસ્તુતિ રજૂ કરવામાં આવ્યા હતા. આ હૃદયસ્પર્શી પ્રસ્તુતિ દ્વારા ગીતાના શાશ્વત સંદેશને આજના જીવન સાથે જોડવાનો એક સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમમાં સાંસ્કૃતિક મૂલ્યો અને આધ્યાત્મિક ભાવનાનો સુમેળભર્યો સંગમ જોવા મળશે. આ સાથે ચિન્મય મિશન બાલવિહારનાં બાળકો દ્વારા વિશેષ સાંસ્કૃતિક પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી, જે બાળકોમાં સંસ્કાર, ભક્તિ, આત્મવિશ્વાસ અને અભિવ્યક્તિ ક્ષમતાના વિકાસનું સુંદર પ્રતિબિંબ બની રહ્યું હતું. આ ભવ્ય કાર્યક્રમનું શિખરબિંદુ ગીતા મહાઆરતી, જેમાં દરેક હાજર વ્યક્તિ ભાવપૂર્વક સહભાગી બની હતી. તે સાથે જ શ્રીમદ્ ભગવદ્ ગીતા ગ્રંથનું શોભાયાત્રા દ્વારા ભવ્ય અને ભાવસભર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે 1000થી વધુ લોકો દ્વારા શ્રીમદ્ ભગવદ્ ગીતાના 15મા અધ્યાયનું સામૂહિક પઠન કરાયું હતું, જે સમગ્ર વાતાવરણને દિવ્ય આધ્યાત્મિક ઉર્જાથી પરિપૂર્ણ બનાવી દિધુ હતું. ચિન્મય અમૃત મહોત્સવ - ગીતા વંદના માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ ગીતા સાથે જોડાવાનો, તેને અનુભવવાનો, અને તેના ઉપદેશોને જીવનમાં ઉતારવાનો એક દિવ્ય અને સ્મરણીય અવસર બની રહ્યો છે.

**ટેક-ઇનોવેશનનું મહાકુંભ: રૂ. ૫ કરોડની પ્રોત્સાહક રાશિ સાથે દેશના ભાવિ ટેક્નોક્રેટ્સ તૈયાર કરતું ROBOFEST**

# ROBOFEST-ગુજરાત 5.0 : ટેકનિકલ મૂલ્યાંકન બાદ 137 ટીમો ગ્રાન્ડ ફિનાલે માટે ક્વૉલિફાય, વિદ્યાર્થીઓ દ્વારા 229થી વધુ પેટન્ટ્સની નોંધણી સાથે સર્જાયો ઇતિહાસ

**"ROBOFEST- ગુજરાત 5.0 એ રાજ્યના ઇનોવેશન ઇકોસિસ્ટમની શક્તિ છે, જ્યાં શિક્ષણ, સંશોધન અને બૌદ્ધિક સંપત્તિનો સંગમ થાય છે" - વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા**

**ગાંધીનગર, તા. 13**

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ (DST) હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) દ્વારા ભારતની સૌથી મોટી રોબોટિક્સ સ્પર્ધા એવી ROBOFEST-ગુજરાત 5.0 ના Level-II (Proof of Concept) રાઉન્ડના મૂલ્યાંકન માટે ટેક્નિકલ એડવાઈઝરી કમિટી (TAC) બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્ટરનેશનલ ઓટોમોબાઈલ સેન્ટર ઑફ એક્સેલન્સ (iACE), ગાંધીનગર ખાતે 28 થી 30 ડિસેમ્બર, 2025 દરમિયાન આ બેઠક યોજાઈ હતી.

Level-II Proof of Concept રાઉન્ડ દરમિયાન લગભગ 1,200 વિદ્યાર્થીઓ અને મેન્ટર્સને સમાવતી 229 ટીમો દ્વારા નવ સ્પર્ધાત્મક કેટેગરીઓમાં કાર્યરત રોબોટિક મોડેલ્સ રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન રોબોટ્સ દ્વારા ટ્રેક પર દોડ, હવામાં ગતિ, મેઝ ચેલેન્જનો ઉકેલ, મુશ્કેલ ભૂપ્રદેશમાં નેવિગેશન તથા પાણી નીચે ચાલતા રોબોટ્સ જેવી જીવંત રજૂઆતો કરવામાં આવી હતી. આ પ્રદર્શન iACE કેમ્પસના વિવિધ સ્થળો તેમજ સચિવાલય જિમખાના ખાતેના સ્વિમિંગ પૂલ વિસ્તારમાં યોજાયા હતા, જે રોબોટિક સોલ્યુશન્સની વિવિધતા, જટિલતા અને વાસ્તવિક ઉપયોગિતાને પ્રતિબિંબિત કરે છે.





ત્રણ દિવસીય પ્રેઝન્ટેશન અને ડેમોનું મૂલ્યાંકન દેશભરના પ્રતિષ્ઠિત સંસ્થાઓના નિષ્ણાતોથી બનેલી ટેક્નિકલ એડવાઈઝરી કમિટી (TAC) દ્વારા કરવામાં આવ્યું હતું. ટીમોને ટેકનિકલ મજબૂતી, કાર્યક્ષમતા, જટિલતા, નવીનતા અને પ્રદર્શનની ગુણવત્તા જેવા સુનિર્ધારિત માપદંડોના આધારે આંકવામાં આવી હતી. સઘન મૂલ્યાંકન પ્રક્રિયા બાદ TAC દ્વારા 137 ટીમોને ROBOFEST-ગુજરાત 5.0 ના ગ્રાન્ડ ફિનાલે માટે પસંદ કરવામાં આવી હતી. આમાંથી 104 ટીમો ગુજરાતની છે, જ્યારે 33 ટીમો અન્ય રાજ્યની છે, જેમાં MNIT જયપુર, IIT કાનપુર, BITS પિલાની, NIT રાઉરકેલા, MANIT ભોપાલ, VIT ચેન્નઈ, ચંડીગઢ યુનિવર્સિટી અને લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓનો સમાવેશ થાય છે. આ ગ્રાન્ડ ફિનાલે ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે યોજાશે.


ROBOFEST-ગુજરાત 5.0 ની એક વિશિષ્ટ અને ઐતિહાસિક સિદ્ધિ તરીકે, GUJCOST ખાતે કાર્યરત પેટન્ટ ઈન્ફોર્મેશન સેલ (PIC) દ્વારા ભાગ લેનારી ટીમોના 229થી વધુ પેટન્ટ્સ એકસાથે નોંધાવવામાં આવ્યા છે, જે વિદ્યાર્થીઓ માટેની રોબોટિક્સ સ્પર્ધામાં અભૂતપૂર્વ છે. આ પહેલ ગુજરાતમાં બેઝિક ઈનોવેશન, બૌદ્ધિક સંપત્તિ સર્જન અને નવીનતા આધારિત વિકાસ પર ભાર મૂકે છે અને આત્મનિર્ભર ભારત તથા ટેકનોલોજીકલ સ્વાવલંબન જેવા રાષ્ટ્રીય લક્ષ્યો સાથે સુસંગત છે.

આ પ્રસંગે માનનીય મંત્રી, વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ, શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, "ROBOFEST-ગુજરાત 5.0 ગુજરાતના ઈનોવેશન ઈકોસિસ્ટમની શક્તિ દર્શાવે છે, જ્યાં શિક્ષણ, સંશોધન, બૌદ્ધિક સંપત્તિ અને ઉદ્યોગસાહસિકતા એકત્રિત થાય છે. સ્પર્ધાનો વ્યાપ, ગુણવત્તા અને રાષ્ટ્રીય ભાગીદારી આપણા ભાવિ વૈજ્ઞાનિકો અને ટેક્નોલોજિસ્ટ્સ માટે મજબૂત પાયાનું નિર્માણ કરવાની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે."

ROBOFEST-ગુજરાત 5.0 ગુજરાતની વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતા (STI) નીતિ સાથે સુસંગત એક ફ્લેગશિપ પહેલ છે, જે જ્ઞાન આધારિત, રીસર્ચ એન્ડ ઈનોવેશન ઓરીએન્ટેડ અને ટેકનોલોજી સક્ષમ અર્થવ્યવસ્થાની કલ્પના કરે છે. આ સ્પર્ધા શરૂઆતના તબક્કામાં રહેલા ઈનોવેશન્સને પ્રોત્સાહન આપે છે તથા હેન્ડ્સ-ઓન અનુભવાત્મક શિક્ષણને મજબૂત બનાવે છે અને વિચારોમાંથી પ્રોટોટાઈપ, પેટન્ટ, સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગસાહસિકતા સુધીના માર્ગો સર્જે છે.

વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવ શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે, "ROBOFEST-ગુજરાત એ ગુજરાતની STI નીતિના અમલીકરણનું ઉત્તમ ઉદાહરણ છે. વિદ્યાર્થીઓને રિસર્ચ, ઈનોવેશન અને ડેવલપમેન્ટ માટે તથા પેટન્ટ નોંધાવવા અને રાષ્ટ્રીય સ્તરે સ્પર્ધા કરવાની તક આપીને આપણે એવી પેઢીનું ઘડતર કરી રહ્યા છીએ જે ભારતના ટેકનોલોજીકલ નેતૃત્વ અને આત્મનિર્ભરતાને આગળ ધપાવશે."

અત્રે ઉલ્લેખનીય છે કે , કુલ રૂ. ૫ કરોડની ઈનામ રાશિ સાથે ROBOFEST-ગુજરાત 5.0 યુવા ઈનોવેશન્સને ટેકનોલોજીકલ શ્રેષ્ઠતા અને સંશોધન આધારિત ઉદ્યોગસાહસિકતા માટે સતત પ્રેરિત કરે છે. વધુ વિગતો માટે ઈચ્છુકો www.robofest.gujarat.gov.in વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.



ICCએ કહ્યું- બાંગ્લાદેશને ભારતમાં જ T20 વર્લ્ડકપ રમવો પડશે

# લોકેશન બદલવાની માગણી ફગાવી; કહ્યું- અમે તપાસ કરી, ભારતમાં કોઈ ખતરો નથી

**મુંબઈ, તા. 13**

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)ની T-20 વર્લ્ડ કપના સ્થળો બદલવાની માંગણી ફગાવી દીધી છે. ICCએ સ્પષ્ટ કર્યું કે વર્લ્ડ કપના શેડ્યૂલમાં કોઈ ફેરફાર થશે નહીં. ન્યૂઝ એજન્સી ANIએ X પર ICCના હવાલાથી આ સમાચાર આપ્યા હતા. જોકે, બાદમાં આ પોસ્ટ ડિલીટ કરી અને ICC સૂત્રોના હવાલાથી આ જાણકારી આપતી બીજી પોસ્ટ કરી. ANI અનુસાર, ICCએ ઈન્ટરનેશનલ એક્સપર્ટની તપાસમાં જાણ્યું કે બાંગ્લાદેશની ટીમ અને અધિકારીઓને ભારતમાં કોઈ ખતરો નથી. ખાસ કરીને કોલકાતા અને મુંબઈમાં બાંગ્લાદેશની નિર્ધારિત મેચોને લઈને જોખમને સુરક્ષા વ્યવસ્થા દ્વારા સંભાળી શકાય છે. વર્લ્ડ કપ પર ICCનો દૃષ્ટિકોણ 5 મુદ્દાઓમાં શેડ્યૂલ નક્કી, કોઈ ફેરફાર નહીં થાય ICCએ જણાવ્યું કે T20 વર્લ્ડ કપ 2026નું મેચ શેડ્યૂલ પહેલેથી જ જાહેર કરવામાં આવ્યું છે અને તમામ ભાગ લેનારી ટીમો પાસેથી નિયમો હેઠળ તેમની જવાબદારીઓ નિભાવવાની અપેક્ષા રાખવામાં આવે છે. ICCએ એ પણ પુનરાવર્તન કર્યું કે તેની સ્થિતિમાં કોઈ ફેરફાર થયો નથી. ખતરા અંગેના મીડિયા રિપોર્ટ્સ ફગાવ્યા ICCએ જણાવ્યું કે કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં કન્ટિન્જન્સી પ્લાનિંગ (આકસ્મિક યોજના)ને વાસ્તવિક ખતરા તરીકે રજૂ કરવામાં આવ્યું, જે સાચું નથી. સંભવિત પરિસ્થિતિઓ પર અગાઉથી યોજના બનાવવી એ એક સામાન્ય અને વ્યાવસાયિક પ્રક્રિયા છે, જેથી દરેક પરિસ્થિતિ માટે તૈયારી રહે, ભલે તેની સંભાવના ખૂબ ઓછી કેમ ન હોય. આ ધારણાઓને કોઈ પણ પ્રકારનો આદેશ કે નિષ્કર્ષ માનવો જોઈએ નહીં. BCCI અને વહીવટીતંત્ર પર વિશ્વાસ ICCએ ભારતમાં સુરક્ષા વ્યવસ્થાને લઈને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) અને સ્થાનિક વહીવટીતંત્ર પર સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો. ICC અનુસાર, ભારતમાં મોટી આંતરરાષ્ટ્રીય રમતગમત સ્પર્ધાઓ સુરક્ષિત રીતે યોજવાનો મજબૂત રેકોર્ડ રહ્યો છે. ટીમ સિલેક્શન પર કોઈ શરત મૂકવામાં આવી નથીICCએ પણ સ્પષ્ટ કર્યું કે તેણે ક્યારેય એવું કહ્યું નથી કે કોઈ ટીમે સુરક્ષા કારણોસર ખેલાડીઓની પસંદગી કરવી કે તેમને બહાર કરવા જોઈએ, દર્શકોને રાષ્ટ્રીય રંગ પહેરવાથી રોકવામાં આવે અથવા કોઈ દેશની સ્થાનિક લોકતાંત્રિક પ્રક્રિયામાં ફેરફાર કરવામાં આવે. સુરક્ષાની સતત સમીક્ષા કરવામાં આવી રહી છેICCએ જણાવ્યું કે T20 વર્લ્ડ કપ 2026ની સુરક્ષા યોજનાની સતત સમીક્ષા કરવામાં આવી રહી છે. આ પ્રક્રિયામાં બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ સહિત તમામ સભ્ય બોર્ડ્સ પાસેથી સલાહ લેવામાં આવી રહી છે. ICCએ કહ્યું કે જરૂર પડ્યે સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત કરવા માટે તે સૂચનો અને સંવાદ માટે ખુલ્લું છે. મુસ્તફિઝુર રહેમાનને IPLમાંથી બહાર કરવા પર વિવાદ, 16 ડિસેમ્બરે IPL મિની ઓક્શનમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)એ બાંગ્લાદેશી બોલર મુસ્તફિઝુર રહેમાનને 9.20 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. આ પછી બાંગ્લાદેશમાં હિંદુઓની હત્યાના કારણે ભારતમાં મુસ્તફિઝુરનો વિરોધ થવા લાગ્યો. અત્યાર સુધી ત્યાં 6 હિંદુઓની હત્યા કરવામાં આવી છે. બાદમાં BCCIએ મુસ્તફિઝુરને IPL રમવાની મંજૂરી આપી ન હતી અને 3 જાન્યુઆરીએ KKR એ તેને રિલીઝ કરી દીધો હતો. બાંગ્લાદેશે IPL પ્રસારણ પર પ્રતિબંધ મૂક્યો, KKR દ્વારા મુસ્તફિઝુરને મુક્ત કર્યા પછી, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ અને ત્યાંની સરકારે IPLના પ્રસારણ પર પ્રતિબંધ મૂક્યો. સાથે જ ભારતમાં વર્લ્ડ કપ મેચ રમવાનો પણ ઈનકાર કર્યો અને ICCને સ્થળ બદલવા માટે ઈ-મેલ મોકલ્યો હતો. BCCI અને વહીવટીતંત્ર પર વિશ્વાસ ICCએ ભારતમાં સુરક્ષા વ્યવસ્થાને લઈને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) અને સ્થાનિક વહીવટીતંત્ર પર સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો. ICC અનુસાર, ભારતમાં મોટી આંતરરાષ્ટ્રીય રમતગમત સ્પર્ધાઓ સુરક્ષિત રીતે યોજવાનો મજબૂત રેકોર્ડ રહ્યો છે. ટીમ સિલેક્શન પર કોઈ શરત મૂકવામાં આવી નથીICCએ પણ સ્પષ્ટ કર્યું કે તેણે ક્યારેય એવું કહ્યું નથી કે કોઈ ટીમે સુરક્ષા કારણોસર ખેલાડીઓની પસંદગી કરવી કે તેમને બહાર કરવા જોઈએ, દર્શકોને રાષ્ટ્રીય રંગ પહેરવાથી રોકવામાં આવે અથવા કોઈ દેશની સ્થાનિક લોકતાંત્રિક પ્રક્રિયામાં ફેરફાર કરવામાં આવે. સુરક્ષાની સતત સમીક્ષા કરવામાં આવી રહી છેICCએ જણાવ્યું કે T20 વર્લ્ડ કપ 2026ની સુરક્ષા યોજનાની સતત સમીક્ષા કરવામાં આવી રહી છે. આ પ્રક્રિયામાં બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ સહિત તમામ સભ્ય બોર્ડ્સ પાસેથી સલાહ લેવામાં આવી રહી છે. ICCએ કહ્યું કે જરૂર પડ્યે સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત કરવા માટે તે સૂચનો અને સંવાદ માટે ખુલ્લું છે. મુસ્તફિઝુર રહેમાનને IPLમાંથી બહાર કરવા પર વિવાદ, 16 ડિસેમ્બરે IPL મિની ઓક્શનમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)એ બાંગ્લાદેશી બોલર મુસ્તફિઝુર રહેમાનને 9.20 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. આ પછી બાંગ્લાદેશમાં હિંદુઓની હત્યાના કારણે ભારતમાં મુસ્તફિઝુરનો વિરોધ થવા લાગ્યો. અત્યાર સુધી ત્યાં 6 હિંદુઓની હત્યા કરવામાં આવી છે. બાદમાં BCCIએ મુસ્તફિઝુરને IPL રમવાની મંજૂરી આપી ન હતી અને 3 જાન્યુઆરીએ KKR એ તેને રિલીઝ કરી દીધો હતો. બાંગ્લાદેશે IPL પ્રસારણ પર પ્રતિબંધ મૂક્યો, KKR દ્વારા મુસ્તફિઝુરને મુક્ત કર્યા પછી, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ અને ત્યાંની સરકારે IPLના પ્રસારણ પર પ્રતિબંધ મૂક્યો. સાથે જ ભારતમાં વર્લ્ડ કપ મેચ રમવાનો પણ ઈનકાર કર્યો અને ICCને સ્થળ બદલવા માટે ઈ-મેલ મોકલ્યો હતો.

# ઓસ્ટ્રેલિયન કેપ્ટન એલિસા હીલી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેશે



**મુંબઈ, તા. 13**

ઓસ્ટ્રેલિયાની મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન અને દિગ્ગજ વિકેટકીપર-બેટર એલિસા હીલીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. તે ફેબ્રુઆરી-માર્ચ 2026માં ભારત સામે રમાનારી ઘરઆંગણે મલ્ટી-ફોર્મેટ સિરીઝ પછી પોતાની કારકિર્દીનો અંત કરશે. પર્થમાં રમાનારી ડે-નાઈટ ટેસ્ટ તેની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ હશે. T20 સિરીઝ નહીં રમે એલિસા હીલી ભારત સામે પ્રસ્તાવિત T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં ભાગ લેશે નહીં. તેણે આ નિર્ણય વર્ષના અંતમાં યોજાનાર મહિલા T20 વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને લીધો છે, જેથી ટીમ નવા ખેલાડીઓ સાથે તૈયારી શરૂ કરી શકે. પર્થ ટેસ્ટથી કારકિર્દીનો અંત કરશે હીલી ભારત સામે વનડે મેચો રમશે અને ત્યારબાદ 6 થી 9 માર્ચ 2026 સુધી પર્થ (WACA)માં યોજાનારી ડે-નાઈટ ટેસ્ટમાં પોતાની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ રમશે. આ તેના કારકિર્દીની 11મી ટેસ્ટ મેચ હશે. માનસિક થાક અને ઈજાઓ બન્યા કારણ 'વિલો ટોક' પોડકાસ્ટમાં એલિસા હીલીએ કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષો તેના માટે માનસિક રીતે પડકારજનક રહ્યા છે. સતત ઈજાઓ અને વધતી ઉંમર સાથે પોતાને પહેલા જેવી તૈયારીમાં રાખવું મુશ્કેલ બની ગયું હતું. ટીમના હિતમાં લીધો નિર્ણય હીલીએ કહ્યું કે 2026માં ઈંગ્લેન્ડમાં યોજાનાર T20 વર્લ્ડ કપ સુધી રમવાનો પ્રયાસ કરવો તે ટીમના હિતમાં ન હોત. ટીમ બદલાવના તબક્કામાંથી પસાર થઈ રહી છે અને નવા ખેલાડીઓને તક આપવાની જરૂર છે. ઘરે વિદાયની ઈચ્છા તેણે કહ્યું કે ભારત સામેની હોમ સિરીઝ તેમના માટે ભાવનાત્મક રીતે ખાસ છે અને તે પરિવાર અને ટીમ વચ્ચે પોતાની કારકિર્દીનો અંત કરવા માગતી હતી. ફિટનેસને લઈને વિશ્વાસ એલિસાએ જણાવ્યું કે ODI વર્લ્ડ કપ દરમિયાન લાગેલી ઈજામાંથી સાજા થયા બાદ તે હાલમાં પોતાને ફિટ અને મજબૂત અનુભવી રહી છે. ટીમના હિતમાં લીધો નિર્ણય હીલીએ કહ્યું કે 2026માં ઈંગ્લેન્ડમાં યોજાનાર T20 વર્લ્ડ કપ સુધી રમવાનો પ્રયાસ કરવો તે ટીમના હિતમાં ન હોત. ટીમ બદલાવના તબક્કામાંથી પસાર થઈ રહી છે અને નવા ખેલાડીઓને તક આપવાની જરૂર છે. ઘરે વિદાયની ઈચ્છા તેણે કહ્યું કે ભારત સામેની હોમ સિરીઝ તેમના માટે ભાવનાત્મક રીતે ખાસ છે અને તે પરિવાર અને ટીમ વચ્ચે પોતાની કારકિર્દીનો અંત કરવા માગતી હતી. ફિટનેસને લઈને વિશ્વાસ એલિસાએ જણાવ્યું કે ODI વર્લ્ડ કપ દરમિયાન લાગેલી ઈજામાંથી સાજા થયા બાદ તે હાલમાં પોતાને ફિટ અને મજબૂત અનુભવી રહી છે.

## યુપી વૉરિયર્ઝને 9 વિકેટે હરાવ્યું, ગ્રેસ હેરિસે 40 બોલમાં 85 રન બનાવ્યા

# WPLમાં RCBની સતત બીજી જીત

### RCBને સતત બીજી જીત મળી, ટીમે પહેલા મુકાબલામાં ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સને હરાવ્યું હતું

**મુંબઈ, તા. 13**

વુમેન્સ પ્રીમિયર લીગ (WPL)ની પાંચમી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)એ યુપી વોરિયર્ઝને 9 વિકેટે હરાવ્યું. ટીમે 144 રનનો ટાર્ગેટ માત્ર 12.1 ઓવરમાં હાંસલ કરી લીધો. ઓપનર ગ્રેસ હેરિસે 40 બોલમાં 85 રન બનાવ્યા, જ્યારે સ્મૃતિ મંધાનાએ 47 રન બનાવ્યા. સોમવારે નવી મુંબઈના DY પાટીલ સ્ટેડિયમમાં RCBએ બોલિંગ પસંદ કરી. યુપીએ 50 રન પર 5 વિકેટ ગુમાવી દીધી હતી, અહીંથી ડિયેન્ડ્રા ડોટિન અને દીપ્તિ શર્માએ 93 રનની પાર્ટનરશિપ કરીને ટીમને 143 સુધી પહોંચાડી દીધી. બેંગલુરુ તરફથી શ્રેયાંકા પાટીલ અને નદીન ડી ક્લર્કે 2-2 વિકેટ લીધી. RCBને સતત બીજી જીત મળી, ટીમે પહેલા મુકાબલામાં ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સને હરાવ્યું હતું. જ્યારે યુપી વોરિયર્ઝને સતત બીજી હાર મળી, ટીમને પહેલા મુકાબલામાં ગુજરાત જાયન્ટ્સે 10 રનથી હરાવ્યું હતું. પોઈન્ટ્સ ટેબલ પર ગુજરાત પહેલા અને બેંગલુરુ બીજા નંબર પર છે. વુમેન્સ પ્રીમિયર લીગ (WPL)ની પાંચમી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)એ યુપી વોરિયર્ઝને 9 વિકેટે હરાવ્યું. ટીમે 144 રનનો ટાર્ગેટ માત્ર 12.1 ઓવરમાં હાંસલ કરી લીધો. ઓપનર ગ્રેસ હેરિસે 40 બોલમાં 85 રન બનાવ્યા, જ્યારે સ્મૃતિ મંધાનાએ 47 રન બનાવ્યા. સોમવારે નવી મુંબઈના DY પાટીલ સ્ટેડિયમમાં RCBએ બોલિંગ પસંદ કરી. યુપીએ 50 રન પર 5 વિકેટ ગુમાવી દીધી હતી, અહીંથી ડિયેન્ડ્રા ડોટિન અને દીપ્તિ શર્માએ 93 રનની પાર્ટનરશિપ કરીને ટીમને 143 સુધી પહોંચાડી દીધી. બેંગલુરુ તરફથી શ્રેયાંકા પાટીલ અને નદીન ડી ક્લર્કે 2-2 વિકેટ લીધી. RCBને સતત બીજી જીત મળી, ટીમે પહેલા મુકાબલામાં ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સને હરાવ્યું હતું. જ્યારે યુપી વોરિયર્ઝને સતત બીજી હાર મળી.



# આયુષમાન-શવરીની રોમાન્ટિક ફિલ્મમાં સૌમ્યા ટંડનની એન્ટ્રી



**મુંબઈ, તા. 13**

'ધુરંધર' ફિલ્મમાં એક નાના રોલમાં પણ સૌનું ધ્યાન ખેંચનારી સૌમ્યા ટંડનને હવે બીજી મોટી ફિલ્મ મળી છે. રાજશ્રી પ્રોડક્શન્સના સૂરજ બડજાત્યાએ તેને આગામી ફિલ્મ 'યે પ્રેમ મોલ લિયા' માટે કાસ્ટ કરી લીધી છે. આ ફિલ્મમાં તેની અગત્યની ભૂમિકા હશે એમ કહેવાય છે. ઉલ્લેખનીય છે કે આ ફિલ્મના મુખ્ય કલાકારોમાં આયુષમાન ખુરાના અને શર્વરી વાઘનો સમાવેશ થાય છે. સૂરજ આ ફિલ્મ દ્વારા આયુષમાનને નવી પેઢીના પ્રેમ તરીકે રજૂ કરી રહ્યો છે. રાજશ્રીની શૈલી પ્રમાણે આ એક લાઈટ રોમાન્ટિક સોશિયલ ફિલ્મ હશે. આ ફિલ્મનું શૂટિંગ ગત નવેમ્બરથી શરુ થઈ ચૂક્યું છે. હજુ આ આખો મહિનો આ ફિલ્મનું શૂટિંગ ચાલવાનું છે. ફિલ્મના અન્ય કલાકારોમાં અનુપમ ખેર તથા સીમા પાહવાનો સમાવેશ થાય છે. 'ધુરંધર' ફિલ્મમાં એક નાના રોલમાં પણ સૌનું ધ્યાન ખેંચનારી સૌમ્યા ટંડનને હવે બીજી મોટી ફિલ્મ મળી છે. રાજશ્રી પ્રોડક્શન્સના સૂરજ બડજાત્યાએ તેને આગામી ફિલ્મ 'યે પ્રેમ મોલ લિયા' માટે કાસ્ટ કરી લીધી છે. આ ફિલ્મમાં તેની અગત્યની ભૂમિકા હશે એમ કહેવાય છે. ઉલ્લેખનીય છે કે આ ફિલ્મના મુખ્ય કલાકારોમાં આયુષમાન ખુરાના અને શર્વરી વાઘનો સમાવેશ થાય છે. સૂરજ આ ફિલ્મ દ્વારા આયુષમાનને નવી પેઢીના પ્રેમ તરીકે રજૂ કરી રહ્યો છે. રાજશ્રીની શૈલી પ્રમાણે આ એક લાઈટ રોમાન્ટિક સોશિયલ ફિલ્મ હશે. આ ફિલ્મનું શૂટિંગ ગત નવેમ્બરથી શરુ થઈ ચૂક્યું છે. હજુ આ આખો મહિનો આ ફિલ્મનું શૂટિંગ ચાલવાનું છે. ફિલ્મના અન્ય કલાકારોમાં અનુપમ ખેર તથા સીમા પાહવાનો સમાવેશ થાય છે. 'ધુરંધર' ફિલ્મમાં એક નાના રોલમાં પણ સૌનું ધ્યાન ખેંચનારી સૌમ્યા ટંડનને હવે બીજી મોટી ફિલ્મ મળી છે. રાજશ્રી પ્રોડક્શન્સના સૂરજ બડજાત્યાએ તેને આગામી ફિલ્મ 'યે પ્રેમ મોલ લિયા' માટે કાસ્ટ કરી લીધી છે. આ ફિલ્મમાં તેની અગત્યની ભૂમિકા હશે એમ કહેવાય છે. ઉલ્લેખનીય છે કે આ ફિલ્મના મુખ્ય કલાકારોમાં આયુષમાન ખુરાના અને શર્વરી વાઘનો સમાવેશ થાય છે. સૂરજ આ ફિલ્મ દ્વારા આયુષમાનને નવી પેઢીના પ્રેમ તરીકે રજૂ કરી રહ્યો છે. રાજશ્રીની શૈલી પ્રમાણે આ એક લાઈટ રોમાન્ટિક સોશિયલ ફિલ્મ હશે. આ ફિલ્મનું શૂટિંગ ગત નવેમ્બરથી શરુ થઈ ચૂક્યું છે. હજુ આ આખો મહિનો આ ફિલ્મનું શૂટિંગ ચાલવાનું છે. ફિલ્મના અન્ય કલાકારોમાં અનુપમ ખેર તથા સીમા પાહવાનો સમાવેશ થાય છે. 'ધુરંધર' ફિલ્મમાં એક નાના રોલમાં પણ સૌનું ધ્યાન ખેંચનારી સૌમ્યા ટંડનને હવે બીજી મોટી ફિલ્મ મળી છે. રાજશ્રી પ્રોડક્શન્સના સૂરજ બડજાત્યાએ તેને આગામી ફિલ્મ 'યે પ્રેમ મોલ લિયા' માટે કાસ્ટ કરી લીધી છે. આ ફિલ્મમાં તેની અગત્યની ભૂમિકા હશે એમ કહેવાય છે.

# પંજાબી સિંગરને ડેટ કરી રહી છે દિશા પટની? 'મિસ્ત્રી બોય' સાથેનો વીડિયો વાઈરલ



## 'મિસ્ત્રી બોય' સાથેનો વીડિયો વાઈરલ

**મુંબઈ, તા. 13**

બોલિવૂડ એક્ટ્રેસ દિશા પટની પોતાની પ્રોફેશનલ લાઈફથી વધુ પર્સનલ લાઈફને લઈને ચર્ચામાં રહે છે. ચાહકો દિશાની લવ લાઈફ વિશે જાણવા માટે ઉત્સુક હોય છે. ટાઈગર શ્રોફ સાથે બ્રેકઅપ બાદ હવે તેનું નામ પંજાબી સિંગર તલવિંદર સાથે જોડવામાં આવી રહ્યું છે. અહેવાલો પ્રમાણે દિશા હાલમાં પંજાબી સિંગર તલવિંદરને ડેટ કરી રહી છે. તાજેતરમાં જ નુપુર સેનનના લગ્નમાં બંને સાથે જોવા મળ્યા હતા. સોશિયલ મીડિયા એક વીડિયો વાઈરલ થયો છે જેમાં પર બંને હાથમાં હાથ પરોવીને ઊભા છે. દિશા પટની તાજેતરમાં જ કૃતિ સેનનની બહેન નુપુર સેનનના લગ્નમાં સામેલ થવા માટે ઉદયપુર ગઈ હતી. નુપુરના લગ્નનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં દિશા અને તલવિંદર કોઈની સાથે વાત કરતા દેખાઈ રહ્યા છે. આ વાઈરલ વીડિયોમાં દિશા અને તલવિંદર બંને હાથમાં હાથ પરોવી મૌની રોયના પતિ સૂરજ નાંબિયાર સાથે વાત કરતા નજર આવી રહ્યા છે. ત્યારબાદ બંને ઉદયપુર એરપોર્ટ પર પણ એક સાથે સ્પોટ થયા હતા, જ્યારે તેઓ મુંબઈ જઈ રહ્યા હતા. તલવિંદર જે પબ્લિકમાં ક્યારેય પોતાનો ચહેરો નથી બતાવતો, તેણે ફેસ માસ્ક પહેર્યું હતું.

# હોલિવૂડ સ્ટારે 'બોલિવૂડના બાદશાહ' પાસે કામ માંગ્યું

## ઓસ્કર વિજેતા એક્ટર વિલ સ્મિથે કહ્યું- 'હું ઇચ્છું છું કે શાહરુખ મને કોઈ ફિલ્મમાં લે'

**મુંબઈ, તા. 13**

'મેન ઈન બ્લેક' ફિલ્મ ફેમ ઓસ્કર વિજેતા હોલિવૂડ એક્ટર વિલ સ્મિથે બોલિવૂડના કિંગ પાસેથી કામ માંગ્યું છે. તાજેતરમાં એક ઈવેન્ટ દરમિયાન વિલ સ્મિથે બોલિવૂડ પ્રત્યેના તેમના લગાવ વિશે ખૂલીને વાત કરી હતી. તેમણે એ પણ જણાવ્યું કે, કેવી રીતે તેમણે છેલ્લા કેટલાક વર્ષોમાં ઈન્ડસ્ટ્રીના કેટલાક સૌથી મોટા સ્ટાર્સ સાથે સંબંધો વિકસાવ્યા છે. 'સલમાન ખાન અને અમિતાભ બચ્ચન સાથે પ્રોજેક્ટની વાત કરી હતી' વાસ્તવમાં વિલ સ્મિથ તાજેતરમાં દુબઈમાં નેશનલ જિયોગ્રાફિકના તેમના શો 'પોલ ટુ પોલ વિથ વિલ સ્મિથ'ના મિડલ ઈસ્ટ



પ્રીમિયર માટે ગયા હતા. ત્યાં મીડિયા સાથે વાતચીત દરમિયાન તેમણે બોલિવૂડ વિશે વાત કરી. 'ગલ્ફ ન્યૂઝ' સાથેની વાતચીત દરમિયાન જ્યારે વિલને પૂછવામાં આવ્યું કે, શું તેઓ ક્યારેય બોલિવૂડ ફિલ્મમાં જોવા મળશે. એક્ટરે જવાબમાં જણાવ્યું કે, તેમણે પહેલા સલમાન ખાન અને અમિતાભ બચ્ચન સાથે વાતચીત કરી હતી, જોકે તે વાતચીતથી કંઈપણ નક્કી થઈ શક્યું ન હતું. તેમણે કહ્યું, 'હું સલમાન સાથે વાત કરી રહ્યો હતો. અમે કેટલાક વિષયો પર ચર્ચા કરી રહ્યા હતા. હું 'બિગ બી' સાથે કંઈક કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તેમણે મને કહ્યું કે, 'હું બિગ ડબલ્યુ બની શકું છું.' અમે ટાઈટલ શેર કરી રહ્યા હતા. છેલ્લા કેટલાક વર્ષોમાં કેટલીક વાતો થઈ પણ કંઈપણ સફળ ન થયું.' વાતચીતમાં એક્ટરે હિન્દી સિનેમામાં શાહરુખ ખાનની સર્વોપરિતા સ્વીકારી અને ખુલાસો કર્યો કે તેમણે સુપરસ્ટારને સીધા જ તેમને કોઈ પ્રોજેક્ટમાં લેવા વિનંતી કરી છે. તેમણે કહ્યું, 'હું ઈચ્છું છું કે શાહરુખ મને કોઈ ફિલ્મમાં લે. શું કહો છો શાહરુખ?' એક્ટરના શો 'પોલ ટુ પોલ વિથ વિલ સ્મિથ'ની વાત કરીએ તો, તેમાં એક્ટર 100 દિવસ સુધી અવિશ્વસનીય પડકારોનો સામનો કરતા જોવા મળશે. જેમ કે સાઉથ પોલ સુધી સ્કીઈંગ કરવું, એક વિશાળ એનાકોન્ડાને પકડવો, એક ઝેરી ટેરેન્ટુલામાંથી દૂધ કાઢવું, પહાડો પર ચઢવું અને નોર્થ પોલના બરફ નીચે ડૂબકી લગાવવી. નોંધનીય છે કે, વિલે વર્ષ 2019માં ટાઈગર શ્રોફ, અનન્યા પાંડે અને તારા સુતરિયાની ફિલ્મ 'સ્ટુડન્ટ ઓફ ધ યર-2'ના એક ગીતમાં કેમિયો કર્યો હતો. ત્યારે, એવા સમાચાર હતા કે, સલમાન અને વિલ સ્મિથ એટલીની ફિલ્મમાં સાથે જોવા મળશે. એટલી પોતે ઈચ્છતા હતા કે વિલ સલમાન સાથે જોવા મળે. સલમાને બંનેની વાતચીત પણ કરાવી દીધી હતી. પરંતુ સન પિક્ચર્સ ફિલ્મમાં પાન ઈન્ડિયા ઓડિયન્સનું ધ્યાન રાખીને ફિલ્મમાં સાઉથના એક્ટરને રાખવા માંગતા હતા. બાદમાં બજેટની મુશ્કેલીઓના કારણે સલમાન પણ તે પ્રોજેક્ટમાંથી બહાર થઈ ગયો.

# ચાંદી બે જ દિવસમાં રૂ. 20,000 મોંઘી થઈ: સોનાના ભાવમાં પણ ભડકો, આવનારા દિવસોમાં હજુ ભાવ વધશે

**નવી દિલ્હી, તા.13**

સોના-ચાંદીના ભાવ સતત બીજા દિવસે ઓલટાઈમ હાઈ પર પહોંચી ગયા છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદીની કિંમત 6,566 રૂપિયા વધીને 2,62,742 રૂપિયા પર પહોંચી ગઈ છે. ગઈકાલે એણે 2,57,283 રૂપિયાનો સર્વકાલીન ઉચ્ચતમ સ્તર બનાવ્યો હતો.

બે દિવસમાં ચાંદી લગભગ 20 હજાર રૂપિયા મોંઘી થઈ ગઈ છે, જ્યારે 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 33 રૂપિયા વધીને 1,40,482 રૂપિયાના ઓલટાઈમ હાઈ પર પહોંચી ગયો છે. ગઈકાલે એ 1,40,449 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતો.

IBJAના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન સામેલ નથી હોતું, તેથી શહેરોના ભાવ એનાથી અલગ હોય છે. આ ભાવોનો ઉપયોગ RBI સોવરિન ગોલ્ડ બોન્ડના ભાવ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના ભાવ નક્કી કરવા માટે એનો ઉપયોગ કરે છે.

ગયા વર્ષે એટલે કે 2025માં સોનાની કિંમત 57,033 રૂપિયા (75%) વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1,33,195 રૂપિયા થઈ ગયું.

ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 1,44,403 રૂપિયા (167%) વધ્યો. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે આ વર્ષના છેલ્લા દિવસે 2,30,420 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ.

ડોલર નબળો- અમેરિકા દ્વારા વ્યાજદરો ઘટાડવાથી ડોલર નબળો પડ્યો અને સોનાનું હોલ્ડિંગ કોસ્ટ ઓછી થયું, જેના કારણે લોકો સોનું ખરીદવા લાગ્યા.

ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ- રશિયા-યુક્રેન યુદ્ધ અને વિશ્વમાં તણાવ વધવાને કારણે રોકાણકારો



સોનાને સૌથી સુરક્ષિત રોકાણ માનીને ખરીદી રહ્યા છે.

રિઝર્વ બેંક- ચીન જેવા દેશો પોતાની રિઝર્વ બેંકમાં સોનું ભરી રહ્યા છે, તેઓ વર્ષભરમાં 900 ટનથી વધુ ખરીદી કરી રહ્યા છે, તેથી ભાવ વધી રહ્યા છે.

ઔદ્યોગિક માગ- સોલર, ઈલેક્ટ્રોનિક્સ અને EVમાં ભારે ઉપયોગ, ચાંદી હવે માત્ર જ્વેલરી નથી, પરંતુ એક આવશ્યક કાચો માલ બની ગઈ છે.

ટ્રમ્પનો ટેરિફનો ડર- અમેરિકન કંપનીઓ ચાંદીનો મોટો સ્ટોક જમા કરી રહી છે, વૈશ્વિક પુરવઠામાં ઘટાડાને કારણે કિંમતો વધી છે.

ઉત્પાદકોની સ્પર્ધા- ઉત્પાદન અટકી જવાની ભીતિથી બધા અગાઉથી ખરીદી રહ્યા છે, આ જ કારણ છે કે આવનારા મહિનાઓમાં પણ તેજી જળવાઈ રહેશે.

કેડિયા એડવાઈઝરીના ડિરેક્ટર અજય કેડિયાએ જણાવ્યું હતું કે ચાંદીની માગમાં હાલ તેજી છે, જે આગળ પણ જળવાઈ રહેવાનો અંદાજ છે. આવી સ્થિતિમાં ચાંદી આગામી 1 વર્ષમાં 2.75 લાખ સુધી પહોંચી શકે છે. સોનાની વાત કરીએ તો એની માગમાં પણ તેજી જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં આવતા વર્ષ સુધીમાં એ 10 ગ્રામદીઠ 1.50 લાખ રૂપિયાને પાર કરી શકે છે.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે એની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે અલગ-અલગ હોય છે.

# સેન્સેક્સ 250 પોઈન્ટ ઘટીને 83,628 પર બંધ થયો: નિફ્ટીમાં પણ 58 પોઈન્ટનો ઘટાડો રહ્યો, ફાર્મા અને ઓટો શેર્સમાં વેચવાલી

**મુંબઈ, તા.13**



શેરબજારમાં આજે એટલે કે 13 જાન્યુઆરીએ ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 250 પોઈન્ટ ઘટીને 83,628 ના સ્તરે બંધ થયો. જ્યારે નિફ્ટીમાં પણ 58 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો. તે 25,732 પર બંધ થયો. સેન્સેક્સના 30 શેરોમાંથી 20માં ઘટાડો અને 10માં તેજી જોવા મળી. ફાર્મા, રિયલ્ટી, ઓટો અને FMCG શેરોમાં વેચવાલી જોવા મળી. જ્યારે મેટલ, IT અને બેન્કિંગ શેરોમાં વધારો જોવા મળ્યો. એશિયન બજારોમાં કોરિયાનો કોસ્પી 1.47% વધીને 4,692 પર અને જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 3.10% વધીને 53,549 પર બંધ થયો.

હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.90% વધીને 26,848 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.64% ઘટીને 4,138 પર બંધ થયો. 12 જાન્યુઆરીએ અમેરિકાનો ડાઉ જોન્સ 0.17% વધીને 49,590 પર બંધ થયો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટ 0.26% વધ્યો. S&P 500 માં 0.16% ની તેજી જોવા મળી. મેઈનલાઈન સેગમેન્ટમાં 'ભારત કોકિંગ કોલ' (BCCL) ના IPO માં અરજી કરવાનો આજે છેલ્લો દિવસ છે. કંપનીએ તેનો પ્રાઈસ બેન્ડ 21 થી 23 પ્રતિ શેર નક્કી કર્યો છે. રોકાણકારો ઓછામાં ઓછા 600 શેરના એક લોટ માટે બોલી લગાવી શકે છે, જેના માટે ઉપલા સ્તરે 13,800 નું રોકાણ કરવું પડશે. 12 જાન્યુઆરીએ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs) એ 3,638 કરોડના શેર વેચ્યા. આ સમયગાળા દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DIIs) એ 5,839 કરોડના શેર ખરીદ્યા. ડિસેમ્બર 2025 માં FIIs એ કુલ 34,350 કરોડના શેર વેચ્યા. આ સમયગાળા દરમિયાન બજારને સંભાળી રહેલા DIIs એ 79,620 કરોડના શેર ખરીદ્યા.

શેરબજાર 12 જાન્યુઆરીએ વધારા સાથે બંધ થયું. સેન્સેક્સ 302 પોઈન્ટ વધીને 83,878 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 107 પોઈન્ટનો વધારો રહ્યો, તે 25,790 પર બંધ થયો.

સેન્સેક્સના 30 શેરોમાંથી 25માં વધારો જોવા મળ્યો. આજે એનર્જી, મેટલ અને બેન્કિંગ શેરોમાં તેજી જોવા મળી. જ્યારે રિયલ્ટી, ઓટો, મીડિયા અને ફાર્મા શેરોમાં ઘટાડો રહ્યો.

# ઈન્સ્ટાગ્રામના 1.75 કરોડ યુઝર્સનો ડેટા લીક: ફોન નંબર-ઈમેલ ડાર્ક વેબ પર વેચાઈ રહ્યા છે, ભારતમાં સૌથી વધુ યુઝર્સ પ્રભાવિત

**નવી દિલ્હી, તા.13**

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામના 1.75 કરોડથી વધુ યુઝર્સનો પર્સનલ ડેટા લીક થઈ ગયો છે. આ માહિતી સાયબર ગુનેગારોના હાથમાં આવી ગઈ છે.

એન્ટિવાયરસ સોફ્ટવેર ફર્મ માલવેરબાઈટ્સના રિપોર્ટ અનુસાર, લીક થયેલા ડેટામાં યુઝરનેમ, ઘરનું સરનામું, ફોન નંબર, ઈમેઈલ એડ્રેસ જેવી વિગતો શામેલ છે.

કંપનીએ જણાવ્યું કે આ ડેટા ડાર્ક વેબ પર વેચાઈ રહ્યો છે અને તેનાથી ફિશિંગ અથવા એકાઉન્ટ હેકિંગ જેવા જોખમો વધી શકે છે.

માલવેરબાઈટ્સે તેના ગ્રાહકોને ઈમેઈલમાં જણાવ્યું કે આ લીક તેમના રૂટિન ડાર્ક વેબ સ્કેનમાં પકડાયો હતો. આ 2024માં ઈન્સ્ટાગ્રામના API (એપ્લિકેશન પ્રોગ્રામિંગ ઈન્ટરફેસ, જે એપ્સને એકબીજા સાથે કનેક્ટ કરે છે) સાથે સંકળાયેલું છે. કંપનીએ જણાવ્યું કે આ ડેટાથી સાયબર ગુનેગારો યુઝર્સને નુકસાન પહોંચાડી શકે છે.

સ્ટેટિસ્ટા અનુસાર ભારતમાં ઈન્સ્ટાગ્રામના ઓક્ટોબર 2025 સુધીમાં સૌથી વધુ 48 કરોડ યુઝર્સ છે. અહીં ફેસબુક અને વોટ્સએપના પણ 50 કરોડથી વધુ યુઝર્સ છે, જે મેટાનું સૌથી મોટું બજાર છે. લીક થયેલા ડેટામાં ભારતના યુઝર્સની



માહિતી પણ હોઈ શકે છે, જેનાથી ભારતીય યુઝર્સ માટે ખતરો વધી શકે છે.

આ લીક માત્ર ઈન્સ્ટાગ્રામ પૂરતું સીમિત નહીં રહે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે લીક થયેલા ક્રેડેન્શિયલ્સ (લોગિન ડિટેલ્સ)નો ઉપયોગ કરીને હેકર્સ:

ફિશિંગ : તમને નકલી ઈમેઈલ અથવા મેસેજ મોકલીને ફસાવી શકે છે.

એકાઉન્ટ ટેકઓવર: તમારું એકાઉન્ટ હાઈજેક કરી શકે છે.

ક્રેડેન્શિયલ સ્ટફિંગ: જો તમે અન્ય જગ્યાએ (જેમ કે ફેસબુક, નેટફ્લિક્સ અથવા બેંક) પણ તે જ પાસવર્ડનો ઉપયોગ કરો છો, તો હેકર્સ ત્યાં પણ ઘૂસણખોરી કરી શકે છે.

મેટાના પ્રવક્તાએ ડેટા બ્રીચની વાતને નકારી કાઢી છે. તેમણે કહ્યું કે અમે એક સમસ્યાને ઠીક કરી દીધી છે જેના કારણે કોઈ બાહ્ય પક્ષ કેટલાક ઈન્સ્ટાગ્રામ યુઝર્સ માટે પાસવર્ડ રીસેટ ઈમેઈલ મોકલવાની વિનંતી કરી શકતો હતો. અમારી સિસ્ટમમાં કોઈ ડેટા બ્રીચ થયો નથી અને લોકોના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ સુરક્ષિત છે.

# હવે 10 મિનિટમાં ડિલિવરી નહીં મળે: બ્લિન્કિટે '10 મિનિટ ડિલિવરી'નો દાવો હટાવ્યો, સરકારે ઝેપ્ટો, સ્વિગી અને ઝોમેટો સાથે પણ વાત કરી

**નવી દિલ્હી, તા.13**

ક્વિક કોમર્સ પ્લેટફોર્મ બ્લિન્કિટે તેના તમામ બ્રાન્ડ પ્લેટફોર્મ્સ અને જાહેરાતોમાંથી '10 મિનિટમાં ડિલિવરી'નો દાવો હટાવી લીધો છે. કેન્દ્રીય શ્રમ મંત્રી મનસુખ માંડવિયાના હસ્તક્ષેપ અને ડિલિવરી પાર્ટનર્સની સુરક્ષાને લઈને વ્યક્ત કરાયેલી ચિંતા બાદ કંપનીએ આ પગલું ભર્યું છે.

સરકાર સાથેની બેઠકમાં સ્વિગી, ઝોમેટો અને ઝેપ્ટોએ પણ ખાતરી આપી છે કે તેઓ હવે ગ્રાહકોને સમય મર્યાદાનું વચન આપતી જાહેરાતો કરશે નહીં.

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ તાજેતરમાં બ્લિન્કિટ, ઝેપ્ટો, સ્વિગી અને ઝોમેટોના ટોચના અધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક કરી હતી. આ બેઠકમાં ડિલિવરી પાર્ટનર્સની સલામતી અને તેમના પર પડતા માનસિક દબાણ પર ચર્ચા થઈ.

મંત્રીએ કંપનીઓને સલાહ આપી કે તેઓ ડિલિવરી માટે નિર્ધારિત કડક સમય મર્યાદાને સમાપ્ત કરે, કારણ કે તેના કારણે રાઈડર્સ ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરે છે અને અકસ્માતોનો ભોગ બને છે. શ્રમ મંત્રીએ બેઠકમાં સ્પષ્ટ કર્યું કે કંપનીઓનો બિઝનેસ મોડેલ વર્કર્સના જીવ જોખમમાં મૂકીને ચાલવો ન જોઈએ.

10 મિનિટ જેવી સમય મર્યાદા માત્ર રાઈડર્સ માટે જ નહીં, પરંતુ રસ્તા પર ચાલતા અન્ય લોકો માટે પણ જોખમ ઊભું કરે છે.

સરકાર હવે ગીગ વર્કર્સ માટે સામાજિક સુરક્ષા અને સારી કાર્યસ્થિતિઓ પર એક વ્યાપક



નીતિ બનાવવાની તૈયારીમાં છે.

બેઠક પછી તમામ મુખ્ય ક્વિક કોમર્સ અને ફૂડ ડિલિવરી કંપનીઓએ સરકારને ખાતરી આપી કે તેઓ તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને જાહેરાતોમાંથી 'ટાઈમ-બાઉન્ડ ડિલિવરી'ના દાવાઓને હટાવી દેશે.

બ્લિન્કિટે તેની શરૂઆત કરતા તેના લોગો અને એપ ઈન્ટરફેસ પરથી 10 મિનિટના ટેગને હટાવવાનું શરૂ કરી દીધું. કંપનીઓનું કહેવું છે કે તેઓ હવે 'ફાસ્ટ ડિલિવરી' પર ધ્યાન કેન્દ્રિત કરશે, કોઈ નિશ્ચિત સમય પર નહીં.

છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા અને અનેક પ્લેટફોર્મ પર 10-15 મિનિટની ડિલિવરી સર્વિસની ટીકા થઈ રહી હતી. નિષ્ણાતોનું માનવું હતું કે આટલા ઓછા સમયમાં ડિલિવરીનું દબાણ રાઈડર્સને ઝડપથી વાહન ચલાવવા અને રેડ લાઈટ જમ્પ કરવા મજબૂર કરે છે. માર્ગ સુરક્ષા સાથે સંકળાયેલા સંગઠનોએ પણ સરકારને આ મામલે હસ્તક્ષેપ કરવાની માગ કરી હતી.

હવે આ કંપનીઓ પોતાની માર્કેટિંગ સ્ટ્રેટેજીમાં બદલાવ કરશે. અત્યાર સુધી '10 મિનિટ' આ કંપનીઓનો સૌથી મોટો યુએસપી હતો. જોકે, કંપનીઓએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ પોતાની ઓપરેશનલ એફિશિયન્સી (કાર્યક્ષમતા) ઓછી નહીં કરે, પરંતુ જાહેરાતો દ્વારા ગ્રાહકોમાં એવી અપેક્ષા નહીં જગાવે જેનાથી રાઈડર્સ પર દબાણ બને.

ઓછી કમાણી અને 10 મિનિટમાં ડિલિવરીના દબાણથી પરેશાન ગિગ વર્કર્સે ન્યૂ યર પહેલાં 31 ડિસેમ્બરે હડતાલ કરી હતી, જેમાં સ્વિગી, ઝોમેટો, બ્લિન્કિટ, ઝેપ્ટો જેવી કંપનીઓના રાઈડર્સ સામેલ હતા. તે પહેલાં ગિગ વર્કર્સે 25 ડિસેમ્બરે ક્રિસમસના દિવસે પણ હડતાલ કરી હતી. આ હડતાલોમાં ગિગ વર્કર્સે 10 મિનિટ ડિલિવરી મોડલ બંધ કરવાની માગ સહિત અનેક માંગણીઓ કરી હતી.

# એપલે AI માટે ગૂગલ જેમિની સાથે ભાગીદારી કરી: આઈફોનમાં સિરીને સુધારશે, મસ્કે ડીલને ખોટી ગણાવી

**નવી દિલ્હી, તા.13**

એપલ અને ગૂગલ વચ્ચે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને લઈને સમજૂતી થઈ છે. જેના હેઠળ હવે એપલના AI ફાઉન્ડેશન મોડલ્સ ગૂગલના જેમિની AI મોડેલ અને ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર તૈયાર કરવામાં આવશે. ગૂગલ જેમિની મોડેલ એપલના નવા સિરી (Siri) અને એપલ ઈન્ટેલિજન્સ ફીચર્સને વધુ સારા બનાવશે. ગૂગલે X પર પોસ્ટ કરીને આ ભાગીદારીની જાહેરાત કરી છે. ગૂગલે કહ્યું કે આઈફોન, આઈપેડ અને મેકબુકમાં એપલ ઈન્ટેલિજન્સ ફીચર્સને સુધારવા અને સિરીને વધુ પર્સનલાઈઝ્ડ બનાવવા માટે આ પાર્ટનરશિપ થઈ છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે સિરીના નવા વર્ઝનને આ વર્ષે જ લોન્ચ કરવામાં આવશે. જેમિની AI એપલના સિરીને વધુ સારું બનાવશે આ પાર્ટનરશિપ પર પ્રતિક્રિયા આપતા ઈલોન મસ્કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે ગૂગલ પાસે પહેલાથી જ એન્ડ્રોઈડ અને ક્રોમ છે, આવા સંજોગોમાં આ ડીલ તેની શક્તિનો ખોટો




ઉપયોગ કરવા જેવું લાગે છે. મસ્કની કંપની xAI 'ગ્રોક' (Grok) નામનો AI ચેટબોટ બનાવે છે, જે સીધી રીતે ગૂગલના જેમિનીને ટક્કર આપે છે. મસ્ક પહેલાથી જ એપલ અને OpenAI વિરુદ્ધ કાનૂની લડાઈ લડી રહ્યા છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે આ કંપનીઓ એપ સ્ટોર પર પ્રતિસ્પર્ધી AI સેવાઓને બ્લોક કરી રહી છે. આ કેસ હાલમાં અદાલતમાં ચાલી રહ્યો છે. ડીલના સમાચારથી ગૂગલની વેલ્યુ 4 ટ્રિલિયન ડોલર પહોંચી ડીલના સમાચાર આવ્યા પછી સોમવારે ગૂગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટના શેરમાં 1% થી વધુનો ઉછાળો જોવા મળ્યો. આનાથી કંપનીની માર્કેટ વેલ્યુ 4 ટ્રિલિયન ડોલર (361 લાખ કરોડ રૂપિયા) ને પાર કરી ગઈ છે. ગૂગલ દુનિયાની બીજી સૌથી વેલ્યુએબલ કંપની બની ગઈ છે. આ પાર્ટનરશિપ હેઠળ ગૂગલના જેમિની મોડલ એપલના 'પ્રાઈવેટ ક્લાઉડ કમ્પ્યુટિંગ' ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ચાલશે અને આ વર્ષના અંત સુધીમાં નવું સિરી લોન્ચ કરી શકાય છે. એપલે કહ્યું- ગૂગલની ટેકનોલોજી સૌથી શ્રેષ્ઠ એપલે ગૂગલની ટેકનોલોજીના વખાણ કરતા કહ્યું કે તેમના ઈવેલ્યુએશન પ્રોસેસમાં જેમિની સૌથી શ્રેષ્ઠ સાબિત થયું છે. એપલના મતે, 'એપલ ફાઉન્ડેશન મોડલ્સ' માટે જેમિની સૌથી સક્ષમ આધાર પૂરો પાડે છે.

# તમારી નોકરી જોખમમાં છે...!: નવું AI મોડેલ ઓફિસના કામમાં માણસોને પાછળ છોડી દેશે; આ 5 સેક્ટરો પર તેની સૌથી વધુ અસર પડી શકે....

**નવી દિલ્હી, તા.13**

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની દુનિયામાં અત્યાર સુધીનો સૌથી મોટો બદલાવ થવા જઈ રહ્યો છે. આ સીધી રીતે ઓફિસમાં કામ કરતા કર્મચારીઓની નોકરીઓ પર અસર કરી શકે છે.

વાયર્ડના એક રિપોર્ટ અનુસાર, ચેટજીપીટી બનાવતી કંપની OpenAI એક એડવાન્સ સિસ્ટમ તૈયાર કરી રહી છે. આ ઓફિસના રોજિંદા લગભગ દરેક કામને માણસો કરતાં વધુ સચોટ અને સારી રીતે કરવામાં આપમેળે સક્ષમ હશે. આ મોડેલ તૈયાર કરવા માટે OpenAI માણસોના વાસ્તવિક કામકાજના ડેટાનો ઉપયોગ કરી રહ્યું છે. કંપનીએ આ માટે 'હેન્ડશેક એઆઈ' કંપની સાથે ભાગીદારી કરી છે.


આ અંતર્ગત, અલગ-અલગ પ્રોફેશનના કોન્ટ્રાક્ટરો પાસેથી તેમના જૂના અને વર્તમાન ઓફિસ વર્કનો ડેટા એકત્રિત કરવામાં આવી રહ્યો છે. આનાથી AI શીખશે કે વાસ્તવિક દુનિયામાં કાર્યો કેવી રીતે પૂર્ણ કરવામાં આવે છે.

ટાસ્ક રિક્વેસ્ટ: મેનેજર અથવા સહકર્મી દ્વારા આપવામાં આવેલો તે નિર્દેશ જેમાં કોઈ કામ કરવા માટે કહેવામાં આવ્યું હોય.

ટાસ્ક ડિલિવરેબલ: તે નિર્દેશના જવાબમાં તૈયાર કરવામાં આવેલું અસલી કામ. આમાં વર્ડ ફાઈલ, પીડીએફ, પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન, એક્સેલ શીટ અથવા ઈમેજ જેવા અસલી ડોક્યુમેન્ટ્સ શામેલ છે.

કંપનીએ કોન્ટ્રાક્ટર્સને કહ્યું છે કે તેઓ તે જટિલ કાર્યોનો ડેટા આપે જેને પૂરા કરવામાં કલાકો કે દિવસોનો સમય લાગે છે. OpenAI (OpenAI) એ જોવા માગે છે કે તેના તાલીમબદ્ધ નવા AI મોડલ્સ મનુષ્યોની સરખામણીમાં કેટલી સારી રીતે કામ કરી શકે છે.

કોન્ટ્રાક્ટર્સને કડક નિર્દેશ આપવામાં આવ્યા છે કે ડેટા અપલોડ કરતા પહેલા તેઓ 'પ્રોપ્રાઈટરી' (કંપનીની ખાનગી) અને 'પર્સનલી આઈડેન્ટિફાયેબલ' (ઓળખ દર્શાવતી) માહિતીને




હટાવી દે.

ટેક ઈન્ડસ્ટ્રીના ઘણા નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે AIના વધતા ઉપયોગથી 'વ્હાઈટ કોલર જોબ્સ' (ઓફિસમાં કામ કરતા કર્મચારીઓ) માટે મુશ્કેલી ઊભી થઈ શકે છે. OpenAIનો અંતિમ ધ્યેય 'આર્ટિફિશિયલ જનરલ ઈન્ટેલિજન્સ' (AGI) હાંસલ કરવાનો છે.

ડેટા એન્ટ્રી અને એડમિનિસ્ટ્રેટિવ રોલ્સ: AI હવે ડેટાને મનુષ્યો કરતાં વધુ ઝડપથી અને સચોટતાથી પ્રોસેસ કરી શકે છે. જે લોકો એક્સેલ શીટ મેનેજ કરવાનું, શેડ્યુલિંગ કરવાનું અથવા ડેટા ઓર્ગેનાઈઝ કરવાનું કામ કરે છે, તેમના કામને AI એજન્ટ્સ સંપૂર્ણપણે ટેકઓવર કરી શકે છે.

કન્ટેન્ટ રાઈટિંગ અને બેઝિક કોડિંગ: જુનિયર ડેવલપર્સ અને બેઝિક કન્ટેન્ટ રાઈટર્સ માટે આવનારો સમય મુશ્કેલ બની શકે છે. કંપનીઓ હાલમાં એક સિનિયર ડેવલપર/રાઈટર અને AIની મદદથી આખી ટીમનું કામ કરાવી રહી છે. આવનારા સમયમાં AI વધુ સારું થઈ જશે.

કસ્ટમર સપોર્ટ અને કોલ સેન્ટર્સ: ચેટબોટ્સ હવે પહેલાં કરતાં ક્યાંય વધુ 'માનવીય' બની ગયા છે. OpenAI જે રીતે 'રિયલ-વર્લ્ડ' ડેટા પર તાલીમ આપી રહ્યું છે, તેનાથી AI હવે ગ્રાહકોની ફરિયાદોને સમજવાનું અને તેનું નિરાકરણ કરવાનું સીધી રીતે શીખી જશે.

કાનૂની અને પેરાલીગલ કાર્ય: કાનૂની દસ્તાવેજો વાંચવા, તેમાંથી જરૂરી મુદ્દાઓ કાઢવા અને સંશોધન કરવું AI માટે સરળ બની ગયું છે. જુનિયર વકીલો કે સંશોધકો જે કેસ સ્ટડીઝ અને ડ્રાફ્ટિંગનું કામ કરે છે, AI તેમનું કલાકોનું કામ મિનિટોમાં કરી શકે છે.

ફાઈનાન્સ અને એકાઉન્ટિંગ: હિસાબ-કિતાબ, ટેક્સ ગણતરી અને ઓડિટિંગ જેવા કાર્યોમાં AIની દખલ વધી રહી છે. એકાઉન્ટિંગ ફર્મ્સ હવે મોટા પાયે AI ટૂલ્સનો ઉપયોગ કરી રહી છે. આનાથી બેઝિક એકાઉન્ટન્ટ્સની જરૂરિયાત ઓછી થઈ રહી છે.

AIને પાર્ટનર બનાવો: સૌથી જરૂરી છે કે તમે તમારા ક્ષેત્ર સાથે સંકળાયેલા AI ટૂલ્સ ચલાવતા શીખો. જો તમે લેખક છો તો ChatGPT, Gemini, Grok જેવા ટૂલ્સનો યોગ્ય ઉપયોગ આવડવો જોઈએ. કોડર છો તો કો-પાઈલટ અને ડિઝાઈનર છો તો મિડજર્ની જેવા ટૂલ્સ આવડવા જોઈએ.

'સોફ્ટ સ્કિલ્સ' પર ફોકસ: AI ડેટા પ્રોસેસ કરી શકે છે, પરંતુ તે ભાવનાઓ સમજી શકતું નથી. ટીમ મેનેજમેન્ટ, નેગોશિયેશન અને લીડરશિપ એવા ગુણો છે જેની જરૂર દરેક કંપનીને રહેશે. ટીમને મુશ્કેલ સમયમાં સંભાળવાનું કામ હજુ પણ માણસ જ કરી શકે છે.

ક્રિટિકલ થિંકિંગ: AI ઘણીવાર ખોટી માહિતી આપે છે. આવી સ્થિતિમાં 'ક્રિટિકલ થિંકિંગ' જરૂરી છે. AIના આઉટપુટને તપાસવું અને તેને કંપનીની જરૂરિયાત મુજબ ઢાળવું. સમસ્યાને ઓળખવી અને તેનું અનન્ય સમાધાન વિચારવું પણ AIથી આગળ રાખશે.

સતત શીખવું: હવે એ સમય ગયો જ્યારે એકવાર ડિગ્રી લઈ લીધી અને આખી જિંદગી નોકરી ચાલી ગઈ. ટેકનોલોજી દર 6 મહિને બદલાઈ રહી છે. પોતાને 'અપસ્કિલ' કરતા રહો. ઈન્ડસ્ટ્રીમાં થઈ રહેલા બદલાવો પર નજર રાખો. જેટલા અપડેટેડ રહેશો, ઉપયોગિતા તેટલી જ જળવાઈ રહેશે.

## મહિલા સાથે અનૈતિક સંબંધમાં સુરતના બિલ્ડરની હત્યાનો ખુલાસો

# કતારગામમાં બિલ્ડરને ચપ્પુના ઘા મારી મોતને ઘાટ ઉતાર્યો, વકીલ સહિત 3 આરોપીની ધરપકડ

**સુરત, તા.13**

સુરત અને ભરૂચમાં પ્રોજેક્ટ ધરાવતા સરથાણાના યુવાન બિલ્ડરની 12 જાન્યુઆરીના રોજ કતારગામ ધનમોરા ચાર રસ્તા પાસે જે.કે.પી નગર ખાતે ચપ્પુના ઘા મારી હત્યા કરી દેવામાં આવી હતી. આ હત્યાની ઘટનામાં ગણતરીના કલાકોમાં કતારગામ પોલીસે ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. આરોપીઓની પૂછપરછમાં મહિલા સાથેના અનૈતિક સંબંધમાં બિલ્ડરની હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. હાલ તો પોલીસ દ્વારા વકીલ સહિત ત્રણની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કરી શોધખોળ હાથ ધરવામાં આવી છે.



મળતી માહિતી પ્રમાણે, મૂળ અમરેલીના સાવરકુંડલાના જીરા ગામના વતની અને સુરતના સરથાણા યોગીચોક સર્જન હાઈટ્સમાં રહેતા 46 વર્ષીય બિલ્ડર વિપુલભાઈ રવજીભાઈ માંડાણીએ સુરતના સરથાણા અને વરાછામાં ચારેક પ્રોજેક્ટ કર્યા છે અને હાલ ભરૂચ ખાતે તેમનો બાંધકામનો પ્રોજેક્ટ ચાલુ હતો. વિપુલભાઈ 12 જાન્યુઆીના રોજ બપોરે 3 વાગ્યા આસપાસ કામ અર્થે કતારગામ ધનમોરા ચાર રસ્તા પાસે જે.કે.પી નગરમાં ગયા હતા, ત્યારે ત્રણથી ચાર અજાણ્યા શખસોએ તેમની સાથે ઝઘડો કર્યો હતો. બાદમાં તેમની વચ્ચે ઝપાઝપી થઈ હતી અને તે સમયે બે વ્યક્તિએ તેમને ચપ્પુના ઘા ઝીંક્યા હતા અને તમામ ફરાર થઈ ગયા હતા.

જાહેરમાં હુમલો થતા ગંભીર ઈજાગ્રસ્ત વિપુલભાઈને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. જોકે, ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવની જાણ થતા કતારગામ પોલીસ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા. આ તરફ વિપુલભાઈના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડતા ત્યાં તેમના પરિવાર અને સંબંધીઓએ જ્યાં સુધી હત્યારાઓ નહીં ઝડપાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવા ઈન્કાર કરતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ દોડતા થયા હતા. બાદમાં પોલીસે તેમને સમજાવતા મામલો થાળે પડયો હતો.

કતારગામ પોલીસે ગણતરીના કલાકોમાં ત્રણ આરોપીઓ અશ્વિન સોલંકી, હિતેશ સોલંકી અને પ્રફુલ સોલંકીને ઝડપી લીધા હતા. આરોપીઓની પ્રાથમિક પૂછપરછમાં મહિલા સાથેના અનૈતિક સંબંધના કારણે બિલ્ડર વિપુલની હત્યા કરવામાં આવી છે. વિપુલ પોતાની બાઈક લઈને કતારગામના જે કેપી નગર ખાતે આવ્યો હતો. આરોપીઓ તમામ જેકેપી નગર ખાતે જ રહે છે. ઝડપાયેલા આરોપીઓ પૈકી પ્રફુલ સોલંકી વકીલ છે. જ્યારે આ હત્યામાં સંડોવાયેલા અન્ય ત્રણ આરોપીઓ અજય સોલંકી પ્રવીણ સોલંકી અને કુલદીપ પટેલ હજુ ફરાર છે. આરોપીઓને સાથે રાખીને ઘટનાનું રિકન્સ્ટ્રક્શન પણ કરવામાં આવ્યું હતું.

# કાંકરિયા પરિસરમાં ત્રણ મહિનામાં નવી બે ટોય ટ્રેન દોડશે

### કિડ્સ સિટી અને બાલવાટીકા પાસે ટોય ટ્રેન માટે નવા બે સ્ટેશન બનાવાશે, ટ્રેનમાં તમામ ઓપન કોચ રહશે

**અમદાવાદ, તા.13**

અમદાવાદના ફરવાલાયક સ્થળોમાં સૌથી જાણીતા એવા કાંકરિયા લેકફ્રન્ટ પરિસરમાં અટલ એક્સપ્રેસ ટ્રેન ચલાવવામાં આવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હવે નવી બે ટોય ટ્રેન શરૂ કરવામાં આવશે. કિડ્સ સિટી અને બાલવાટીકા પાસે પણ આ ટોય ટ્રેન માટે નવા બે સ્ટેશન બનાવવામાં આવશે. જેથી બંને જગ્યાએથી લોકો ટ્રેનમાં બેસી કાંકરિયાની મજા માણી શકશે. આગામી ત્રણ મહિનામાં આ ટ્રેન શરૂ થાય તેવી શક્યતા છે.



આ અંગે સ્ટેન્ડિંગ કમિટિ ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, કાંકરિયા પરિસરમાં હજારોની સંખ્યામાં લોકો આવે છે. ખાસ કરીને કાંકરીયામાં શરૂ કરવામાં આવેલી ટોય ટ્રેનની મજા નાના બાળકોથી લઈ મોટા લોકો પણ વધારો થાય તે માટે નવી બે ટોય ટ્રેન માટે મંજૂરી આપી છે. બે ટોય ટ્રેન તૈયાર થઈને આગામી બેથી ત્રણ મહિનામાં કાંકરીયા ખાતે આવી પહોંચશે. જે બાદ નાગરીકોને વધુ આધુનિક અને સુરક્ષીત ટોય ટ્રેનની સફર માણી શકશે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ. 3.54 કરોડના ખર્ચે ટ્રેન ખરીદવામાં આવી રહી છે. આ નવી ટોય ટ્રેન બનાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મંજૂરી આપીને ઓર્ડર આપી દીધો છે. જે આગામી 3 મહિનામાં તૈયાર થઈને આવે તેવી શક્યતા છે. ત્યારે આ ટોય ટ્રેન ઉનાળાના વેકેશન પહેલા જ શરૂ થઈ જશે. જેથી કાંકરીયામાં ફરવા આવતા સહેલાણીઓને વધુ એક નજરાણું મળશે.

આ નવી ટોય ટ્રેનનો લુક તો હાલની ટ્રેન જેવો જ રાખવામાં આવ્યો છે. બંને ટ્રેનના એન્જિન વધુ મજબુત, ક્ષમતાપુર્ણ અને ઈલેક્ટ્રિક એન્જિનથી ચાલતા હશે. હાલ સાદુ એન્જિન છે તેને બદલે આ યુકે ટેકનોલોજીથી સજ્જ એન્જિન તૈયાર કરાશે. ટ્રેનના તમામ ઓપન કોચ રહશે. તે સિવાય આ ટ્રેનની 5 વર્ષની ગેરંટી વોરંટી રહેશે. સુત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર હાલ ખોડલ કોર્પોરેશન જે.વી. દ્વારા દેશમાં ટ્રેન બનાવવામાં આવે છે.

# સુંદરમ ફાઈનાન્સ દ્વારા અમદાવાદ ખાતે એક અનોખા ગ્રાહક સંમેલન 'સુંદરમ સર્કલ'નું આયોજન કરાયું...

**અમદાવાદ, તા.13**

વર્તમાન યુગમાં મોટાભાગના સંવાદો ડિજિટલ પ્લેટફોર્મ તરફ વળી ગયા છે તેવા સમયમાં, સુંદરમ ફાઈનાન્સે અમદાવાદ ખાતે સુંદરમ સર્કલ નામના એક અનોખા ગ્રાહક સંમેલનનું આયોજન કરીને માણસ સાથે માણસના જોડાણ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાની ફરી પુષ્ટિ કરી છે. “જ્યાં વારસો અને વફાદારી મળે છે - અને આગામી પેઢીને આવકારે છે” થીમ આધારિત આ કાર્યક્રમમાં લાંબા સમયથી જોડાયેલા કોમર્શિયલ વાહન ગ્રાહકો અને તેમની આગામી પેઢીને જોડાણ, પ્રતિબિંબ અને ભવિષ્યલક્ષી સંવાદ-સંધ્યા દ્વારા એક મંચ પર ભેગા કરવામાં આવ્યા હતા. લગભગ 40 ગ્રાહકોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કંપનીના ટોચના અધિકારીઓએ ભારપૂર્વક કહ્યું હતું કે, અત્યારે દુનિયા વર્ચ્યુઅલ સુવિધા તરફ આગળ વધી રહી છે, ત્યારે સુંદરમ ફાઈનાન્સ નિરંતર વ્યક્તિગત જોડાણોની શક્તિને મહત્વ આપે છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, “સંબંધો સ્ક્રીન પર નથી બંધાતા - તેનું જતન તો હાથ મિલાવવાથી, સ્મિત કરવાથી અને સાથે મળીને સમય વિતાવવાથી થાય છે”. આ વિચારધારા અમારા સ્થાપક શ્રી ટી.એસ. સંથાનમના માર્ગદર્શક મંત્ર “સંપર્ક. સંપર્ક. સંપર્ક”નો પડઘો પાડે છે – જે કાયમી ગ્રાહક સંબંધોનો પાયો છે. ગ્રાહક-કેન્દ્રિતતા ટ્રેન્ડમાં હતી તેના ઘણાં સમય પહેલાં, અમારા સ્થાપકના પિતા શ્રી સુંદરમ આયંગરે 1924ની શરૂઆતમાં બસ પરિવહનમાં આવી ઘણી પહેલ કરી હતી.



આ સમગ્ર કાર્યક્રમ સુંદરમ ફાઈનાન્સની 360 પ્રતિબદ્ધતાને રજૂ કરે છે - જે ગ્રૂપની કંપનીઓ: સુંદરમ ફાઈનાન્સ, સુંદરમ હોમ, સુંદરમ મ્યુચ્યુઅલ, રોયલ સુંદરમ, સુંદરમ બિઝનેસ સર્વિસીસ અને સુંદરમ અલ્ટરનેટર્સ દ્વારા વ્યાપક ઉકેલો પૂરા પાડે છે. આ 360 અભિગમ વ્યવહારોથી આગળ પણ વિશેષ છે. સુંદરમ ફાઈનાન્સ રોજિંદા જોડાણના વ્યવસાયમાં છે - જ્યાં ભાગીદારી આજીવિકાને શક્તિ આપે છે, વ્યવસાયોને ટેકો આપે છે અને સપનાંને આકાર આપવામાં મદદ કરે છે. ગ્રૂપનું કાર્ય આરોગ્ય, શિક્ષણ, સંસ્કૃતિ અને ટકાઉપણામાં CSR પહેલ દ્વારા પૂરક છે, જેમાં તેની ગ્રીન ટાસ્ક ફોર્સનો સમાવેશ થાય છે. આ ગ્રીન ટાસ્ક ફોર્સ અંતર્ગત લાંબા ગાળાની પર્યાવરણીય અસર પર ધ્યાન આપવામાં આવે છે.

ગ્રાહક સંમેલનમાં વરિષ્ઠ નેતૃત્વ દ્વારા સંબોધન, આગામી પેઢીના ઉદ્યોગસાહસિકો અને વ્યવસાય માલિકો સાથે વાતચીત અને સુંદરમ ફાઈનાન્સ અને ગ્રૂપના સોલ્યુશન્સ કેવી રીતે બદલાતી જરૂરિયાતોને પૂર્ણ કરે છે તેના પર ચર્ચાઓ સામેલ હતી. અગ્રણીઓએ લાંબા સમયથી ગ્રાહકોને

કંપની સાથેના તેમના કાયમી જોડાણને માન આપીને ખાસ સન્માન સ્મૃતિચિહ્નો એનાયત કર્યા હતા. લાંબા સમયથી ગ્રાહકોએ તેમની સફર શેર કરી હતી, જ્યારે પહેલી વાર હાજરી આપનારા લોકોએ કંપનીના સંબંધ આધારિત અભિગમનો અનુભવ કર્યો હતો - આ એક એવી ઓળખ છે જેના કારણે સુંદરમ ફાઈનાન્સ આજના ઝડપી ગતિએ આગળ વધી રહેલા વ્યવહારિક બજારમાં અલગ તરી આવે છે. આ મિલન સંધ્યાના સમાપનમાં સુંદરમ ફાઈનાન્સે ફક્ત આગામી વ્યવહાર પૂરતા જ નહીં, પરંતુ દરેક ગ્રાહકની સફરમાં આગામી ક્ષણ માટે તેમની સાથે કાયમી ભાગીદાર બનવાની પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. સુંદરમ ફાઈનાન્સની સ્થાપના 1954માં કરવામાં આવી હતી અને હાલમાં, ભારતમાં સૌથી ભરોસાપાત્ર અને વૈવિધ્યસભર નાણાકીય સેવા ગ્રૂપમાંથી એક તરીકે તેની ગણતરી થાય છે જે કોમર્શિયલ વાહનો, કાર અને ઉપયોગિતા વાહનો, ટ્રેક્ટર અને કૃષિ સાધનો, બાંધકામ સાધનો, SME ફાઈનાન્સ અને ડીઝલ, ટાયર, વીમા તેમજ SME માટે કાર્યકારી મૂડી માટે કાર્યકારી મૂડી ઉત્પાદનોની શ્રેણી માટે ધિરાણ પૂરું પાડે છે. કંપની પોતાની પેટાકંપનીઓ અને ગ્રૂપ કંપનીઓ દ્વારા હોમ ફાઈનાન્સ, મિલકત સામે લોન, મ્યુચ્યુઅલ ફંડ્સ અને રોકાણ વ્યવસ્થાપન ઉકેલો અને સામાન્ય વીમા ઉત્પાદનો અને સેવાઓની સંપૂર્ણ રેન્જ પૂરી પાડે છે. સમગ્ર દેશમા તેની 700 થી વધુ શાખાઓથી પોતાની હાજરી ધરાવે છે અને, 1 લાખથી વધુ થાપણદારો અને 5 લાખથી વધુ ધિરાણ આપનારા ગ્રાહકો છે.

સુંદરમ ફાઈનાન્સનું વિઝન દેશની સૌથી આદરણીય NBFC બનવાનું છે અને તેનું મિશન કંપનીના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને નાના અને મોટા એમ તમામ પ્રકારના ગ્રાહકોને સુંદરમનો અનુભવ ડિલિવર કરવાનું છે. સુંદરમ ફાઈનાન્સ ગુણવત્તા અને નફાકારકતા સાથે વૃદ્ધિનું સંતુલન જાળવી રાખવાની વિચારધારા રાખે છે અને શેરધારક મૂલ્યનું રક્ષણ અને વૃદ્ધિ કરવાનો તેનો મૂળ આદર્શ છે. કંપનીની આધારભૂત વિચારધારા એ છે કે, બધું જ ગ્રાહકથી શરૂ થાય છે. અમારા સ્થાપક, સ્વ. શ્રી ટી. એસ. સંથાનમે, કંપનીમાં તેના મુખ્ય મૂલ્યો - ધ સુંદરમ વે - ને સ્થાપિત કર્યા છે જે દાયકાઓથી કંપનીના માર્ગદર્શક પ્રકાશ રહ્યા છે. કંપની તેના મૂલ્યોમાં ઊંડાણપૂર્વક મૂળ ધરાવે છે અને પોતાના વારસાનું ગૌરવ અનુભવે છે, તેના ગ્રાહકો અને હિતધારકો સુધી સુંદરમનો અનોખો અનુભવ પહોંચાડવા માટે ટેકનોલોજી અને પ્રક્રિયાઓના સંદર્ભમાં સતત નાવીન્યતા પણ કરી રહી છે.

# ઉત્તરાયણમાં સુરક્ષા માટે 10 હજાર સ્ટીકરોનું વિતરણ: જાહેર સ્થળોએ સુરક્ષા સૂચનાઓવાળા સ્ટીકરો લગાવાયા

**અમદાવાદ, તા.13**

ઉત્તરાયણના તહેવાર દરમિયાન ચાઈનીઝ દોરીનો ઉપયોગ, છાપરા ઉપર તેમજ જર્જરિત મકાનો ઉપર પતંગ ઉડાવવા, જાહેર રોડ ઉપર પતંગ ઉડાવવા અને રોડ પર દોડીને પતંગ પકડવામાં આવતા હોય છે, જેના કારણે દુર્ઘટનાઓ સર્જાતી હોય છે. ઉત્તરાયણના તહેવાર દરમિયાન નાગરિકોની સુરક્ષા અને સલામતીનું જાગૃતતા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત કુલ 10,000 જાગૃતિ પોસ્ટરો/સ્ટીકરો છપાવી અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં વિતરણ કરવામાં આવ્યા છે. ઉત્તરાયણના તહેવાર દરમિયાન સલામતી માટે શું અને કેવી રીતે ધ્યાન રાખવું તેની સૂચના આપવામાં આવી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી તથા ફાયરબ્રિગેડ સહયોગથી ઉત્તરાયણ દરમિયાન જાહેર સુરક્ષા જાગૃતિ માટે વ્યાપક અભિયાન હાથમાં લગાવવામાં આવેલા સ્ટીકરોમાં ઉત્તરાયણમાં વહેલી સવારે 6 વાગ્યા પહેલા અને સાંજે 6 વાગ્યા પછી પતંગ ન ઉડાવવા, ચાઈનીઝ દોરીનો ઉપયોગ ટાળવા, ગીચ વિસ્તારોમાં પતંગ ન ઉડાવવા, જર્જરિત કે જોખમી છતો પર પતંગ ન ઉડાડવા, ખુલ્લા મેદાનમાં પતંગ ઉડાડવો, પતંગબાજી દરમિયાન પ્રાથમિક સારવારની કીટ સાથે રાખો, બાળકોની દેખરેખ રાખવા, રસ્તા પર વાહન ચલાવતી વખતે સાવચેતી રાખવા, પતંગ પકડવાનાં જોખમી પ્રયાસો ન કરવા, તેમજ પક્ષીઓ અને પર્યાવરણની સુરક્ષા જાળવવા અંગેની અપીલ કરવામાં આવી છે. કોઈપણ ઈમરજન્સી પરિસ્થિતિમાં 112 નંબર પર તાત્કાલિક સંપર્ક કરવા તથા ઈજાગ્રસ્ત પક્ષીઓ માટે પશુ સારવાર કેન્દ્ર - 1962 પર સંપર્ક કરવાની સૂચના પણ સ્ટીકરોમાં આપવામાં આવી છે.

આ સ્ટીકરો અમદાવાદ ટ્રાફિક વિભાગ, અમદાવાદ ફાયર બ્રિગેડ, અમદાવાદ સિવિલ ડિફેન્સ, અમદાવાદ 108 મેડિકલ સર્વિસીસ, અમદાવાદ મેન્ટલ હોસ્પિટલ (નમસ્કાર સર્કલ) તેમજ અન્ય જાહેર સ્થળો અને સરકારી એકમોમાં મોકલી આપવામાં આવ્યા છે. આ ઉપરાંત તમામ ફાયર સ્ટેશનો, 108 વિભાગો, સિવિલ ડિફેન્સ, સરકારી શાળાઓ તથા અન્ય પબ્લિક પ્લેસ પર પણ આ સ્ટીકરો વિતરણ કરવામાં આવ્યા છે.




## ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલમાં રિમોટવાળી પતંગે રંગ જમાવ્યો

# અમેરિકા સહિત 18 દેશના 52 પતંગબાજો વડોદરામાં આવ્યા, વિદેશીઓએ કહ્યું: અહીંના લોકોની મહેમાનગતિ અનોખી....

**વડોદરા, તા.13**

વડોદરા શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ નવલખી મેદાનમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. જેમાં 18 દેશના 52 તેમજ 11 રાજ્ય અને સ્થાનિક 100 પતંગબાજ અવનવી અને રંગબેરંગી પતંગો ઉડાવી રહ્યા છે. સાંજે 4 વાગ્યા સુધી પતંગોત્સવ ચાલશે. વડોદરા શહેરના નવલખી મેદાન ખાતે મહાનગરપાલિકા અને ગુજરાત ટુરિઝમ વિભાગ દ્વારા આયોજિત કરાયેલા પતંગ મહોત્સવમાં ઓસ્ટ્રેલિયા, બેલ્જિયમ, બલ્ગેરિયા, બ્રાઝિલ, ચીલી, કોલમ્બિયા, ડેનમાર્ક, રિપબ્લિક ઓફ કોરિયા, લેબેનોન, લિથુઆનિયા, નેપાલ, રશિયન ફેડરેશન, સિંગાપોર, સાઉથ આફ્રિકા, સ્વીડન, થાઈલેન્ડ, યુક્રેન અને અમેરિકાના 52 પતંગ બાજો ભાગ લેશે. આ ઉપરાંત ભારતના બિહાર, ઓરિસ્સા, સિક્કિમ, રાજસ્થાન, તામિલનાડુ સહિત સ્થાનિક 100 પતંગબાજો ભાગ લીધો. વડોદરાના પતંગબાજ પ્રિન્સ પંચાલે જણાવ્યું હતું કે, મેં જે પતંગ બનાવી છે તેને ’રેડિયો કન્ટ્રોલ્ડ’ (RC) કાઈટ કહેવામાં આવે છે. આ પતંગ સંપૂર્ણપણે રિમોટ કન્ટ્રોલ દ્વારા નિયંત્રિત કરી શકાય છે. તેને આપણે



હવામાં 1 કિલોમીટરની રેન્જ સુધી આરામથી ઉડાવી શકીએ છીએ. ઘણીવાર પતંગ ઉત્સવ દરમિયાન પવન ન હોય ત્યારે લોકો નિરાશ થઈને બેસી જાય છે. પરંતુ આ પતંગ સાથે પવનની જરૂર પડતી નથી, ગમે ત્યારે ઉડાવીને પૂરેપૂરો આનંદ માણી શકાય છે. આ ઉપરાંત સામાન્ય પતંગની દોરીથી પક્ષીઓને ઈજા થતી હોય છે. આ પતંગ રિમોટથી ચાલતી હોવાથી હવામાં ઊડતા પક્ષીઓને કોઈ નુકસાન થતું નથી, જે પર્યાવરણની દ્રષ્ટિએ પણ સારું છે. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભાગ લેવા આવેલી ડેનમાર્કની પતંગબાજ એમ્માએ જમાવ્યું હતું કે, અહીંનો પતંગ ઉત્સવ ખૂબ જ સરસ છે! અહીંના રંગો ખૂબ જ સરસ છે અને લોકોમાં ગજબનો ઉત્સાહ જોવા મળે છે. અમે પણ એટલા જ ઉત્સાહિત છીએ અને અમે અમારી સાથે જે પતંગો લાવ્યા છીએ તે અહીંના લોકોને બતાવવા માટે હવે અમે વધુ રાહ જોઈ શકતા નથી. વડોદરાના સાંસદ ડૉ. હેમાંગ જોષીએ જણાવ્યું હતું કે, છેલ્લા એક દાયકાથી વધુ સમયથી વડોદરામાં ’આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ’નું આયોજન થતું આવ્યું છે. આ પતંગ મહોત્સવ એ ગુજરાતની સંસ્કૃતિ અને પરંપરાને વિશ્વ ફલક પર પહોંચાડવા માટેનો એક ઉત્તમ પ્રયાસ છે. આ મહોત્સવ આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું એક ‘વિચારબીજ’ હતું, જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા. આજે આપણે જોઈ શકીએ છીએ કે વડોદરા ખાતે વિવિધ દેશોના પતંગ રસિયાઓ અવનવા પતંગો સાથે અહીં આવ્યા છે અને પતંગબાજીની મજા માણી રહ્યા છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, આ મહોત્સવને સફળ બનાવવામાં ગુજરાત સરકાર, ગુજરાત ટુરીઝમ, વડોદરા મહાનગરપાલિકા અને સ્થાનિક વહીવટી તંત્રનો ખૂબ મોટો ફાળો છે.